વર્ષઃ 5 અંકઃ 17
1-15 માર્ચ, 2025 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (6 માર્ચ) વિશેષ




## નારી શક્તિ

# નવા ભારતની પથ પ્રદર્શક

આઝાદીના સ્વર્ણિમ વર્ષ તરફ આગેકૂચ કરી રહેલા ભારતમાં નારી શક્તિ પથ પ્રદર્શક તરીકે દેશને નવી દિશા આપી રહી છે

# દાંડી આઝાદીની લડાઈનો એક મહત્વપૂર્ણ પડાવ




**મીઠાના કાયદાના વિરોધમાં કાઢવામાં આવેલી દાંડી કૂચ આ વર્ષે 12 માર્ચના રોજ 95મી વર્ષગાંઠ પૂર્ણ કરી રહી છે. આ કૂચ દ્વારા મહાત્મા ગાંધીએ અંગ્રેજો દ્વારા ઘડવામાં આવેલા મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો અને તે સત્તાને પડકાર ફેંક્યો હતો જેના વિશે એવું કહેવામાં આવતું હતું કે, તેના સામ્રાજ્યમાં ક્યારેય સૂરજ આથમતો નથી. આ યાત્રા ગુજરાતના અમદાવાદ નજીક આવેલા સાબરમતી આશ્રમથી શરૂ થઈ હતી અને નવસારીના એક નાનકડા ગામ દાંડી સુધી ગઈ હતી. દાંડી કૂચને ભારતની આઝાદીની લડાઈનો એક મહત્વપૂર્ણ પડાવ માનવામાં આવે છે...**



**"અમૃત મહોત્સવ કાર્યક્રમનો પ્રારંભ સાબરમતી આશ્રમથી કરવામાં આવ્યો હતો. આ સ્થળેથી જ દાંડી કૂચ શરૂ થઈ હતી. તે પદયાત્રાએ ભારતના લોકોમાં ગૌરવ અને આત્મનિર્ભરતાની ભાવનાને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. 'વોકલ ફોર લોકલ' અપનાવવામાં આવે તે બાપુ અને આપણા મહાન સ્વાતંત્ર્ય ય સેનાનીઓ પ્રત્યે એક અદ્‌ભૂત શ્રદ્ધાંજલિ છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ: 5 | અંક: 17 | 1-15 માર્ચ, 2025



મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

સલાહકાર સંપાદક
વિભોર શર્મા

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

ચીફ ડિઝાઈનર
શ્યામ તિવારી

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia


## અંદરના પાને...





વર્ષ 2036 સુધીમાં, ભારતની વસ્તી 152.2 કરોડ સુધી પહોંચી જશે અને તેમાંથી આશરે 75 કરોડ વસ્તી મહિલાઓની હશે. જો તેમને યોગ્ય તકો પ્રાપ્ત થાય, તો ભારત બમણી ગતિએ આગળ વધી શકે છે. આવા દષ્ટિકોણ સાથે જ, દેશની અડધી વસ્તીના સામર્થ્યને ઓળખીને, છેલ્લા દાયકાથી તેમને સામાજિક, રાજકીય અને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે પહેલ કરવામાં આવી છે... | 12-25

**"ડર લાગતો હોય તે વિષય પહેલા પૂરો કરો"**




આ આયોજનમાં અનૌપચારિક સંવાદ દરમિયાન પીએમ મોદીએ વિદ્યાર્થીઓ સાથે અનેક વિષયો પર ચર્ચા કરી | 7-11

**વિકસિત ભારતની તસવીર 'બચત પણ, વિકાસ પણ' મોડલ**



રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવના સમર્થનમાં પીએમ મોદીએ 10 વર્ષના કાર્યકાળ દરમિયાન લેવાયેલા મહત્વના નિર્ણયોનો ઉલ્લેખ કર્યો | 26-29

સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ – મેજર સંદીપ ઉન્નીકૃષ્ણન
મુંબઈ 26/11ના હુમલામાં આતંકીઓ સામે લડતી વખતે શહીદ થયા | 6

ઈન્ડિયા એનર્જી વીક: વિકસિત ભારત માટે ઊર્જા ક્ષેત્ર મહત્વપૂર્ણ
વિકાસને પ્રોત્સાહન આપવાની સાથે જ પ્રકૃતિને સમૃદ્ધ બનાવી રહેલ ભારત | 30-31

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નું અમલીકરણ
સુલભતા અને સમાવેશીતાને પ્રોત્સાહન | 32-34

ભારત ટેક્સ: વિકસિત ભારતની સંભાવનાઓનું દર્શન
ભારત મંડપમમાં ભારત ટેક્સ – 2025માં 120 કરતાં વધારે દેશોની સહભાગીતા | 40-41

વિકસિત ભારતનો અસલ પાયો છે વિશ્વાસ
ET નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટમાં પીએમ મોદીનું સંબોધન | 42-43

કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો
કૌશલ્ય ભારત કાર્યક્રમ બે વર્ષ સુધી લંબાવાયો | 44

**અમેરિકા-ફ્રાન્સનો પ્રવાસ**




પીએમ મોદીએ મેક અમેરિકા ગ્રેટ અગેઈનની સાથે મેક ઈન્ડિયા ગ્રેટને જોડીને નેશન ફર્સ્ટને સૌથી આગળ રાખ્યું...

ભારત-ફ્રાન્સ સાથે મજબૂત થઈ રહેલો સહયોગ... | 35-39



પ્રકાશક અને મુદ્રક – યોગેશ કુમાર બવેજા, મહાનિદેશક, CBC (કેન્દ્રીય સંચાર બ્યૂરો) | મુદ્રણ: ચંદુ પ્રેસ, 469, પટપરગંજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દિલ્હી 110 092 | પત્રવ્યવહાર અને ઈમેઈલ માટેનું એડ્રેસ: રૂમ નંબર 316, નેશનલ મીડિયા સેન્ટર, રાયસીના રોડ, નવી દિલ્હી – 110001 | ઈમેઈલ – response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે...

## નવા ભારતના વિકાસ ચક્રમાં વધી નારી શક્તિની ભાગીદારી

સાદર નમસ્કાર,

આપ સૌને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ - 2025ની શુભકામનાઓ. એ એક નિર્વિવાદ સત્ય છે કે જ્યારે મહિલાઓ સમૃદ્ધ થાય છે, ત્યારે દુનિયા સમૃદ્ધ થાય છે. આવી સ્થિતિમાં, મહિલાઓનું સશક્તિકરણ કરવું એ માત્ર નૈતિક અનિવાર્યતા જ નથી, પરંતુ સામાજિક વિકાસ માટે પણ એક વ્યૂહાત્મક આવશ્યકતા છે. આ દૃષ્ટિકોણ સાથે ભારત સરકારે દેશમાં મહિલા સશક્તિકરણને પ્રાથમિકતા આપી છે. વર્ષ 2014થી મહિલાઓનું સશક્તિકરણ કરવા માટે વિવિધ પ્રકારની યોજનાઓ શરૂ કરીને, દરેક તબક્કે તેમના માટે ખાસ નીતિઓ અને યોજનાઓ તૈયાર કરવામાં આવી છે, જેથી મહિલા શક્તિનો વિકાસ થવાની સાથે સાથે, મહિલા શક્તિના નેતૃત્વમાં થતો વિકાસ નવા ભારતની આધારશીલા બને.

નવા ભારતના વિકાસ ચક્રમાં મહિલાઓની ભાગીદારીમાં સતત વધારો થઈ રહ્યો છે. જ્યારે કોઈ મહિલા કોઈ પણ જવાબદારી ઉપાડે છે, ત્યારે તે સંકલ્પને ફળીભૂત કરવા માટે પોતાનો જીવ રેડીને શક્ય હોય તેવા તમામ પ્રયત્નો કરે છે. આવી સ્થિતિમાં, દરેક વ્યક્તિની જવાબદારી છે કે સશક્તિકરણની આ યાત્રાને ઝડપી ગતિએ આગળ ધપાવે જેથી અમૃતકાળમાં મહિલા શક્તિનો ઉદય સુનિશ્ચિત થઈ શકે. કેન્દ્ર સરકાર એવું માને છે કે, નારી શક્તિ પ્રત્યે આદરનો અભિગમ ફક્ત એક પ્રતીકરૂપ ન હોવો જોઈએ પરંતુ દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી અને નેતૃત્વ સુનિશ્ચિત કરવું જોઈએ જેથી તેઓ ભારતની સમૃદ્ધિ તરફની યાત્રામાં સક્રિયપણે ભાગ લઈ શકે.

ભારતની વિકાસ યાત્રા, દેશની મહિલાઓના સશક્તિકરણ સાથે અભિન્ન રીતે જોડાયેલી છે. આ મહત્વપૂર્ણ સંબંધને ઓળખીને, કેન્દ્ર સરકારે છેલ્લા દાયકાથી નારી સશક્તિકરણને તેના કાર્યોની સૂચિમાં ટોચ પર રાખ્યું છે. આ પ્રયાસોનું પરિણામ એ આવ્યું છે કે, નારી શક્તિ આજે નવા ભારતની પથ પ્રદર્શક બનીને ઉભરી આવી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આ વિષય આપણી કવર સ્ટોરીમાં સમાવી લીધો છે.


આ ઉપરાંત, વ્યક્તિત્વ શ્રેણીમાં, અશોક ચક્ર પુરસ્કારથી સન્માનિત મેજર સંદીપ ઉન્નીકૃષ્ણન, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો, વિદ્યાર્થીઓના મનોબળમાં વધારો કરતી પરીક્ષા પે ચર્ચા, સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો જવાબ સામેલ છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા અમેરિકા અને ફ્રાન્સની મુલાકાત સહિત આખા પખવાડિયા દરમિયાનના તેમના અન્ય કાર્યક્રમોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ મેગેઝિનના અંદરના પાનાઓ 12 માર્ચે દાંડી કૂચની વર્ષગાંઠ નિમિત્તે વિશેષ સામગ્રી આપવામાં આવી છે અને પાછળના કવર પર 3 માર્ચે ઉજવાતા વિશ્વ વન્યજીવન દિવસને સમાવી લેવામાં આવ્યો છે.

આપના સૂચનો અમને મોકલતા રહો.

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝિન વાંચો/ડાઉનલોડ કરો.**
**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...




## સિદ્ધિ અને વિકાસ વિશે અમૂલ્ય માહિતી મળે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન સિવિલ સર્વિસીસ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. આ મેગેઝિન રાષ્ટ્રીય નીતિ, સરકારે હાંસલ કરેલી સિદ્ધિઓ અને વિકાસ વિશે અમૂલ્ય માહિતી અને અપડેટ્સ પ્રદાન કરે છે, જે વિદ્યાર્થીઓ માટે મદદરૂપ સાબિત થાય છે.

ધનરાજ ઉમાપતિ

bharathipayilagamiasacademy@gmail.com

## આ મેગેઝિનમાં ઉપયોગી અને તથ્યપૂર્ણ માહિતી મળે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનના કેટલાક પાના મને મારા મિત્રના મોબાઈલ પર વાંચવા મળ્યા હતા. તેમાં ઘણી ઉપયોગી અને તથ્યપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ મેગેઝિન મને ખૂબ જ સરસ લાગ્યું. હું આ મેગેઝિનનો નિયમિત વાચક રહેવા માંગુ છું.

અભિષેક કુમાર

abhishekkumar108005@gmail.com

## તાલીમ અને સામુદાયિક વિકાસમાં ઉપયોગી મેગેઝિન

તાજેતરમાં જ મેં એક NGOની નોંધણી કરાવી છે. ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન ખૂબ સારું છે. આમાં આપવામાં આવતી માહિતી તાલીમ અને સામુદાયિક વિકાસ માટે અમારા માટે ખૂબ જ ઉપયોગી છે. મારી સંસ્થામાં અને અહીં આવતા લોકોમાં આ મેગેઝિન પ્રત્યે ઘણો રસ જોવા મળે છે.

aswaddilipingle@gmail.com

## દેશને જોડતું અને ઊર્જા પ્રદાન કરતું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન

મને તમારું મેગેઝિન "ન્યૂ ઈન્ડિયા સમાચાર" વાંચવાનો મોકો મળ્યો. તેમાં પ્રકાશિત થયેલા વિવિધ લેખો દ્વારા મને ખૂબ જ મૂલ્યવાન માહિતી મળી છે. સાથે જ, મને ભારત સરકારના મહત્વપૂર્ણ કાર્યો વિશે પણ માહિતી પ્રાપ્ત થઈ. આ મેગેઝિન આપણને આપણા દેશ સાથે જોડે છે, ઊર્જા પ્રદાન કરે છે અને સાથે સાથે યોગ્ય માર્ગદર્શન પણ પૂરું પાડે છે.

sharmakrishna58668@gmail.com

## ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન સાંપ્રત ઘટનાઓથી અવગત કરે છે

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન દ્વારા બધી સાંપ્રત ઘટનાઓથી વાકેફ રહું છું. હું સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી દરેક યોજના વિશે વિગતવાર જાણી શકું છું. હું તે બધી માહિતી મારી ઓફિસમાં અને અન્ય જગ્યાએ લોકો સાથે પણ શેર કરું છું. તે વિદ્યાર્થીઓને શીખવા માટે પ્રેરિત કરે છે. આ મેગેઝિન દ્વારા, પરીક્ષાર્થીઓને ભારતના વિકાસ અને પ્રગતિ વિશે માહિતી મેળવવામાં ઘણી મદદ મળે છે.

manishkhandelwal002@gmail.com


પત્રવ્યવહાર અને ઈ મેઈલ માટેનું એડ્રેસઃ રૂમ નં-316, નેશનલ મીડિયા સેન્ટર, રાયસિના રોડ, નવી દિલ્હી - 110001 | ઈમેઈલ - response-nis@pib.gov.in

ન્યૂ ઈન્ડિયા સમાચાર ને આકાશવાણી પર સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

સમાચાર-સાર

## જમ્મુ-કાશ્મીરમાં ઝીરો ટેરર પ્લાન માટે નક્કર પગલાં

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં દિલ્હીમાં એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં, ગૃહ મંત્રી અમિત શાહે BSFને ચુસ્ત દેખરેખ રાખવા, સરહદ ગ્રીડને મજબૂત બનાવવા તેમજ દેખરેખ અને સરહદની સુરક્ષા માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય સરહદો પર "શૂન્ય ઘૂસણખોરી" સુનિશ્ચિત કરવા માટે નિર્દેશો આપ્યા હતા. આતંકવાદીઓને પૂરા પાડવામાં આવતા ભંડોળ પર દેખરેખ રાખવી, નાર્કો-આતંકવાદી બાબતો પર કડક પકડ રાખવી તેમજ જમ્મુ અને કાશ્મીરમાં સમગ્ર આતંકવાદી ઈકોસિસ્ટમને નાબૂદ કરવી એ કેન્દ્ર સરકારની પ્રાથમિકતાઓ છે. જમ્મુ અને કાશ્મીરમાં ઝીરો ટેરર પ્લાન માટે મજબૂત પગલાં લેવામાં આવી રહ્યાં છે. કેન્દ્રએ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદને નાબૂદ કરવા માટે તમામ સુરક્ષા એજન્સીઓને સતર્ક રહેવા અને સંકલનમાં કામ કરવાનું ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો છે. કેન્દ્ર સરકારે તમામ જરૂરી સંસાધનો પૂરા પાડવાની ખાતરી આપી છે.



## ભારત બન્યું દુનિયાનું બીજું સૌથી મોટું મોબાઈલ નિર્માતા



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈન્ડિયા' વિઝન સાથે, ભારત વૈશ્વિક વિનિર્માણનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. તેમાં ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓના ઉત્પાદનનું ખૂબ જ મોટું યોગદાન રહ્યું છે. વર્ષ 2014માં દેશમાં બે મોબાઈલ ઉત્પાદન એકમો હતા, તેની સરખામણીએ હવે આ સંખ્યા વધીને 300 કરતાં વધુ થઈ ગઈ છે. વર્ષ 2014-15માં, ભારતમાં વેચાતા મોબાઈલ ફોનમાંથી ફક્ત 26% ફોન અહીં બનાવવામાં આવતા હતા, જ્યારે બાકીના આયાત કરવામાં આવતા હતા. તેની સરખામણીએ આજે દેશમાં વેચાતા 99.2% મોબાઈલ ફોનનું ઉત્પાદન ભારતમાં જ કરવામાં આવે છે. વર્ષ 2014માં મોબાઈલ ફોન ઉત્પાદન ક્ષેત્રનું મૂલ્ય 18,900 કરોડ રૂપિયા હતું, જે વર્ષ 2024માં વધીને 4.22 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. 2014માં નિકાસનો આંકડો લગભગ નહીંવત હતો, જે હવે વધીને 1.29 લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. છેલ્લા દાયકામાં મોબાઈલ વ્યવસાયે દેશમાં લગભગ 12 લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન કર્યું છે.

## ત્રિવેણી આલ્બમ માટે ચંદ્રિકા કૃષ્ણમૂર્તિને ગ્રેમી એવોર્ડ

ભારતીય મૂળના અમેરિકન નાગરિક ચંદ્રિકા કૃષ્ણમૂર્તિ ટંડને સંગીતનું સૌથી પ્રતિષ્ઠિત સન્માન એવો ગ્રેમી એવોર્ડ જીતીને ફરી એકવાર સમગ્ર વિશ્વમાં સનાતન સંસ્કૃતિને ગૌરવ અપાવ્યું છે. જ્યારે દેશમાં મહાકુંભનું આયોજન થઈ રહ્યું હતું, તે જ સમયે અમેરિકાના લોસ એન્જલસમાં ગ્રેમી એવોર્ડ સમારંભ (સંગીત મહાકુંભ)નું આયોજન થઈ રહ્યું હતું. આ કાર્યક્રમમાં ચંદ્રિકાને વૈદિક મંત્રોથી ભરેલા ત્રિવેણી આલ્બમ માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંગીતકાર ચંદ્રિકા ટંડનને તેમના આલ્બમ ત્રિવેણી માટે ગ્રેમી એવોર્ડ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. પીએમ મોદીએ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે તેમની લાગણી, ઉદ્યોગસાહસિકતા, પરોપકાર અને સંગીતકાર તરીકે તેમના જુસ્સા સહિત તેમની સિદ્ધિઓની પ્રશંસા કરી હતી.



## પ્રાથમિક કૃષિ ધીરાણ મંડળીઓ પાસેથી હવે પેટ્રોલ અને ડીઝલ લઈ શકાશે

સરકારે સહકારી ક્ષેત્રમાં તેની ભૂમિકાનું વિસ્તરણ કરવાના ઉદ્દેશ્યથી પ્રાથમિક ક્ષેત્રની કૃષિ ધીરાણ મંડળીઓ (પેક્સ) પાસેથી છૂટક પેટ્રોલ અને ડીઝલ આઉટલેટ્સની સાથે સાથે LPG વિતરણ સંચાલિત કરવાની અનુમતિ આપી છે. આ સંદર્ભમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ગ્રામીણ છૂટક વેચાણની દુકાનોના ડીલરોની પસંદગી માટે સુધારેલા દિશા નિર્દેશો બહાર પાડ્યા છે. આજ ક્રમમાં, 25 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 286 પેક્સ દ્વારા પેટ્રોલ, ડીઝલના આઉટલેટ સ્થાપિત કરવા માટે ઑનલાઈન અરજી કરવામાં આવી છે જેમાંથી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ 26 પેક્સની પસંદગી કરી છે.

પેક્સને વ્યવહારુ બનાવવા માટે પેટા-કાયદાઓની જગ્યાએ



આ સમિતીઓને અત્યાર સુધીમાં 20થી વધુ ગતિવિધીઓ સાથે જોડવામાં આવી છે. હવે તેઓ સામાન્ય સેવા કેન્દ્રો, જન ઔષધિ કેન્દ્રો, રેલવે ટિકિટના બુકિંગ સહિત અન્ય સેવાઓ પૂરી પાડવાનું શરૂ કરી ચુકી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે સહકારિતા મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરીને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ટૂંક સમયમાં જ પેક્સ એરલાઈન્સની ટિકિટોનું વેચાણ પણ કરી શકશે.

## પીએમ સૂર્ય ઘર: એક વર્ષમાં 8.46 લાખ કરતાં વધુ પરિવારે લાભ મેળવ્યો

પીએમ સૂર્ય ઘર - મફત વીજળી યોજના દુનિયાની સૌથી મોટી ઘરેલું રૂફટોપ સૌર ઊર્જા યોજના છે. આ યોજનાએ ભારતની સૌર ક્રાંતિને સશક્ત બનાવીને સફળતાપૂર્વક એક વર્ષ પૂરું કર્યું છે. આ યોજનાથી છત પર સોલર પેનલ લગાવવાની સુવિધા આપીને ઘરોને મફત વીજળી પૂરી પાડવામાં આવે છે. આ યોજનાથી 27 જાન્યુઆરી 2025 સુધીમાં છત પર સૌર ઊર્જા લગાવવાથી 8.46 લાખ પરિવારોને લાભ મળ્યો છે. આ યોજનાથી લાભ મેળવનારા સૌથી વધુ પરિવારો ધરાવતા ટોચના રાજ્યોમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, કેરળ અને રાજસ્થાન સામેલ છે. માર્ચ 2027 સુધીમાં આ યોજનાનું વિસ્તરણ કરીને એક કરોડ ઘર સુધી પહોંચવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.

## રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ કરશે કૌશલ્ય વિકાસના ક્ષેત્રનું વિસ્તરણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર કૌશલ્ય વિકાસ પર નિરંતર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ જ ક્રમમાં, રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ (NSDC) દ્વારા તાજેતરમાં સમગ્ર દેશમાં કૌશલ્ય વિકાસની તકોનું વિસ્તરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કૌશલ્ય વિકાસ અને તાલીમ કાર્યક્રમોને આગળ ધપાવવા માટે 50 નવા ભવિષ્ય કૌશલ્ય કેન્દ્રો અને 10 NSDC આંતરરાષ્ટ્રીય એકેડમી સ્થાપિત કરવાની યોજના છે. ઉદ્યોગની જરૂરિયાતો અનુસાર 300થી વધુ કાર્યક્રમો ચલાવવામાં આવશે, જેમાં 12 મુખ્ય ઉભરતી ટેકનોલોજીઓને આવરી લેવામાં આવશે. તેનો ઉદ્દેશ 2.70 ચોરસ મીટર કેન્દ્રોમાં તાલીમ માળખાગત સુવિધાઓ સ્થાપિત કરીને 2 લાખથી વધુ વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો છે.

## ભારત બનશે વૈશ્વિક મનોરંજનનું કેન્દ્ર

ભારત સરકાર સર્જનાત્મકતા અને નવી શિક્ષણ વિદ્યાઓ પર સતત કામ કરી રહી છે. આજ શ્રેણીમાં, મનોરંજન, સર્જનાત્મકતા અને સંસ્કૃતિની દુનિયાને એક સાથે લાવવા માટે વર્લ્ડ ઑડિઓ/વિઝ્યુઅલ અને મનોરંજન સંમેલન (વેવ્સ)ના સલાહકાર બોર્ડની અધ્યક્ષતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરી હતી. આ બેઠકમાં વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ એ તેમનું સમર્થન વ્યક્ત કર્યું હતું અને ભારતને વૈશ્વિક મનોરંજનનું કેન્દ્ર બનાવવા માટેના પ્રયાસોને આગળ વધારવાની દિશામાં બહુમૂલ્યવાન સૂચનો પણ આપ્યા હતા. વેવ્સનું મુખ્ય આકર્ષણ ક્રિએટ ઈન ઈન્ડિયા ચેલેન્જ છે, જેના માટે દરરોજ 70,000થી વધુ સહભાગીઓએ અરજીઓ મોકલી છે. તેના મુખ્ય કાર્યક્રમોમાં એનિમેશન ફિલ્મ મેકિંગ સ્પર્ધાઓ, ટ્રેલર સર્જન સ્પર્ધાઓ, વેવ્સ 2025 લાઈવ પ્રસારણમાં ખોટી માહિતીનો સામનો કરવા માટે AI સંચાલિત ઉકેલ રજૂ કરવા, 'રીલ મેકિંગ' ચેલેન્જ, વેવ્સ કોમિક્સ ક્રિએટર ચેમ્પિયનશિપ સહિત અનેક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સમગ્ર દુનિયાના વિવિધ દેશોમાંથી આ કાર્યક્રમોમાં હજારો લોકોએ ભાગ લીધો હતો.





# ઉપર ના આવતા એમને હું જોઈ લઈશ

**ભારતીય સેનાને અદમ્ય શૌર્ય અને સાહસનું પ્રતીક માનવામાં આવે છે અને તેની વીરતાપૂર્ણ ગાથાઓમાં, એવા લોકોનાં બલિદાનનાં દૃશ્ટાંતો પણ છે જેમણે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું અને રાષ્ટ્ર માટે પ્રેરણા બની ગયા છે. ત્યાગ અને બલિદાનનું આવું જ એક પ્રતીક મેજર સંદીપ ઉન્નીકૃષ્ણન છે... જેમણે સેનામાં કમાન સંભાળતાની સાથે જ, કારગિલમાં દુશ્મનોને રાતા પાણીએ રડાવી દીધા હતા અને પછી મુંબઈમાં થયેલા 26/11ના હુમલામાં આતંકવાદીઓનો સામનો કરતી વખતે શહીદી વ્હોરી હતી...**

ભારતની આર્થિક રાજધાની મુંબઈ 26 નવેમ્બર 2008ની રાત્રે, જ્યારે કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાઓથી ત્રસ્ત હતી, ત્યારે મેજર સંદીપ, એક ટીમ સાથે, હોટેલ તાજમાં ફસાયેલા લોકોને બચાવી રહ્યા હતા. 10 કમાન્ડોની ટીમ સાથે, તે હોટેલમાં તેઓ પ્રવેશ્યા અને આતંકવાદીઓ પર ગોળીઓ વરસાવી હતી. પોતાના એક સાથીને સલામત સ્થળે લઈ ગયા પછી, તેણે આતંકવાદીઓનો પીછો કર્યો. આતંકવાદીઓ ડરીને બીજા માળે ભાગી ગયા. સતત ગોળીબાર વચ્ચે જ્યારે તેઓ કેટલાક લોકોને બચાવી રહ્યા હતા, ત્યારે એક આતંકવાદીએ પાછળથી તેમના પર સતત ગોળીબાર કર્યો. આ હુમલામાં સંદીપ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને વીરગતિને પ્રાપ્ત થયા હતા. જ્યારે તિરંગામાં લપેટાયેલો મેજર ઉન્નીકૃષ્ણનનો પાર્થિવદેહ બેંગલોરમાં લાવવામાં આવ્યો હતો, ત્યારે તેમના પરિવાર, મિત્રો અને મોટી સંખ્યામાં લોકોએ આ બહાદુર સૈનિકને અશ્રુભરી આંખો સાથે શ્રદ્ધાંજલિ આપી હતી.

શહીદ થતા પહેલાં, મેજર સંદીપે તેમના સાથીઓને બચાવ્યા તેમજ તેમને રોક્યા પણ હતા અને કહ્યું હતું કે, "તમે ઉપર ન આવતા, એમને હું જોઈ લઈશ" તેમની અસાધારણ હિંમત અને નેતૃત્વએ તેમના સાથીઓને બધા આતંકવાદીઓને ખતમ કરવા અને સોંપાયેલું મિશન સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે પ્રેરણા આપી. તેમને 26 જાન્યુઆરી 2009ના રોજ દેશના સર્વોચ્ચ શાંતિ સમયના શૌર્ય પુરસ્કાર, અશોક ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કેરળના કોઝિકોડમાં 15 માર્ચ, 1977ના રોજ જન્મેલા સંદીપ ઉન્નીકૃષ્ણન એક એવા બહાદુર સૈનિક હતા જેમણે NDAમાં પોતાના શરૂઆતના દિવસોમાં એક અલગ ઓળખ બનાવી હતી. 1999માં કારગિલ યુદ્ધ દરમિયાન, બિહાર રેજિમેન્ટના ઉન્નીકૃષ્ણને 6 સૈનિકોની ટીમનું નેતૃત્વ કરીને એક મહત્વપૂર્ણ દુશ્મન ચોકી પર કબજો કર્યો હતો. બિહાર રેજિમેન્ટના અધિકારી મેજર ઉન્નીકૃષ્ણનને જૂન 1999માં ભારતીય સેનામાં નિયુક્તિ આપવામાં આવી હતી અને જાન્યુઆરી 2007માં તેમને NSGના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના તાલીમ કમાન્ડર બનાવવામાં આવ્યા હતા.

ઈસરોમાં કાર્યરત તેમના પિતાએ ઉન્નીકૃષ્ણન વિશેના તેમના એક સંસ્મરણમાં એકવાર કહ્યું હતું કે, સંદીપ હંમેશા ઈચ્છતો હતો કે આપણો દેશ જીતે. જ્યારે પણ ભારત મેચ હારતું ત્યારે તે ખૂબ જ નિરાશ થઈ જતો. જ્યારે પણ ઈસરોનો કોઈ પ્રોજેક્ટ નિષ્ફળ જતો ત્યારે તે મને સાંત્વના આપતો. તેને હાર ગમતી નહોતી. સંદીપ કોઈ પણ સહકર્મીના મૃતદેહ પર તેની માતાને રડતી જોવા માંગતો ન હતો. એટલા માટે તે ઘણીવાર કહેતો હતો કે તેની માતા પણ ન રડે અને આ દુઃખ સહન કરે. ■



8મું સંસ્કરણ

**પરીક્ષા પે ચર્ચા 2025**

### પરીક્ષાનો ડર પરેશાન નહીં કરે

# "ડર લાગતો હોય તે વિષય પહેલા પૂરો કરો"

***પરીક્ષાઓ મોટાભાગે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે તણાવનું કારણ બની જાય છે, પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ આ વિચારને બદલી રહ્યો છે. આ કાર્યક્રમનું દરેક સંસ્કરણ પરીક્ષા સંબંધિત ચિંતાનો સામનો કરવા માટે નવીન રીતો પર પ્રકાશ પાડે છે. આ શ્રેણીમાં, પરીક્ષા પે ચર્ચાની 8મા સંસ્કરણનું 10 ફેબ્રુઆરીના રોજ સવારે 11 વાગ્યે નવી દિલ્હીમાં સુંદર નર્સરીમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં, પીએમ મોદીએ વિદ્યાર્થીઓ સાથે અનૌપચારિક વાતચીતમાં ઘણા વિષયો પર ચર્ચા કરી હતી...***

બંધ ઓરડા કરતાં કંઈક અલગ રીતે, આ વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીની સુંદર નર્સરીના ખુલ્લા વાતાવરણમાં વિદ્યાર્થીઓ સાથે એક કલાક સુધી પરીક્ષા પે ચર્ચા કરી હતી. 5 કરોડથી વધુ લોકોની ભાગીદારી સાથે, આ વર્ષનો કાર્યક્રમ એક જન આંદોલન સ્વરૂપે સામે આવ્યો. આ વર્ષે, તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી સરકારી શાળાઓ, કેન્દ્રીય શાળાઓ, સૈનિક સ્કૂલ, એકલવ્ય મોડલ આવાસીય વિદ્યાલય, CBSE અને નવોદય વિદ્યાલયોમાંથી 36 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. પરીક્ષા પે ચર્ચા 2025 દ્વારા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરીક્ષા યોદ્ધાઓને ઉત્સાહ અને કોઈપણ ભય વિના શીખવા અને શ્રેષ્ઠ બનવા માટે પ્રેરિત કર્યા હતા. પરીક્ષા પે ચર્ચાનું નવું સંસ્કરણ પરીક્ષાના તણાવનો વધુ સારી રીતે સામનો કરવાની રીતો સમજાવે છે અને ઊંડાણપૂર્વકની સમજ આપે છે. પીએમ મોદીએ પરીક્ષા પે ચર્ચા (PPC) કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, નિષ્ફળતાઓને તેમના શિક્ષક બનાવવા જોઈએ. જીવનનો મતલબ ફક્ત પરીક્ષા નથી. નિષ્ફળતાને કારણે જીવન અટકી જતું નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં, પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ પરીક્ષા સંબંધિત તણાવને સકારાત્મક ઊર્જામાં પરિવર્તિત કરવાનું કામ કરી

8મું સંસ્કરણ

**પરીક્ષા પે ચર્ચા 2025**

## 2018 : પહેલી વાર વાતચીત થઈ

પરીક્ષા પે ચર્ચા 16 ફેબ્રુઆરી 2018ના રોજ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં 2,500થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને દેશભરમાંથી 8.5 કરોડથી વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

**2019**

### પહોંચ વધી

પરીક્ષા પે ચર્ચાના બીજા સંસ્કરણનું આયોજન 29 જાન્યુઆરી, 2019ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં સહભાગીતાનું સ્તર વધુ વધ્યું હતું. નેવું મિનિટ કરતાં વધુ ચાલેલી આ ચર્ચામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ભાગ લીધો હતો.

**2020**

### સહભાગીતાનું વિસ્તરણ

20 જાન્યુઆરી, 2020ના રોજ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમ માટે 2.63 લાખ એન્ટ્રીઓ મળી હતી. ભારત સહિત વિશ્વના 25 દેશોના વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો.

**2021**

### વર્ચ્યુઅલ સંપર્ક

કોવિડ-19 મહામારીને કારણે, PPCના ચોથા સંસ્કરણનું આયોજન 7 એપ્રિલ 2021ના રોજ ઑનલાઈન માધ્યમથી કરવામાં આવ્યું હતું.

**2022**

### ફરીથી આમને-સામને બેસીને વાતચીતનો પ્રારંભ

પીએમ મોદીએ 1 એપ્રિલ 2022ના રોજ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે "પરીક્ષા પે ચર્ચા"ના પાંચમા સંસ્કરણમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે વાતચીત કરી હતી. 9,69,836 વિદ્યાર્થીઓ, 47,200 સ્ટાફ અને 1,86,517 વાલીઓએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.



રહ્યો છે. આ કાર્યક્રમે વિદ્યાર્થીઓને દબાણમાં પણ સારું પ્રદર્શન કરવા માટે સશક્ત બનાવવાનું કામ કર્યું છે. સમાવેશીતા, ડિજિટલ પહોંચ અને નવીન પદ્ધતિઓ આ કાર્યક્રમની નિરંતર સફળતા સુનિશ્ચિત કરે છે. દર વર્ષે 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ એ સંદેશને મજબૂતી પૂરી પાડે છે કે પરીક્ષાઓ અંત નથી પરંતુ શરૂઆત છે. વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતી વખતે, પીએમ મોદીએ તેમને તલના બીજમાંથી બનેલી મીઠાઈઓ પણ વહેંચી હતી.

### ગણિત, અરે, તું શું સમજે છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આપણે આપણા પ્રિય વિષય પર સમય વિતાવીએ છીએ. જે વિષય આપણને બિલકુલ ગમતો નથી તેને આપણે સ્પર્શ પણ કરતા નથી. જ્યારે, ખરેખર આપણે તેને પડકાર ફેંકવો જોઈએ. આ ભૂગોળ એના મનમાં શું સમજે છે. ભૂગોળના દિમાગમાં શું ભરેલું છે. આ ભૂગોળ મને કેમ સમજાતું નથી? હું ભૂગોળને ચોક્કસ હરાવી દઈશ. આવા કિસ્સામાં દૃઢ સંકલ્પ લેવો જોઈએ. ગણિત, અરે, તું શું સમજે છે? આવ, આવ અને મારી સાથે સ્પર્ધા કર. આપણે આપણી લડાઈ શરૂ કરીશું. મનમાં એવી લાગણી હોવી જોઈએ કે મારે વિજેતા બનવું છે, મારે શરણાગતિ સ્વીકારવી જ નથી, મારે નમવું જ નથી.

### સમયના સદુપયોગ અંગે સચેત રહો

વિદ્યાર્થીઓને સમયના મેનેજમેન્ટની યુક્તિઓ જણાવતા પીએમ મોદીએ કહ્યું હતું કે, સૌ પ્રથમ આપણે આપણા સમય વિશે વિચારવું જોઈએ. હું મારા સમયનો વધુમાં વધુ ઉપયોગ કેવી રીતે કરી શકું તે અંગે ખૂબ જ સતર્કતા રાખું છું. હું સમય જરાય બગાડવા દેતો નથી. સમયના મેનેજમેન્ટ

**2023** **સહભાગીતાનું વિસ્તરણ**

પરીક્ષા પે ચર્ચાના છઠ્ઠા સંસ્કરણનું આયોજન 27 જાન્યુઆરી 2023ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું અનેક ટીવી ચેનલો અને યુટ્યુબ પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. 7,18,110 વિદ્યાર્થીઓ, 42,337 સ્ટાફ અને 88,544 વાલીઓએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

**2024** **રાષ્ટ્રવ્યાપી સહભાગીતા**

સાતમા સંસ્કરણનું આયોજન 29 જાન્યુઆરી 2024ના રોજ ભારત મંડપમ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે MyGov પોર્ટલ પર 2.26 કરોડ નોંધણીઓ કરવામાં આવી હતી. પ્રથમ વખત, એકલવ્ય મોડેલ આવાસી વિદ્યાલયોના 100 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પરીક્ષા પે ચર્ચામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને કલા મહોત્સવના વિજેતાઓ સહિત લગભગ 3,000 સહભાગીઓએ હાજરી આપી હતી.




> **નિષ્ફળતાને કારણે જીવન અટકી જતું નથી. જીવનમાં સફળ થવાનો એક રસ્તો એ છે કે તમારી નિષ્ફળતાઓને જ તમારા શિક્ષક બનાવી દો. જીવનનો મતલબ ફક્ત પરીક્ષા નથી, જીવનને તેની સંપૂર્ણતામાં જોવું જોઈએ.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

મુજબ, વ્યક્તિએ કાગળ પર લખીને કામ નક્કી કરવું જોઈએ અને પછી જોવું જોઈએ કે ભાઈ, મેં નક્કી કર્યું છે કે કાલે હું ચોક્કસપણે ત્રણ કામ કરીશ. જો હું આ ત્રણ કામ કરી શકું, તો હું તે કરીશ અને પછી બીજા દિવસે નોંધ કરીશ કે મેં તે કર્યું કે નહીં.

### પુસ્તક સામે જીવનની સફળતા

કાર્યક્રમ દરમિયાન, એક વિદ્યાર્થીએ પૂછ્યું કે જ્યારે પણ આપણે પરીક્ષા આપવા જઈએ છીએ, ત્યારે મનમાં હંમેશા આ ચિંતા રહે છે કે જો હું નાપાસ થઈશ તો શું થશે? નિષ્ફળતાના પરિણામો વિશે હંમેશા ઘણી ચિંતા રહે છે. આવી સ્થિતિમાં, નિષ્ફળતાથી કેવી રીતે બચી શકાય? જવાબમાં પીએમ મોદીએ પૂછ્યું હતું કે, શાળાઓમાં 40 ટકા, 30 ટકા બાળકો ધોરણ 10 અને 12માં નાપાસ થાય છે, તેમનું શું થાય છે? જેના પર વિદ્યાર્થીએ જવાબ આપ્યો કે, તેઓ ફરી પ્રયાસ કરે છે. પીએમ મોદીએ ફરી પૂછ્યું, જો તમે તે પછી પણ જો નિષ્ફળતા મળે તો શું કરવાનું? આ પ્રશ્નનો જવાબ આપતાં તેમણે પોતે જ કહ્યું કે, એનાથી જીવન અટકી જતું નથી. તમારે નક્કી કરવાનું છે કે તમારે જીવનમાં સફળ થવું છે કે પુસ્તકો દ્વારા સફળ થવું છે. જીવનમાં સફળ થવાનો એક રસ્તો એ છે કે તમારા જીવનની બધી નિષ્ફળતાઓને તમારા શિક્ષક બનાવો. બીજું, જીવન ફક્ત પરીક્ષા નથી, જીવનને તેની સંપૂર્ણતામાં જોવું જોઈએ.

### બીમારી ન હોવાનો અર્થ એ નથી કે આપણે તંદુરસ્ત છીએ

પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, બીમારી ન હોવાનો અર્થ એવો નથી કે આપણે તંદુરસ્ત છીએ. તેને સુખાકારીના ત્રાજવા પર તોલવી જોઈએ. તમને પૂરતી ઊંઘ મળે કે ન મળે કે વધુ પડતી ઊંઘ આવે, આનો સંબંધ

8મું સંસ્કરણ

# પરીક્ષા પે ચર્ચા 2025

પોષણ સાથે પણ છે. આના અંગે એક વિદ્યાર્થીએ કહ્યું કે સાહેબ, પરીક્ષાની તૈયારી દરમિયાન મને વધુ ઊંઘ આવે છે અને પછીથી મને બિલકુલ ઊંઘ આવતી નથી. આ અંગે પીએમ મોદીએ કહ્યું કે પોષણ અને ફિટનેસ માટે ઊંઘ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પીએમ મોદીએ વિદ્યાર્થીઓને ઋતુ મુજબના ફળો ખાવાનું પણ સૂચન કર્યુ હતું.

### લીડર બનવા માટે, ટીમવર્ક શીખવું જરૂરી છે

પીએમ મોદીએ કહ્યું હતું કે લીડરશીપ કોઈના પર લાદી શકાતી નથી. શું તમારી આસપાસના લોકો તમને સ્વીકારી રહ્યા છે? જો તમે તેમને જ્ઞાનની મોટી મોટી વાતો કરી દેશો, તો કોઈ સ્વીકારશે નહીં. તે તમારા વ્યવહારને સ્વીકારી રહ્યા હોય છે. હવે જો તમે સ્વચ્છતા પર ભાષણ આપો છો અને તમે પોતે જ તે જગ્યાને ગંદી બનાવી રહ્યા છો, તો તમે લીડર નહીં બની શકો. લીડર બનવા માટે, ટીમવર્ક શીખવું ખૂબ જ જરૂરી છે. ધીરજ રાખવી ખૂબ જ જરૂરી છે.

### પીએમ મોદીએ વિદ્યાર્થીઓને મેડિટેશન કરાવ્યું

પીએમ મોદીએ વિદ્યાર્થીઓને મેડિટેશન કરાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, જુઓ, આ ફુવારો અત્યારે ચાલી રહ્યો છે, એક ક્ષણ માટે તેનો અવાજ સાંભળો, શું તમને તેમાં કોઈ ગીત સંભળાય છે? તમારા મનમાં શું ચાલી રહ્યું છે તેનું પણ અવલોકન કરો. શું તમે પક્ષીઓનો અવાજ સાંભળ્યો? પાંચ અવાજો ભેગા થયા હશે. શું તમે ક્યારેય ઓળખ્યું છે કે કયો અવાજ ક્યાંથી આવી રહ્યો છે અને કોનો અવાજ આવી રહ્યો છે? જો આવું કર્યું હોય, તો તમારું ધ્યાન કેન્દ્રિત થયું. તેની જે એક શક્તિ હતી તેની સાથે મેં મારી જાતને જોડી દીધી. આ ઉપરાંત પીએમ મોદીએ પ્રાણાયામ વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે હા, પ્રાણાયામ ખૂબ જ કામ કરે છે. તમે એક અલગ પ્રકારની ઊર્જા ઉત્પન્ન કરો છો.

### જ્યારે શિક્ષકોને કહેવામાં આવ્યું કે, બાળકોને ખુલ્લા આકાશની જરૂર છે

પીએમ મોદીએ કહ્યું હતું કે પરીક્ષા પે ચર્ચામાં, હું હંમેશા વિદ્યાર્થીઓના પરિવારો અને શિક્ષકોને કહું છું કે જો તમે બાળકોને દિવાલોની વચ્ચે બંધ કરી દો અને તેમને એક પ્રકારે પુસ્તકોની જેલમાં પૂરી દો, તો બાળકો ક્યારેય વિકાસ કરી શકશે નહીં. તેમને ખુલ્લા આકાશની જરૂર છે. તેમની પસંદગીની કેટલીક વસ્તુઓ હોવી જોઈએ. જો તે પોતાના મનપસંદ કામો સારી રીતે કરશે, તો અભ્યાસ પણ સારી રીતે કરશે. જીવનમાં પરીક્ષા જ બધું છે, આવી લાગણીઓ સાથે ન જીવવું જોઈએ. જો તમે આટલું કરવાનો મનમાં નિર્ધાર કરી લેશો, તો મને ખાતરી છે કે તમે તમારા પરિવાર અને

### પરીક્ષા પે ચર્ચામાં ભાગ લેવા વિક્રમી સંખ્યામાં વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી

પરીક્ષા પે ચર્ચા (PPC) કાર્યક્રમના આઠમા સંસ્કરણમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે. આના માટે 3.56 કરોડ નોંધણીઓ થઈ હતી જ્યારે 1.55 કરોડ લોકોએ દેશવ્યાપી 'જન આંદોલન' પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આમ, 5 કરોડથી વધુ સહભાગીઓ સાથે "પરીક્ષા પે ચર્ચા" એક ઐતિહાસિક યાત્રા બની ગઈ. ગયા વર્ષે, આઠમા સંસ્કરણમાં 2.26 કરોડ નોંધણીઓ થઈ હતી.

શિક્ષકોને પણ મનાવી શકશો.

### શિક્ષકોએ વિદ્યાર્થીઓ વચ્ચે સરખામણી ન કરવી જોઈએ

પ્રધાનમંત્રી મોદીએ શિક્ષકોને વિદ્યાર્થીઓ સાથે એકબીજાની સરખામણી ન કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, શિક્ષકો શાળામાં વાતાવરણ બનાવી દે છે. જે ચાર સારા બાળકો હોંશિયાર હોય તેમને દર વખતે લાડ લડાવવામાં આવે છે. બાકીના બાળકોને કંઈ ગણતા જ નથી. છેલ્લી બેન્ચ પર જઈને બેસ, આ તારું કામ નથી, આવું કહેવાથી તે હતાશ થઈ જાય છે. હું શિક્ષકોને પણ વિનંતી કરું છું કે તેઓ વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ સરખામણી ન કરે. તમારે કોઈપણ વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીઓની હાજરીમાં ટોકવાનું બંધ કરવું જોઈએ, જો તમારે કંઈક કહેવું હોય તો અલગથી કહો, જો દીકરા, તું ખૂબ જ સારો છે. તું ખૂબ મહેનતુ છો, આના પર થોડું ધ્યાન આપ. આવી સ્થિતિમાં વિદ્યાર્થી ફરીથી વિચારશે કે, હું સખત મહેનત કરીશ અને શ્રેષ્ઠ પરિણામ લાવીશ. હું ગયા વખત કરતાં વધુ સારું કરીશ, હું મારા અન્ય મિત્રોની સામે પણ સારું કરીશ.

### સંતાનને સમજવાનો પ્રયાસ કરો

પીએમ મોદીએ માતાપિતા અને પરિવારના સભ્યોને તેમના સંતાનોને સમજવાનો પ્રયાસ કરવાની વિનંતી કરી હતી. તેમને જાણવાનો પ્રયાસ કરો, તેમની ઈચ્છાઓને સમજો, તેમનામાં રહેલી ક્ષમતાઓને સમજો, તેમની અંદર રહેલા સામર્થ્ય અનુસાર તેઓ શું કરે છે તેનું નિરીક્ષણ કરો. જો શક્ય હોય તો, તેને મદદ કરો. માની લો કે, જો તેમને રમતગમતમાં રુચિ હોય એવું તમને દેખાય તો તેને ક્યાંક રમતગમત જોવા લઈ જાઓ, એનાથી તેને પ્રેરણા મળશે.

### ...તો કૌશલ્ય વિકાસ વિભાગ લીધો હોત.

પીએમ મોદીએ કહ્યું હતું કે, કોઈએ મને પૂછ્યું હતું કે જો તમે પ્રધાનમંત્રી ન હોત, અને તમે મંત્રી હોત અને કોઈએ તમને વિભાગ લેવાનું પૂછ્યું હોત,

8મું સંસ્કરણ

# પરીક્ષા પે ચર્ચા 2025



## પરીક્ષા પે ચર્ચાના સાત જ્ઞાનવર્ધક એપિસોડ

પરીક્ષા પે ચર્ચા 2025માં સાત જ્ઞાનવર્ધક એપિસોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ભેગા થયા હતા.

- રમતગમત અને શિસ્તઃ આ વિષય પર, એમસી મેરી કોમ, અવની લેખારા અને સુહાસ યતિરાજે ધ્યેય નિર્ધારણ, સંઘર્ષ ક્ષમતા અને શિસ્ત દ્વારા તણાવ મેનેજમેન્ટ પર ચર્ચા કરી હતી.
- માનસિક સ્વાસ્થ્યઃ પ્રખ્યાત અભિનેત્રી દીપિકા પાદુકોણે ભાવનાત્મક મુદ્દાઓ અને માનસિક સ્વાસ્થ્ય વિશે વાત કરી હતી.
- પોષણઃ નિષ્ણાત શોનાલી સભરવાલ, રુજુતા દિવેકર અને રેવંત હિમત્સિંગકાએ વિદ્યાર્થીઓને ખાવા-પીવાની આદતો, ઊંઘ અને પોષણ વિશે પ્રેરણા આપી હતી.
- ટેકનોલોજી અને નાણાંઃ જ્ઞાન ઉપાર્જિત કરવા અને નાણાકીય સાક્ષરતા તરીકે પ્રાપ્ત ટેકનોલોજીનો એક ટૂલ તરીકે ઉપયોગ કરવાના વિષય પર ગૌરવ ચૌધરી અને રાધિકા ગુપ્તાએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.
- સર્જનાત્મકતા અને સકારાત્મકતાઃ વિક્રાંત મેસી અને ભૂમિ પેડનેકરે વિદ્યાર્થીઓને નકારાત્મકતાથી દૂર રહેવા અને સકારાત્મક રહેવા માટે પ્રેરણા આપી હતી.
- એકાગ્રતા અને માનસિક શાંતિઃ માનસિક શાંતિ અને એકાગ્રતા વિષય પર સદગુરુએ એક મંત્ર આપ્યો હતો.
- સફળતાની ગાથાઓઃ UPSC, IIT-JEE, CBSE, NDA, ICSEના ટોપર્સ અને સહભાગીઓએ પરીક્ષા પે ચર્ચાથી તેમના પર પડેલા પ્રભાવો શેર કર્યા હતા.

## પીએમ મોદીએ વિદ્યાર્થીઓ સાથે વૃક્ષારોપણ કર્યું

વિદ્યાર્થીઓ સાથે 'એક પેડ માં કે નામ' અભિયાનનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સાથે વૃક્ષારોપણ કર્યું હતું. તેમણે છોડને સિંચાઈ કરવાની પદ્ધતિ પણ સમજાવી હતી. તેમણે કહ્યું હતું કે, જે વૃક્ષ વાવ્યું હોય તેની બાજુમાં માટીનું માટલું મૂકવું જોઈએ. મહિનામાં એકવાર તેમાં પાણી ભરવું જોઈએ જેથી તેનો વિકાસ ઝડપી થશે.

તો તમને કયો વિભાગ પસંદ કર્યો હોત? તો મેં જવાબ આપ્યો, મેં કૌશલ્ય વિકાસ વિભાગ લીધો હોત.

### જ્યારે એક વિદ્યાર્થીએ કવિતા વાંચી

આ બજારોમાં આટલો બધો ઘોંઘાટ છે, આ શેરીઓમાં આટલો બધો ઘોંઘાટ છે, શા માટે તું તારી કલમ લઈને બેઠો છે ફરીથી એક ગઝલ લખવા માટે, તે પુસ્તકના પાના પર તું શું લખવા માંગે છે, તમારા મનમાં એવું શું છે, સવાલોથી ભરેલા તારા મનમાં, કદાચ કોઈ શાહી જવાબો લખી રહી છે, તો પછી શા માટે તું આકાશ તરફ જુએ છે, શું છે આ તારાઓમાં, એવું શું છે તારા મનમાં! ■

# નારી શક્તિ

## નવા ભારતની પથ પ્રદર્શક



**વર્ષ 2036 સુધીમાં, ભારતની વસ્તી 152.2 કરોડનો આંકડો આંબી જશે અને તેમાંથી આશરે 75 કરોડ વસ્તી મહિલાઓની હશે. જો તેમને યોગ્ય તકો મળે, તો ભારત બમણી ગતિએ આગળ વધી શકે છે. આ અભિગમ સાથે, અડધા વસ્તીના સામર્થ્યને ઓળખીને, છેલ્લા દાયકાથી તેમને સામાજિક, રાજકીય અને આર્થિક રીતે નારીઓને સશક્ત બનાવવા માટે પહેલ કરવામાં આવી છે. આનું પરિણામ એ આવ્યું છે કે, આજે ભારતની મહિલાઓ સ્વતંત્ર છે, આર્થિક રીતે મજબૂત છે, દૃઢ સંકલ્પથી સજ્જ છે, તેમનામાં સુરક્ષાની ભાવના છે... તેઓ ફક્ત સપનાં જ નથી જોઈ રહી, પણ તેમને સાકાર પણ કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે હાથ ધરેલા પ્રયાસોના પરિણામ સ્વરૂપે, છોકરી કે મહિલાઓને અબળા માનવાની દાયકાઓ જૂની માનસિકતામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે...**

**ચાલો જાણીએ કે, જ્યારે દુનિયામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (8 માર્ચ) ઉજવવામાં આવી રહ્યો છે, ત્યારે કેવી રીતે નારી શક્તિ ભારતમાં સ્વતંત્રતાના સ્વર્ણિમ વર્ષ તરફની આગેકૂચમાં પથ પ્રદર્શક તરીકે નવનિર્માણનું વાહક બની રહી છે.**



આપણા વેદોમાં નારીઓને 'પુરન્ધિઃ યોષા' તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે, મહિલાઓ પોતાના શહેરની, પોતાના સમાજની જવાબદારી સંભાળવા માટે સમર્થ હોય, મહિલાઓએ દેશને નેતૃત્વ પૂરું પાડવું જોઈએ. નારી એ નૈતિકતા, નિષ્ઠા અને નિર્ણય લેવાની શક્તિ સાથે નેતૃત્વનું પ્રતિબિંબ હોય છે. એટલા માટે આપણા વેદોમાં, આપણી પરંપરામાં આહ્વાન કરવામાં આવ્યું છે કે નારીઓને સક્ષમ બને, સમર્થ બને અને રાષ્ટ્રને દિશા આપે. આજ દૃષ્ટિકોણ સાથે, ભારતે G-20ની અધ્યક્ષતા કરતી વખતે, નારી શક્તિના નેતૃત્વ હેઠળના વિકાસને વૈશ્વિક એજન્ડા બનાવ્યો હતો અને આ વિચાર આજના ભારતનો મુખ્ય મંત્ર બની ગયો છે. આ વિચાર સાથે છેલ્લા દાયકામાં કરવામાં આવેલા પ્રયાસોનું પરિણામ એ છે કે આજે નવા ભારતમાં, સેના હોય કે સ્ટાર્ટઅપ, રમતગમતની દુનિયા હોય કે સંશોધન, દીકરીઓ દરેક ક્ષેત્રમાં પોતાનો ધ્વજ લહેરાવી રહી છે. સંસદમાં મહિલાઓની વધતી ભાગીદારી હોય કે પછી લૈંગિક સપ્રમાણતામાં પુરુષોની સરખામણીમાં મહિલાઓની સંખ્યામાં ઐતિહાસિક વૃદ્ધિની વાત હોય, આ પરિવર્તન એ વાતનો સંકેત આપે છે કે અમૃતકાળનું નવું ભારત કેટલું સામર્થ્યવાન હશે. આજે ભારત જૂની વિચારસરણીમાંથી બહાર આવીને અને મહિલાઓના નેતૃત્વમાં વિકાસનો મંત્ર અપનાવીને પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે.

વાસ્તવમાં, ભારત તેના સ્વર્ણિમ વર્ષ તરફ આગળ વધી રહ્યું છે, તેણે એક રીતે તેની અડધી વસ્તીને વિકાસનો દોરી સંચાર સોંપી દીધો છે. આના માટે, દરેક સ્તરે મહિલાઓના વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે અને તેમની કાર્યક્ષમતાનું વિસ્તરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના એક અહેવાલ મુજબ, પુરુષોની જેમ કાર્યબળમાં મહિલાઓની સમાન ભાગીદારી ભારતના GDPમાં 27 ટકાનો વધારો કરી શકે છે. જો 50 ટકા કૌશલ્યવાન મહિલાઓ કાર્યબળમાં સામેલ થઈ જાય, તો વૃદ્ધિ દર 1.5 ટકા વધીને દર વર્ષે 9 ટકા થઈ શકે છે. આ જ

કારણ છે કે, કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી તમામ કલ્યાણકારી યોજનાઓ મહિલાઓના જીવનને સરળ બનાવવા અને તેમને રોજગાર તેમજ સ્વરોજગારની નવી તકો પૂરી પાડવાની સાથે સાથે મહિલા સશક્તિકરણ પર કેન્દ્રિત રહી છે. મહિલા સશક્તિકરણની તકો પૂરી પાડવા માટે જૂની માન્યતાઓ અને અવધારણાઓ પણ તોડવી પડી છે, અને ત્યારે પણ સરકારે પીછેહઠ કરી નથી. 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાનની સફળતા જે આજે સ્પષ્ટરૂપે જોવા મળી રહી છે, સરકારના પ્રયાસોને કારણે સમાજમાં જે જાગૃતિ આવી છે, તેના કારણે દીકરીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં પહેલીવાર પુરુષો કરતાં મહિલાઓની સંખ્યા વધુ થઈ છે અને મહિલાઓનું સ્વાસ્થ્ય પણ પહેલાં કરતાં વધુ સારું બન્યું છે. પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન હોય કે પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, આનાથી માતા અને બાળક બંનેના જીવન બચાવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. આયુષ્માન ભારત યોજનાના લાભાર્થીઓમાં લગભગ 50 ટકા મહિલાઓ જ છે. કેન્દ્ર સરકાર દીકરીઓના શિક્ષણથી લઈને તેમની કારકિર્દી સુધીના માર્ગમાં આવતા દરેક અવરોધને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. દેશની સરકારી શાળાઓમાં છોકરીઓ માટે અલગ શૌચાલયનું નિર્માણ કરવાનું હોય કે સેનિટરી પેડ્સ સંબંધિત યોજના હોય, આનાથી છોકરીઓના ડ્રોપ આઉટ દરમાં ઘણો ઘટાડો થયો છે. સ્વચ્છ ભારત અભિયાનથી મહિલાઓની ગરિમામાં વધારો થવાની સાથે સાથે તેમને સુરક્ષિત વાતાવરણ પણ પ્રાપ્ત થયું છે. સુકન્યા સમૃદ્ધિ યોજના દ્વારા સમગ્ર દેશમાં કરોડો દીકરીઓના સારા ભવિષ્ય માટે પહેલી વાર બચત ખાતા ખોલવામાં આવ્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દીકરીઓના શિક્ષણ માટે પણ ઘણાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે.

કેન્દ્ર સરકારે એવું પણ સુનિશ્ચિત કર્યું છે કે, કોઈપણ કાર્ય અને કાર્યક્ષેત્રમાં મહિલાઓ માટે કોઈ પ્રતિબંધો ન હોય. તેથી, ખાણકામથી લઈને સેનામાં અગ્ર હરોળ સુધી, દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભરતી ખુલ્લી મૂકવામાં આવી છે. સૈનિક શાળાઓથી લઈને મિલિટરી તાલીમ



## ગ્રામીણ મહિલાઓની આર્થિક સમૃદ્ધિને પ્રોત્સાહન

**સ્વ-સહાય સમૂહો, લખપતિ દીદી અને ડ્રોન દીદી જેવી યોજનાઓએ ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણને એક નવો આધાર આપ્યો છે**

**90.87** લાખ સ્વ-સહાય સમૂહો

**10.05** કરોડ ગ્રામીણ પરિવારોને અત્યાર સુધીમાં સ્વ-સહાય જૂથો સાથે જોડવામાં આવ્યા છે.



- મિશનની શરૂઆતથી 15 ડિસેમ્બર, 2024માં સુધી સ્વ-સહાય સમૂહોને 9.74 લાખ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે.
- 25,385 મહિલા કલ્યાણ સહકારી મંડળીઓ નોંધાયેલી છે. 1,44,396 ડેરી સહકારી મંડળીઓ છે, જ્યાં મોટી સંખ્યામાં ગ્રામીણ મહિલાઓ રોજગારી મેળવે છે.

**03** કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવાનું સરકારે લક્ષ્ય નક્કી કર્યું છે.

**1.25** કરોડ લખપતિ દીદીઓ જાન્યુઆરી 2025 સુધીમાં બનાવવામાં આવી છે.

**લખપતિ દીદી યોજના હેઠળ, સરકાર સ્વ-સહાય સમૂહો સાથે સંકળાયેલી મહિલાઓને 5 લાખ રૂપિયાની વ્યાજમુક્ત લોન આપે છે.**

### ગામમાં માનસિક પરિવર્તનનો આધાર છે ડ્રોન દીદી



**1,094** ડ્રોનનું વિતરણ નાણાકીય વર્ષ 2023-24માં સ્વ-સહાય સમૂહની ડ્રોન દીદીઓને કરવામાં આવ્યું છે, જેમાં નમો દીદી યોજના હેઠળ વિતરણ કરાયેલા 500 ડ્રોનનો સમાવેશ થાય છે.

- ગામડાઓમાં હાલમાં ડ્રોન દીદીની ખૂબ ચર્ચા થઈ રહી છે. મહિલાઓને ડ્રોન ઉડાડતી જોઈને ગામડામાં મનોવૈજ્ઞાનિક પરિવર્તન આવ્યું છે.
- આ યોજના હેઠળ, 2025-26 સુધીમાં 15 હજાર ડ્રોન આપવાના છે. આ ઉપરાંત, મહિલાઓને કૃષિ કાર્ય અને ડ્રોન સંચાલનમાં પણ તાલીમ આપવામાં આવશે જેથી આજીવિકાની નવી તકો ઊભી થાય.

કવર સ્ટોરી
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

# આર્થિક સમર્થતા

## નારી સશક્તિકરણ માટે એક નવો આધાર

**નારી શક્તિ વિકસિત ભારતના સંકલ્પના કેન્દ્ર સ્થાને છે અને તેમની આર્થિક મજબૂતી નવા ભારતનો પાયો છે. સરકારના વિવિધ વિભાગો અને મંત્રાલયો નારી શક્તિની 'આર્થિક સુખાકારી'ને ધ્યાનમાં રાખીને યોજનાઓ અને કાર્યક્રમો બનાવી રહ્યા છે, સાથે સાથે તેઓ સૂક્ષ્મ સ્તરે તેનું નિરીક્ષણ પણ કરી રહ્યા છે...**

સ્ટેન્ડઅપ ઈન્ડિયા અને મુદ્રા યોજના મહિલાઓ માટે બેંક લોન અને ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિઓને સરળ બનાવે છે, ત્યારે સ્ટાર્ટઅપ ઈન્ડિયા સહિત વિવિધ ભંડોળમાં નારી શક્તિ માટે આરક્ષિત ભંડોળ અને મેન્ટર તેમનો માર્ગ વધુ સરળ બનાવે છે. પીએમ-સ્વનિધિ, મનરેગા, સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટે ક્રેડિટ ગેરંટી ફંડ જેવી યોજનાઓ મહિલાઓને રોજગાર, સ્વરોજગાર અને લોન સુવિધાઓ પૂરી પાડે છે, જેના મોટાભાગની લાભાર્થીઓ મહિલાઓ છે.

**30,000**

**કરોડ રૂપિયાથી વધુની રકમ કોવિડ દરમિયાન એપ્રિલથી જૂન, 2020 સુધીના સમયમાં 20 કરોડ મહિલાઓના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.**

### જન ધન યોજના: આર્થિક સ્વતંત્રતાનો પાયો તૈયાર થયો



**વિશ્વની સૌથી મોટી આર્થિક સમાવેશીતાની પહેલની સૌથી મોટી લાભાર્થી મહિલાઓ.**


**30.37**

**કરોડ એટલે કે લગભગ 56 ટકા ખાતા પ્રધાનમંત્રી જન ધન પહેલ હેઠળ મહિલાઓના નામે ખોલવામાં આવ્યા છે. 15 જાન્યુઆરી, 2025 સુધીમાં, કુલ જન ધન ખાતાઓની સંખ્યા 54.58 કરોડ સુધી પહોંચી ગઈ.**

### મહિલા સન્માન બચત પ્રમાણપત્ર એટલે બચત પર વધુ વ્યાજની સમર્થતા


- 43 લાખથી વધુ ખાતા 31 ઓક્ટોબર, 2024 સુધીમાં આ યોજના હેઠળ ખોલવામાં આવ્યા છે. મહિલાઓ અને સગીર છોકરીઓ માટે મહિલા સન્માન બચત પ્રમાણપત્ર યોજના 31 માર્ચ, 2023ના રોજ 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની યાદમાં શરૂ કરવામાં આવી હતી.
- આમાં, કોઈપણ મહિલા પોતાના નામે અથવા પોતાના વાલી દ્વારા સગીર છોકરીના નામે 31 માર્ચ, 2025ના રોજ અથવા તે પહેલાં ખાતું ખોલાવી શકે છે.
- આ યોજના હેઠળ ખાતાધારકો બે વર્ષના સમયગાળા માટે ઓછામાં ઓછા રૂ. 1,000 અને વધુમાં વધુ રૂ. 2 લાખ સાથે ખાતું ખોલાવી શકે છે. આ ખાતા પર વાર્ષિક 7.5 ટકા વ્યાજ દર છે.

**24 ટકાથી વધુનો ઘટાડો પુખ્ત મહિલાઓમાં ગરીબી દરમાં થયો છે**




### વિકસતા વીમા ક્ષેત્રનું નેતૃત્વ કરશે વીમા સખી

- મહિલાઓને ઝડપી અને ટકાઉ રાષ્ટ્રીય વિકાસમાં ભાગ લેવા માટે સક્ષમ બનાવવા માટે તેમને આર્થિક રીતે સશક્ત બનાવવામાં આવી રહી છે. આ શ્રેણીમાં, 9 ડિસેમ્બર, 2024ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીમા સખી યોજના શરૂ કરી હતી.
- 1,00,076 મહિલાઓએ વીમા સખી બનવા માટે નોંધણી કરાવી છે. 51,552 મહિલાઓએ વીમા સખી તરીકે કામ કરવાનું શરૂ કરી દીધું છે. હાલમાં લગભગ 49 હજારની તાલીમ ચાલી રહી છે.
- આ વીમા સખીઓ દ્વારા 77,000થી વધુ પોલિસીઓ મેળવવામાં આવી હતી. 85 કરોડ રૂપિયાથી વધુનું પ્રીમિયમ આવ્યું છે.




**વ્યવસાય વીમા સખીઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી લેવામાં આવેલી કુલ વીમા પોલિસીમાંથી 62 ટકા મહિલાઓ દ્વારા લેવામાં આવી છે.**

## મુદ્રા યોજના: રસ્તો સરળ બનવાથી સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ નવી દિશા આપી

**સ્ટેન્ડઅપ ઇન્ડિયા**

ઉદ્યોગની શરૂઆત કરવા માટે રૂ. 10 લાખથી રૂ. 1 કરોડ સુધીની લોન પૂરી પાડતી સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજનામાં 83 ટકા લાભાર્થીઓ મહિલાઓ છે. આ યોજના દ્વારા દરેક બેંકને ઓછામાં ઓછી એક મહિલા લોનધારકને 10 લાખ રૂપિયાથી 1 કરોડ રૂપિયા સુધીની લોન આપવાનું લક્ષ્ય આપવામાં આવ્યું છે.

**2,15,582**
કુલ મહિલા લાભાર્થીઓ

**2,59,797**
કુલ મંજૂર કરેલી લોનની સંખ્યા

**મુદ્રા યોજના**

મુદ્રા યોજના હેઠળ, સ્વરોજગાર માટે ચાર શ્રેણીઓમાં 50 હજાર રૂપિયાથી 20 લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે જેથી તેઓ તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓ સ્થાપિત કરી શકે અને તેનું વિસ્તરણ કરી શકે.

**70 %**
લાભાર્થીઓ મહિલાઓ છે

**34.96**
કરોડ મહિલા લાભાર્થીઓ

**51.67**
કરોડ કુલ મંજૂર કરેલી લોનની સંખ્યા

### આવિષ્કાર અને સંશોધન

- વિજ્ઞાન અને ઈજનેરી સંશોધન બોર્ડના સંશોધનાત્મક રિસર્ચમાં મહિલાઓ માટે તકોને પ્રોત્સાહન આપવા માટે 2020માં પાવર યોજના શરૂ કરવામાં આવી હતી. સંશોધન અનુદાન દ્વારા 97 પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું, જેમાંથી 42 ફેલોશિપ મહિલાઓને આપવામાં આવી હતી.

### નારીઓના નેતૃત્વ હેઠળ વિકાસના માર્ગને મજબૂત કરતા જાતિગત બજેટમાં 5 વર્ષમાં લગભગ 3 ગણો વધારો

| | |
|---|---|
| 2025-26 | 4.49 |
| 2024-25 | 3.27 |
| 2023-24 | 2.38 |
| 2022-23 | 1.71 |
| 2021-22 | 1.53 |

(નોંધ: આંકડા લાખ કરોડ રૂપિયામાં)



શાળાઓ સુધી, બધી જગ્યાએ દીકરીઓ હવે અભ્યાસ કરી રહી છે અને તાલીમ મેળવી રહી છે. પ્રસૂતિ સંબંધિત રજા (માતૃત્વ રજા)ની મુદત 12 અઠવાડિયાથી વધારીને 26 અઠવાડિયા કરવામાં આવી છે. એટલું જ નહીં, મહિલાઓનું આર્થિક સશક્તિકરણ કરવા માટેની યોજનાઓ પણ લાગુ કરવામાં આવી છે.

### સામાજિક ન્યાય સાથે આર્થિક સશક્તિકરણ

નવા ભારતના વિચારમાં, મહિલા સશક્તિકરણ હવે ફક્ત સામાજિક ન્યાયનો વિષય નથી, પરંતુ આર્થિક વિકાસ માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. નારી શક્તિ પ્રત્યેનો આદર નવા ભારતને પ્રતિબિંબિત કરે છે. સમાજ માટે પ્રેરણારૂપ બનેલી અજ્ઞાત મહિલાઓનું પદ્મ પુરસ્કારો દ્વારા સન્માન કરવાથી અમૃત યાત્રાનો આનંદદાયક અનુભવ થાય છે. સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી લગભગ 10 કરોડ મહિલાઓ ગ્રામીણ પૃષ્ઠભૂમિ અને વંચિત પરિવારોમાંથી આવે છે. સમાજના સૌથી નીચલા સ્તરે બેઠેલી આ મહિલાઓના સામર્થ્યમાં વધારો થયો છે, તેમનો સામાજિક દરજ્જો પણ ઉન્નત થયો છે અને કેન્દ્ર સરકાર દ્વારા તેમને આપવામાં આવતી સહાય વધારીને 20 લાખ રૂપિયા કરવામાં આવી છે, જેથી તેઓ આ કાર્યને આગળ વધારી શકે. તેમની કાર્યક્ષમતા અને વ્યાપમાં વધારો કરવા માટે નિરંતર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આનાથી ગ્રામીણ અર્થતંત્ર પર ખૂબ જ સકારાત્મક અસર પડી રહી છે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે પોતાના ત્રીજા કાર્યકાળમાં ત્રણ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે અને આના માટે આર્થિક કાર્યક્રમો પર ભાર મૂકવામાં આવ્યો છે. આજે દેશના અનેક ગામડાઓમાં ડ્રોન દીદીની ચર્ચા થઈ રહી છે, આનાથી ગામડાઓમાં એક પ્રકારે મનોવૈજ્ઞાનિક પરિવર્તન આવ્યું છે, મહિલાઓને હાથમાં ડ્રોન લઈને ઉડાડતી જોઈને, ગામડાના લોકોનો મહિલા પ્રત્યેનો દષ્ટિકોણ બદલાઈ રહ્યો છે અને આજે નમો ડ્રોન દીદી ખેતરોમાં કામ કરીને લાખો રૂપિયાની કમાણી કરવા લાગી છે. ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં મહિલાઓનો હંમેશા મુખ્ય ફાળો રહ્યો છે. કેન્દ્ર સરકાર આ ભૂમિકાને વધુ વિસ્તૃત કરી રહી છે. આજે ગામડાઓમાં, બેંક સખી અને વીમા સખી તરીકે મહિલાઓ ગ્રામીણ જીવનને

> **અમારી સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી દરેક વિકાસ પહેલમાં, અમે કન્યાઓના સશક્તિકરણ અને આપણી નારી શક્તિને મજબૂત બનાવવાની બાબતને સૌથી વધુ પ્રાથમિકતા આપીએ છીએ. અમારું ધ્યાન દીકરીઓ માટે સન્માન તેમજ તકો સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ફરીથી પરિભાષિત કરી રહી છે. દરેક ગામમાં, મહિલાઓ સ્વ-સહાય જૂથો દ્વારા એક નવી ક્રાંતિ લાવી રહી છે. ગામડાઓની 1 કરોડ 15 લાખ મહિલાઓને લખપતિ દીદી બનાવવામાં આવી છે. મુદ્રા યોજના પણ મહિલાઓના સશક્તિકરણમાં ખૂબ જ મોટી ભૂમિકા ભજવી રહી છે. પહેલી વાર, કરોડો મહિલાઓ મુદ્રા યોજના હેઠળ લોન લઈને ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રવેશ કરી શકી છે અને ઉદ્યોગપતિ તરીકે ઉભરી આવી છે. મહિલાઓ અને સગીર છોકરીઓ માટે મહિલા સન્માન બચત પ્રમાણપત્ર યોજના 31 માર્ચ 2023ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવની યાદમાં શરૂ કરવામાં આવી હતી. 31 ઓક્ટોબર, 2024 સુધીમાં, આ યોજના હેઠળ 43,30,121 ખાતા ખોલવામાં આવ્યા છે. આ મહિલા સન્માન બચત પ્રમાણપત્ર યોજના હેઠળ, 31 માર્ચ, 2025ના રોજ અથવા તે પહેલાં, મહિલા પોતાના માટે અથવા સગીર છોકરી વતી તેના વાલી દ્વારા ખાતું ખોલાવી શકે છે.

### મહિલાઓના નેતૃત્વ હેઠળનો વિકાસ વૈશ્વિક એજન્ડા બન્યો

વૈશ્વિક સ્તરે મહિલા સશક્તિકરણ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. આ શ્રેણીમાં, 20 અને 21

## મહિલાઓની આર્થિક શક્તિ રજૂ કરતા આંકડા



**2.21** કરોડ જેટલા MSME મહિલા માલિકી સાથે નોંધાયેલા છે.

**1.63** લાખથી વધુ મહિલાઓ દ્વારા સંચાલિત MSME GEM પોર્ટલ પર નોંધાયેલા છે, 31 હજાર કરોડ રૂપિયાથી વધુના ઓર્ડર પ્રાપ્ત થયા છે.

**2.26** કરોડથી વધુ રકમ પીએમ કિસાન યોજનાના 18મા હપતા સુધીમાં મહિલા ખેડૂતોને ચુકવવામાં આવી છે.

**10%** ની છૂટ વાર્ષિક ગેરંટી ફીમાં સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટે ક્રેડિટ ગેરંટી યોજના હેઠળ મહિલા ઉદ્યોગ સાહસિકોને સહાય માટે આપવામાં આવે છે.

- 90% ગેરંટી કવરેજ મહિલાઓને આપવામાં આવે છે જ્યારે અન્ય ઉદ્યોગ સાહસિકોને 75% ગેરંટી કવરેજ આપવામાં આવે છે.
- 100 કરોડ રૂપિયાથી વધુ મૂડી ધરાવતી અથવા 300 કરોડ રૂપિયાથી વધુ ટર્નઓવર ધરાવતી દરેક લિસ્ટેડ કંપનીમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટરની નિમણૂક કરવી ફરજિયાત બનાવવામાં આવી છે.
- ડિસેમ્બર, 2024 સુધીમાં પીએમ જનમન યોજના હેઠળ 32 હજારથી વધુ મહિલાઓને તાલીમ આપવામાં આવી છે, કુલ 38,396 મહિલાઓને તાલીમ આપવામાં આવી છે.
- 44.62 લાખ પીએમ સ્વાનિધિ લોન મહિલાઓને મંજૂર કરવામાં આવી છે. આ કુલ મંજૂર કરાયેલા લોનના 99.15 લાખ રૂપિયામાંથી 45% છે.
- પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનામાં કુલ નોંધણીમાં મહિલા કારીગરોની નોંધણી 75.46% છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા લોન યોજનામાં 1.04 લાખ મહિલા લોન ખાતા છે.
- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ 10 કરોડ મહિલાઓનો વીમો લેવામાં આવ્યો છે.
- પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ 22.84 કરોડ મહિલાઓનો વીમો લેવામાં આવ્યો છે.
- સમયાંતરે શ્રમ બળ સર્વેક્ષણ 2023-24માં 15 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોના રોજગાર માટે શ્રમ બળ ભાગીદારી દર વધીને 41.7% થયો હોવાનો અંદાજ છે, જે 2017-18માં માત્ર 23.3% હતું.
- 1.50 કરોડ મહિલાઓ EPFOમાં સામેલ થઈ.
- પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમમાં 39% લાભાર્થીઓ મહિલાઓ છે. આ એક ક્રેડિટ લિંક્ડ સબસિડી કાર્યક્રમ છે.
- દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનામાં 33% મહિલાઓનો સમાવેશ કરવો ફરજિયાત છે. 15થી 35 વર્ષની વય જૂથના યુવાનો માટે રોજગાર સાથે જોડાયેલો આ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ છે.
- 3.16 લાખથી વધુ મહિલાઓએ 7 ફેબ્રુઆરી, 2025 સુધીમાં કાપડ મંત્રાલયના કાપડ ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણ માટે સમર્થ યોજના હેઠળ તાલીમ પૂર્ણ કરી છે.

કવર સ્ટોરી
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

# સુરક્ષિત મહિલા
## સમૃદ્ધ રાષ્ટ્ર

***કોઈપણ દેશમાં મહિલાઓની સુરક્ષા ઘણા પરિબળોનું પરિણામ હોય છે. આમાં કડક કાયદાઓ દ્વારા ગુનાઓને કડકરૂપે રોકવા, અસરકારક ન્યાયની પહોંચ, ફરિયાદોનું સમયસર નિવારણ અને પીડિતોને સરળતાથી સુલભ રાહત વગેરેનો સમાવેશ થાય છે. છેલ્લા દાયકામાં કેન્દ્ર સરકારે આ દિશામાં અનેક મહત્વપૂર્ણ પગલાં લીધાં છે...***

ભારતના ત્રણ નવા કાયદાઓમાં કરવામાં આવેલી નવી જોગવાઈઓ અને વધેલી કડકાઈને કારણે મહિલાઓ વિરુદ્ધ આચરવામાં આવતા ગુનાના કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે. ભારતની પ્રગતિ મહિલા શક્તિથી પ્રેરિત છે. જો મહિલાઓને તકો આપવામાં આવે અને તેઓ નીતિ નિર્માણનો ભાગ બને, તો તે દેશની પ્રગતિને વેગ આપી શકે છે.



**758**

**જિલ્લાઓમાં 802 વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે. 31 ડિસેમ્બર, 2024 સુધીમાં, 10.43 લાખ મહિલાઓને આના દ્વારા સહાય પ્રાપ્ત થઈ છે.**

### કડક કાનૂની જોગવાઈઓ સાથે તપાસ, મજબૂત તંત્રની દિશામાં ડગલું

- મહિલાઓ વિરુદ્ધ આચરવામાં આવતા ગુનાઓ ઘટાડવા માટેની પહેલ. 12 વર્ષથી ઓછી ઉંમરની છોકરી પર દુષ્કર્મ કરવાના દોષિતોને ફાંસીની સજા સહિત કડક સજાની જોગવાઈ કરતો ફોજદારી કાયદો (સુધારો) અધિનિયમ, 2018 પસાર કરવામાં આવ્યો છે.
- જાતીય ગુનાઓના કિસ્સાઓમાં, પોલીસ તપાસ 2 મહિનાની અંદર અને ટ્રાયલ તે પછીના બે મહિનામાં પૂર્ણ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. રીઢા જાતીય અપરાધીઓની ઓળખ માટે રાષ્ટ્રીય ડેટાબેઝ તૈયાર કરાયો છે.
- મહિલાઓ સામે આચરવામાં આવતા સાઈબર ગુનાઓને રોકવા માટે, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, હિમાચલ, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, મિઝોરમ, ઓડિશા, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ સહિત 14 રાજ્યોએ સાઈબર ફોરેન્સિક તાલીમ લેબોરેટરીઓ શરૂ કરી છે.
- નિર્ભયા ફંડ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલા પ્રોજેક્ટ્સમાં, 8 શહેરો (અમદાવાદ, બેંગલુરુ, ચેન્નઈ, દિલ્હી, હૈદરાબાદ, કોલકાતા, લખનઉ અને મુંબઈ)માં સુરક્ષિત શહેર પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. આમાં સચેત કરવા માટે ડ્રોન, CCTV, સ્માર્ટ લાઈટિંગ સિસ્ટમ વગેરે જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું સામેલ છે.



### સલામતી અને બચાવની દિશામાં મિશન શક્તિને પહેલ

- મિશન શક્તિ મહિલાઓની સલામતી, સશક્તિકરણ અને કાર્યબળમાં ભાગીદારી વધારવા માટે શરૂ કરવામાં આવેલી પહેલ છે. તેનો ઉદ્દેશ્ય કૌશલ્ય વિકાસ, ક્ષમતા નિર્માણ, નાણાકીય સાક્ષરતા અને સૂક્ષ્મ ધિરાણની સુલભતા દ્વારા મહિલાઓ પ્રત્યેના લૈંગિકતા આધારિત પૂર્વગ્રહ, ભેદભાવ અને સંભાળની જવાબદારીનો ઉકેલ લાવવાનો છે.
- એક-સ્ટોપ સેન્ટર (OSC) દ્વારા એક જ જગ્યાએ પોલીસ, તબીબી અને કાનૂની સહાય, પરામર્શ અને મનોવૈજ્ઞાનિક તેમજ સામાજિક સહાય જેવી સંકલિત સેવાઓ હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને વ્યાપક સહાય સુનિશ્ચિત કરે છે.
- એક ટોલ-ફ્રી મહિલા હેલ્પલાઈન (181) ઈમરજન્સી અને બિન-ઈમરજન્સી સહાય પૂરી પાડે છે. આ હેલ્પલાઈન પર 2.04 કરોડ કૉલ આવ્યા છે, 83.60 લાખથી વધુ મહિલાઓને મદદ મળી છે.

સપ્ટેમ્બર, 2023 નવા ભારતની નવી સંસદમાં નારી શક્તિ માટે ઐતિહાસિક દિવસો બની ગયા. એક સમયે, રાજનીતિ અને સત્તાને સર્વોપરી માનીને, સંસદ અને વિધાનસભામાં 33 ટકા મહિલા અનામત વિધેયકને દાયકાઓ સુધી લટકાવી રાખવામાં આવ્યું હતું અથવા એમ કહી શકાય કે ફક્ત તેના વિશે ચર્ચાઓ જ થતી હતી, પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેને વાસ્તવિકતામાં ફેરવી દીધું. આના માટે તેમણે આ પ્રસંગને ખાસ બનાવ્યો અને સંસદના નવા મકાનમાં પ્રવેશવા માટે ખાસ હેતુ સાથે એક વિશેષ સત્ર બોલાવ્યું. હવે, જ્યારે પણ નવા સંસદ ભવનના પ્રથમ ઉદ્ઘાટનની વાત થશે, ત્યારે

> ***ભારતની વિકાસ યાત્રામાં નારી શક્તિના યોગદાનને નકારી શકાય નહીં. નવા ગૃહના પહેલા નિર્ણય - નારી શક્તિ વંદન અધિનિયમ દ્વારા માતૃશક્તિના આશીર્વાદ સાથે નવા ગૃહનો આરંભ થયો છે.***
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## પેનિક બટન જેવી પહેલથી મુસાફરી સરળ બની ગઈ

- ટેક્સીઓમાં પહેલી વાર GPS અને પેનિક બટન જેવી વ્યવસ્થા મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.
- 'મેરી સહેલી' પહેલ હેઠળ, લાંબા અંતરની ટ્રેનોમાં એકલી મુસાફરી કરતી મહિલા મુસાફરોની સમગ્ર મુસાફરી દરમિયાન, એટલે કે પ્રારંભિક સ્ટેશનથી ગંતવ્ય સ્ટેશન સુધી તેમની સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.
- મહિલાઓ માટે અનામત ડબ્બામાં પુરુષ મુસાફરોના પ્રવેશ સામે ઝુંબેશ શરૂ કરવામાં આવે છે અને ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.



## સરોગસીથી ગર્ભપાત સુધીનું નિયમન

- આર્થિક મુશ્કેલીઓને કારણે અપરિણીત મહિલાઓના ગર્ભાશય ભાડે આપવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા પછી, કેન્દ્ર સરકારે સરોગેટ માતાના હિતોનું રક્ષણ કરવા માટે આ દિશામાં સરોગસી કાયદો લાગુ કર્યો છે. તેમાં શારીરિક, માનસિક સ્વાસ્થ્ય અને વીમા સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે.
- હિંસાથી પીડાતી મહિલાઓને રાહત આપવાના ઉદ્દેશ્ય સાથે મેડિકલ ટર્મિનેશન પ્રેગ્નન્સી એક્ટ મંજૂર કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત, ગર્ભપાતની સમય મર્યાદા 20 થી વધારીને 24 અઠવાડિયા કરવામાં આવી છે.

## શી બોક્સ

**શી-બોક્સ પોર્ટલ**

**https://shebox.wcd.gov.in એ એક ઑનલાઇન સિસ્ટમ છે જે 'કાર્યસ્થળ પર મહિલાઓના જાતીય સતામણી અધિનિયમ, 2013'ની વિવિધ જોગવાઈઓના વધુ સારી રીતે અમલીકરણમાં મદદ કરવા માટે રચાયેલું છે.**

- **ફરિયાદીની વિગતો ગુપ્ત રાખવામાં આવે છે.**


**90** **દિવસની અંદર તપાસ પૂર્ણ કરવામાં આવે છે.**

## ફાસ્ટ ટ્રેક કોર્ટ

**747** **ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ 406 POCSO કોર્ટ સહિત, ડિસેમ્બર 2024 સુધીમાં કાર્યરત**

સરકારે ઓક્ટોબર 2019માં ફોજદારી કાયદો (સુધારા) અધિનિયમ, 2018ના અમલીકરણ માટે અને ખાસ કરીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) અધિનિયમને લગતા કેસોનો સામનો કરવા માટે કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજના ઘડી હતી. આ યોજનાનો ઉદ્દેશ્ય દુષ્કર્મ અને POCSO કાયદાના કેસોના ઝડપી નિકાલ માટે સમગ્ર દેશમાં વિશિષ્ટ POCSO કોર્ટ સહિત ફાસ્ટ ટ્રેક વિશેષ અદાલતોની સ્થાપના કરવાનો છે.

**પેટન્ટ ફાઈલિંગમાં મહિલાઓની સંખ્યામાં 345 ગણો વધારો થયો**




**ઉજ્જવલાના કારણે રસોડું ધુમાડા મુક્ત બન્યું**

મહિલાઓને રસોડાના ધુમાડાથી મુક્ત અપાવવા માટે 2016માં શરૂ કરવામાં આવેલી ઉજ્જવલા યોજના એક પરિવર્તનકારી પગલું સાબિત થઈ છે.

**10** **કરોડથી વધુ ગેસ કનેક્શન ઉજ્જવલા યોજના હેઠળ અત્યાર સુધીમાં આપવામાં આવ્યા છે.**

**લાભ... વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડા દર્શાવે છે કે લાકડા, કોલસા વગેરે જેવા પરંપરાગત ઈંધણનો ઉપયોગ કરીને રસોઈ બનાવવાથી ભારતમાં દર વર્ષે 5 લાખ લોકો મૃત્યુ પામે છે, પરંતુ કેન્દ્ર સરકારના આ પ્રયાસથી મહિલાઓમાં શ્વસન સંબંધિત રોગોના કેસોમાં 20% ઘટાડો થયો છે.**

### દીકરીઓ માટે સ્વ-રક્ષણની ટિપ્સ

સર્વ શિક્ષા અભિયાન હેઠળ, સરકારી શાળાઓમાં ધોરણ 6 થી 12 સુધીની છોકરીઓને સ્વ-રક્ષણ તકનીકો શીખવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

દરેક ભારતીય અને ખાસ કરીને મહિલા શક્તિનું ગર્વથી માથું ઉંચુ થશે. નારી શક્તિ વંદન અધિનિયમ કોઈ સામાન્ય કાયદો નથી. આ નવા ભારતની નવી લોકશાહી પ્રતિબદ્ધતાની ઘોષણા છે. અમૃતકાળમાં 'સબકા પ્રયાસ' દ્વારા વિકસિત ભારતનું નિર્માણ કરવાની દિશામાં આ એક ખૂબ જ મોટું અને ખૂબ જ મજબૂત પગલું છે. મહિલાઓના જીવનધોરણમાં સુધારો, જીવનની ગુણવત્તામાં સુધારો એ મહિલાઓના નેતૃત્વ હેઠળ દેશમાં વિકાસનો નવો યુગ લાવવાની ગેરંટી છે. આ પ્રધાનમંત્રી મોદીના સંકલ્પનો સીધો પુરાવો છે. આ વિધેયકને પસાર કરાવવા માટે લગભગ ત્રણ દાયકાથી પ્રયાસો થઈ

# સામાજિક પરિવર્તન માટેની નવી ગાથામાં મહિલાઓ કેન્દ્ર સ્થાને

**દેશની અડધી વસ્તીના વિકાસ વિના દેશનો વિકાસ કરવો મુશ્કેલ છે. વર્તમાન કેન્દ્ર સરકારે આ વાતને મજબૂતીથી સમજી લીધી છે. સ્વાસ્થ્ય હોય કે સામાજિક ઉત્કર્ષ, નારી શક્તિ હવે પરિવર્તનની દરેક નવી વાર્તાના કેન્દ્ર સ્થાને છે. આ જ કારણ છે કે, છેલ્લા દાયકાથી અડધી વસ્તીના નેતૃત્વ હેઠળ વિકાસને મહત્વ આપવામાં આવી રહ્યું છે. સરકારની આ નીતિને કારણે જ દેશની અડધી વસ્તી મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવા છતાં ઝડપથી આત્મનિર્ભરતા, શિક્ષણ અને સમાનતા તરફ આગળ વધી રહી છે...**

## પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના

પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના ગર્ભાવસ્થા અને પ્રસૂતિના કારણે વેતનના નુકસાન માટે નાણાકીય વળતર પૂરું પાડે છે. અગાઉ આ યોજના પ્રથમ બાળક સુધી મર્યાદિત હતી પરંતુ જો બાળક તરીકે દીકરીનો જન્મ થાય તો તેને બીજા બાળક સુધી પણ આવરી લેવામાં આવી છે. આ લૈંગિક સમાનતાને પ્રોત્સાહન આપવાની દિશામાં એક પગલું છે.

**5,000** રૂપિયાનો માતૃત્વ લાભ આ યોજના હેઠળ પ્રથમ બાળક માટે સીધો લાભાર્થીના ખાતામાં આપવામાં આવી રહ્યો છે.

**16,418.12** કરોડ રૂપિયા 3.69 કરોડ લાભાર્થીઓને ડિસેમ્બર 2024 સુધીમાં આપવામાં આવ્યા.

પાત્રતા ધરાવતા લાભાર્થીઓના બીજા બાળકને PM-MVY હેઠળ 6,000 રૂપિયાનું રોકડ પ્રોત્સાહન પણ આપવામાં આવે છે, જો બીજું બાળક દીકરી હોય તો.



## દીકરીઓના જન્મથી જ તેમની ખાસ કાળજી લેવામાં આવે છે


સંસ્થાગત પ્રસૂતિ

61% 2014-15

97.3% 2023-24



### માતા અને શિશુ મૃત્યુ દરમાં ઘટાડો




5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો મૃત્યુદર 2014માં પ્રતિ હજાર બાળકે 45 હતો તે ઘટીને 2020માં 32 થયો.

જન્મ સમયે લૈંગિક સપ્રમાણતા 2014-15માં 918 હતી તે વધીને 2023-24માં 930 થઈ.

રહ્યા હતા. મહિલાઓ માટે અનામત સુનિશ્ચિત કરતા આ કાયદાના માર્ગમાં અનેક પ્રકારની અડચણો હતી, દાયકાઓ જૂના અવરોધો હતા, પરંતુ જ્યારે ઈરાદો શુદ્ધ હોય, પ્રયાસોમાં પારદર્શિતા હોય, ત્યારે સમસ્યાઓ દૂર થઈ શકે છે. આ કાયદાને ગૃહમાં આટલું બહોળું સમર્થન મળ્યું તે પોતે જ એક રેકોર્ડ છે.

નારી શક્તિ વંદન અધિનિયમ ભારતના વિકાસમાં નારી શક્તિની ભૂમિકા નક્કી કરશે. તે 2047 સુધી અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ સાબિત થશે. આનાથી મહિલા સશક્તિકરણમાં મહિલા નેતૃત્વને એક નવી દિશા મળશે. તે નવા ભારતના નિર્માણમાં ઐતિહાસિક મહિલા નેતૃત્વને ઓળખ આપનારું સાબિત થશે અને સમગ્ર વિશ્વ માટે

**10 વર્ષ અને તેથી વધુ ઉંમરની શિક્ષિત છોકરીઓની સંખ્યામાં**




**15% કરતાં વધુનો વધારો થયો છે, બેટી બચાવો, બેટી પઢાઓના અમલીકરણ પછી.**

## બેટી બચાવો, બેટી પઢાઓ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 22 જાન્યુઆરી 2015ના રોજ હરિયાણાના પાણીપતથી બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન શરૂ કર્યું હતું. આ અંતર્ગત, દીકરીઓ અને મહિલાઓની સામાજિક, શૈક્ષણિક અને આર્થિક શક્તિ માટે ઘણી મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે.




**4.1 કરોડથી વધુ**

સુકન્યા સમૃદ્ધિ ખાતા સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ ખોલવામાં આવ્યા છે.

**2.64**

લાખ કરોડ રૂપિયા સુકન્યા સમૃદ્ધિ ખાતામાં જમા કરવામાં આવ્યા છે.

### જનની સુરક્ષા યોજના

**જનની સુરક્ષા યોજના (JSY) એ સંસ્થાગત પ્રસૂતિને પ્રોત્સાહન આપવા માટે માંગ પ્રમોશન અને શરતી રોકડ ટ્રાન્સફર યોજના છે.**

## માતૃત્વ લાભ કાયદો

- આ કાયદા મુજબ, 50 કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓમાં ઘોડિયાઘર સુવિધા શરૂ કરવામાં આવી છે.
- સરકારે સવેતન મેટરનિટી રજા 12 અઠવાડિયાથી વધારીને 26 અઠવાડિયા કરી, જેમાં પ્રસૂતિની તારીખથી પહેલાં આઠ અઠવાડિયાથી વધુ સમય નહીં હોય.
- મહિલા કર્મચારીને સોંપાયેલા કામના પ્રકાર પર આધાર રાખીને, ઘરેથી કામ કરવાની જોગવાઈ પણ નોકરીદાતા અને મહિલાની સંમતિથી કરવામાં આવી છે.



### મિશન પોષણ 2.0

દેશભરમાં બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓમાં કુપોષણની સમસ્યાનો સામનો કરવા માટે મિશન પોષણ શરૂ કરવામાં આવ્યું છે.

અપેક્ષિત સફળતા પછી, માર્ચ 2018માં મિશન પોષણનો બીજો તબક્કો લાગુ કરવામાં આવ્યો.





**2024 સુધીમાં 10,02,05,340 લાભાર્થીએ લાભ લીધો છે**

પ્રેરણારૂપ બની રહેશે. આ એવી માતૃશક્તિ પ્રત્યેનો સાચો આદર છે જે 140 કરોડની વસ્તીના 50 ટકા હિસ્સો ધરાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર વિશ્વ સમક્ષ મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસનો મુદ્દો રજૂ કર્યો છે. G-20ની અધ્યક્ષતા કરતી વખતે, ભારતે વિશ્વને એ વાતનો અહેસાસ કરાવ્યો હતો કે માતૃશક્તિ, દીકરીઓ ફક્ત નીતિઓમાં ભાગ લઈ શકે છે એવું નથી પરંતુ નીતિ નિર્માણમાં પણ પોતાનું સ્થાન સુરક્ષિત કરવામાં સક્ષમ છે. આનું કારણ એ છે કે વર્તમાન કેન્દ્ર સરકાર માટે, નારી સશક્તિકરણ એ રાજકીય મુદ્દો નથી પરંતુ એક સંકલ્પ છે. આનું ઉદાહરણ એ છે કે, જ્યારે પ્રધાનમંત્રી મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે પગાર તરીકે મળતી સંપૂર્ણ રકમ ગુજરાત સચિવાલયના કર્મચારીઓની દીકરીઓના શિક્ષણ માટે દાનમાં

કવર સ્ટોરી
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

આપી દીધી હતી. એટલું જ નહીં, તેમણે પોતાને મળેલી ભેટોની હરાજીમાંથી મળેલા પૈસા પણ છોકરીઓના શિક્ષણ માટે દાનમાં આપી દીધા હતા.

કલ્પના કરો કે તમે 140 કરોડ દેશવાસીઓના ચૂંટાયેલા નેતા છો અને સોશિયલ મીડિયા પર ખૂબ જ મોટો ચાહક વર્ગ ધરાવો છો અને તમે આખા દિવસ માટે તમારું સોશિયલ મીડિયા એકાઉન્ટ સંપૂર્ણપણે 7 મહિલાઓને સોંપી દો છો. આનાથી તમને કેવું લાગશે? હા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2019માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર તેમનું ટ્વિટર (હવે X) એકાઉન્ટ 7 મહિલાઓને સોંપી દીધું હતું. કહેવા અને કરી બતાવવા વચ્ચે સુસંગતતાનું આ અદ્ભુત ઉદાહરણ વાસ્તવમાં નવા ભારતના કેન્દ્રમાં મહિલા શક્તિને સમાન અધિકારો અને તકો આપી રહ્યું છે, જ્યાં મહિલાઓ પણ સુરક્ષા અને સન્માન સાથે સશક્તિકરણ તરફ આગળ વધી રહી છે.

એટલું જ નહીં, 2014થી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટેકનિકલ શિક્ષણમાં મહિલાઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. ભારતમાં લગભગ એક ચતુર્થાંશ અવકાશ વૈજ્ઞાનિકો મહિલાઓ છે. ચંદ્રયાન, ગગનયાન અને મિશન મંગળ જેવા મોટા કાર્યક્રમોની સફળતા પાછળ મહિલા વૈજ્ઞાનિકોની પ્રતિભા અને મહેનતનો હાથ છે. આજે ભારતમાં પુરુષોની સરખામણીએ વધુ મહિલાઓ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લઈ રહી છે. ભારતીય વાયુસેનામાં મહિલા પાઈલટ્સ હવે ફાઈટર પ્લેન પણ ઉડાડી રહી છે. તમામ સશસ્ત્ર દળોમાં મહિલા અધિકારીઓને ઓપરેશનલ ભૂમિકાઓ અને યુદ્ધ મોરચે તૈનાત કરવામાં આવી રહી છે. દેશમાં છોકરીઓના જીવનને સુરક્ષિત બનાવવા માટે શરૂ કરવામાં આવેલી સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ 4 કરોડથી વધુ ખાતા ખોલવામાં આવ્યા છે. આજે, સમગ્ર વિશ્વમાં વિમાન ઉડાડતી કુલ મહિલા પાઈલટ્સની સંખ્યા 5 ટકા છે, જ્યારે ભારતમાં આ સંખ્યા 15 ટકા છે, જે છેલ્લા 10 વર્ષમાં વધી છે. સામાજિક સ્તરે પણ, મહિલાઓ પર અત્યાચારનું કારણ બનતી ટ્રિપલ તલાક જેવી દુષ્ટ પ્રથાઓ વિરુદ્ધ કાયદા બનાવીને તેનો અંત લાવવામાં

## ઉચ્ચ શિક્ષણમાં દીકરીઓ



ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓના પ્રવેશની સંખ્યા વર્ષ 2015માં 1.57 કરોડ હતી, જે વર્ષ 2022માં 31.6% વધીને 2.07 કરોડ થઈ ગઈ.

**28%** કરતાં વધુની વૃદ્ધિ છેલ્લા 10 વર્ષમાં ઉચ્ચ શિક્ષણમાં નોંધણી કરવામાં થઈ છે.

- STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) અભ્યાસક્રમોમાં 43% નોંધણી છોકરીઓ અને મહિલાઓ દ્વારા થઈ છે, આ સંખ્યા વિશ્વમાં સૌથી વધુ છે.
- માધ્યમિક શિક્ષણમાં છોકરીઓની નોંધણીમાં નોંધપાત્ર વધારો થયો છે. કુલ નોંધણી ગુણોત્તર (GER) 2014-15માં 75.51% હતો તે વધીને 2023-24માં 78% થઈ ગયો છે.



## એક રૂપિયામાં સેનિટરી નેપકિન

દેશભરના 10 હજારથી વધુ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રો પર એક રૂપિયામાં સેનિટરી પેડ્સનું વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. સરકારે સેનિટરી પેડ્સને સસ્તા અને સરળતાથી સુલભ બનાવવા માટે 100% કરમુક્ત કર્યા છે.

**60** કરોડથી વધુ સેનિટરી પેડ અત્યાર સુધીમાં વેચાઈ ગયાં છે.

## ટ્રિપલ તલાક વિરુદ્ધ કાયદો

કેન્દ્ર સરકારે 1 ઓગસ્ટ, 2019ના રોજ ટ્રિપલ તલાક વિરુદ્ધ કાયદો બનાવ્યો. ટ્રિપલ તલાકની પ્રથાને સજાપાત્ર ગુનો માનવામાં આવી છે.

## જળ જીવન મિશનથી પાણીની સમસ્યાઓથી મુક્તિ

ગ્રામીણ ભારતમાં એક સમય એવો હતો જ્યારે પીવાનું પાણી લાવવા માટે દૂર દૂરના સ્થળો સુધી વાસણો લઈને જતા લોકો સામાન્યપણે જોવા મળતા હતા. જળ જીવન મિશને હવે ગ્રામીણ ભારતની આ તસવીરને ભૂતકાળની યાદ બનાવી દીધી છે.

**15.44** કરોડથી વધુ ઘરો સુધી પહોંચ્યું નળ સે જલ.

**17%** ગ્રામીણ ઘરોમાં ઓગસ્ટ 2019 સુધીમાં નળનાં જોડાણો હતા, જે હવે વધીને 79.74% થઈ ગયા છે.



આવ્યો છે. આજે, કરોડો મુસ્લિમ મહિલાઓને ટ્રિપલ તલાકની અમાનવીય પ્રથા સામે રક્ષણ મળ્યું છે. આ કાયદાના અમલીકરણ પછી થોડા વર્ષોમાં, ટ્રિપલ તલાકના કેસોમાં 80-82 ટકાનો ઘટાડો થયો છે.

### મહિલા શક્તિની પ્રગતિ, રાષ્ટ્રની પ્રગતિ

બાબા સાહેબ ભીમરાવ આંબેડકરે કહ્યું હતું કે - “જો કોઈ દેશમાં મહિલાઓ પ્રગતિ કરી રહી છે, તો હું માનું છું કે તે સમાજ, તે રાષ્ટ્ર પ્રગતિ કરી રહ્યું છે.” મહિલાઓ નિઃશંકપણે સમાજમાં એક અભિન્ન ભૂમિકા ભજવે છે. તેમની પ્રગતિ વિના સમાજની એકંદર પ્રગતિ અટકી જાય છે. મહિલાઓનું સશક્તિકરણ એ માત્ર નૈતિક આવશ્યકતા નથી પરંતુ સામાજિક વિકાસ માટે વ્યૂહાત્મક આવશ્યકતા પણ છે. આ વાત સ્વીકારીને, કેન્દ્ર સરકારે દેશમાં નારી શક્તિ એટલે કે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાને પ્રાથમિકતા આપી છે. મહિલાઓના જીવનમાં સુધારો લાવવા અને તેમની પ્રગતિના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરવાની પ્રતિબદ્ધતા સાથે, સરકારનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે મહિલાઓ ભારતની સમૃદ્ધિની યાત્રામાં સક્રિય ભાગીદાર બની શકે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, “મહિલાઓના નેતૃત્વ હેઠળનો વિકાસ દેશને આગળ લઈ જવાની ક્ષમતાની ચાવી છે.” ભારત સરકાર મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસને રાષ્ટ્રની પ્રગતિનું કેન્દ્રિય પરિમાણ અને ભારતને મજબૂત બનાવવાની આવશ્યકતા માને છે. વિતેલા દાયકામાં, ભારત સરકારે મહિલાઓનું સશક્તિકરણ કરવા અને ભારતની વિકાસ યાત્રાનું નેતૃત્વ કરવા માટે તેમને સમર્થ બનાવવાના હેતુથી અનેક કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે.

કેન્દ્ર સરકારે વિકસિત ભારત માટે જે ચાર જાતિઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેમાં ગરીબ, યુવાનો, અન્નદાતા ખેડૂતો તેમજ મહિલાઓનો સમાવેશ થાય છે. તે લોકોની જરૂરિયાતો, તેમની આકાંક્ષાઓ અને તેમનું કલ્યાણ સરકારની ટોચની પ્રાથમિકતા છે. જ્યારે તેઓ પ્રગતિ કરે છે, ત્યારે દેશ પ્રગતિ કરે છે. આ ચાર જાતિઓને તેમનાં જીવનધોરણમાં સુધારો લાવવાના પ્રયાસોમાં સરકાર




## સ્વચ્છ ભારત મિશનના કારણે સન્માન વધ્યું

2014માં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી સ્વચ્છ ભારત મિશનની જાહેરાત કરી હતી. મહિલાઓના આત્મસન્માનના દૃષ્ટિકોણથી આ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયું. સ્વચ્છ વિદ્યાલય મિશન હેઠળ, બધી શાળાઓમાં છોકરીઓ માટે ઓછામાં ઓછું એક શૌચાલય હોય એવું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

**12**
કરોડથી વધુ ઘરોમાં સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલય બનાવવામાં આવ્યા છે.

**3,00,000**
મૃત્યુ સ્વચ્છ ભારત મિશનને કારણે અટકાવી શકાયા છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજનામાંથી ઘરનો હક મળ્યો

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ, મહિલાઓના નામે ઘર આપવાને પ્રાથમિકતા આપવામાં આવી હતી. સાથે જ, ગ્રામીણ વિસ્તારોમાં આવાસ યોજનાના બીજા તબક્કા હેઠળ, ગામના મહિલા વડાના નામે ઘર આપવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.



**4.53**
કરોડ ઘરોને 2 ફેબ્રુઆરી, 2025 સુધીમાં મંજૂરી આપી.

**3.56**
કરોડ મકાનોનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.

**75%**
મંજૂર કરાયેલા મકાનોની માલિકી માત્ર મહિલા અથવા સંયુક્ત રીતે મહિલાઓની છે.

## મહિલા લોક પ્રતિનિધિઓની સંખ્યામાં વિશ્વમાં ટોચ પર

સરકારે મહિલાઓને પાયાના સ્તરે રાજકીય નેતૃત્વના મુખ્ય પ્રવાહમાં લાવવાના ઉદ્દેશ્યથી બંધારણમાં મહત્વપૂર્ણ સુધારો કર્યો છે. નારી સશક્તિકરણના હેતુથી, પંચાયતથી વિધાનસભા અને લોકસભા સુધી મહિલાઓ માટે 33% અનામતની જોગવાઈ કરવામાં આવી છે. ભારત હાલમાં વિશ્વના 15 એવા દેશોમાંથી એક છે જ્યાં રાષ્ટ્રાધ્યક્ષ તરીકે મહિલા આરૂઢ છે. વિશ્વમાં સ્થાનિક સરકારોમાં સૌથી વધુ મહિલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ ભારતમાં છે.

- 28 સપ્ટેમ્બર, 2023ના રોજ, નારી શક્તિ વંદના અધિનિયમ, 2023 (બંધારણ 106મો સુધારો) મુજબ, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીની વિધાનસભા સહિત લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઈ છે.
- 73મા સુધારાએ પંચાયતીરાજ સંસ્થાઓમાં ઓછામાં ઓછી 33% બેઠકો મહિલાઓ માટે અનામત રાખી છે.
- હાલમાં પંચાયતીરાજ સંસ્થાઓમાં 14.50 લાખથી વધુ ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ (EWR) છે જે કુલ ચૂંટાયેલા પ્રતિનિધિઓના લગભગ 45% છે.

# મહિલાઓની ભાગીદારી

## પોલીસથી લઈને સેના સુધી, સૈનિક શાળાઓમાં પ્રવેશ શરૂ

*દીકરીઓને દરેક ક્ષેત્રમાં સમાન તકો મળી શકે તે માટે દાયકાઓથી દીકરીઓ માટે બંધ રહેલા રસ્તાઓ ખોલવામાં આવ્યા છે. પછી ભલે તે સેનામાં ફાઈટર પ્લેન ઉડાડવાની જવાબદારી હોય કે સૈનિક સ્કૂલ અને રાષ્ટ્રીય સંરક્ષણ એકેડમીમાં પ્રવેશની વાત હોય.*

### મહિલા પાઈલટ



**15%**

કરતાં વધુ મહિલા પાઈલટની સંખ્યા ભારતમાં છે. ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ વુમન એરલાઈન પાઈલટ્સના જણાવ્યા અનુસાર, આ સંખ્યા વિશ્વમાં માત્ર પાંચ ટકા છે.

### શક્તિ સદન

**2,92,681**

મહિલાઓને અત્યાર સુધીમાં મદદ કરવામાં આવી છે

**404** શક્તિ સદન દ્વારા.

શક્તિ સદન એ તસ્કરીનો ભોગ બનેલી મહિલાઓ સહિત, મુશ્કેલીમાં રહેતી મહિલાઓ માટે એક સંકલિત રાહત અને પુનર્વસન ગૃહ છે.

### પદ્મ પુરસ્કાર

**258**

મહિલાઓને છેલ્લા 11 વર્ષમાં આપવામાં આવ્યા છે. આ વર્ષે 23 મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું છે.



### ભારતીય સેનાના સૈન્ય પોલીસ કોરમાં અન્ય રેન્કમાં મહિલાઓની ભરતી માટેની જોગવાઈ 2019માં કરવામાં આવી



**2.63**

લાખથી વધુ મહિલાઓ દેશભરમાં પોલીસ સેવામાં તૈનાત છે. 2013-14 કરતાં આ સંખ્યા ત્રણ ગણી વધારે છે.

**10,493**

સેનામાં સેવા આપતી મહિલા અધિકારીઓ છે, જેમાં 4,734 નર્સિંગ સેવા અધિકારી છે. 2014-15માં કુલ સંખ્યા ત્રણ હજાર હતી.

- 1 જાન્યુઆરી, 2024ના રોજ, ઉત્તર પ્રદેશના મથુરાના વૃંદાવનમાં કન્યાઓ માટેની પ્રથમ પૂર્ણ સૈનિક શાળા, સંવિદ ગુરુકુલમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- તમામ સૈનિક શાળાઓમાં 2021-22 સત્રથી ધોરણ 6માં ખાલી બેઠકોના 10% પર છોકરીઓનો પ્રવેશ શરૂ કરવામાં આવ્યો છે.
- NDA 2022 માટે છોકરીઓ માટે પ્રવેશ નવેમ્બર 2021માં શરૂ કરવામાં આવ્યો. વાયુસેનામાં 20 મહિલા ફાઈટર પાઈલટને કમિશન આપવામાં આવ્યું છે.
- નૌકાદળમાં 28 મહિલા અધિકારીઓને જહાજો પર તૈનાત કરવામાં આવી છે.



તરફથી સહાયની જરૂર છે અને તેમને સરકાર તરફથી પણ સહાય મળી રહી છે. આ લોકોના સશક્તિકરણ અને તેમના કલ્યાણથી દેશ પણ પ્રગતિના પંથે આગળ વધશે. નારી શક્તિને પ્રોત્સાહન આપતા, કેન્દ્ર સરકારે ઉદ્યોગ સાહસિકતા, જીવનમાં સુગમતા અને ગરિમા દ્વારા મહિલા સશક્તિકરણને વેગ આપ્યો છે. મુદ્રા યોજનાના લગભગ 70 ટકા લાભાર્થીઓ મહિલા ઉદ્યોગ સાહસિકો જ છે. આ અંતર્ગત મહિલા ઉદ્યોગ સાહસિકોને 30 કરોડ રૂપિયાની લોન આપવામાં આવી છે. એક અભ્યાસ મુજબ, આ યોજનાથી મહિલાઓની આર્થિક શક્તિમાં સુધારો થયો છે અને સામાજિક નિર્ણયોમાં

તેમની ભાગીદારી પણ વધી છે. ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની નોંધણીમાં 28 ટકા સુધીનો વધારો થયો છે. STEM અભ્યાસક્રમોમાં નોંધણીમાં છોકરીઓ અને મહિલાઓની ભાગીદારી વધીને 43 ટકા થઈ ગઈ છે. આ આંકડો વિશ્વમાં સૌથી વધુ છે. કાર્યસ્થળ પર મહિલાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 4 કરોડ પરિવારોને આપવામાં આવેલા ઘરોમાંથી, લગભગ 75 ટકા ઘરો મહિલાઓની માલિકી હેઠળ છે. હાલમાં, દેશમાં 90 લાખથી વધુ સ્વ-સહાય જૂથો કાર્યરત છે, જેની સાથે લગભગ 10 કરોડ મહિલાઓ સંકળાયેલી છે. આ મહિલા સ્વ-સહાય જૂથોને સરકાર દ્વારા લાખો કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી રહી છે.

### સુરક્ષા સાથે સશક્તિકરણ

જ્યારે મહિલાઓ સુરક્ષિત અને સમૃદ્ધ હોય છે, ત્યારે દુનિયા પણ સમૃદ્ધ થાય છે. તેમનું આર્થિક સશક્તિકરણ વિકાસને બળ આપે છે. શિક્ષણ સુધીની તેમની પહોંચ વૈશ્વિક પ્રગતિને આગળ ધપાવે છે. તેમનું નેતૃત્વ સમાવેશીતાને પ્રોત્સાહન આપે છે અને તેમના વિચારો સકારાત્મક પરિવર્તનને પ્રેરણા આપે છે. મહિલાઓને સશક્ત બનાવવાનો સૌથી અસરકારક રસ્તો મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસનો અભિગમ છે. ભારતે આ દિશામાં નિર્ણાયક પગલું ભર્યું છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોતાનામાં એક પ્રેરણાદાયી ઉદાહરણ રજૂ કરે છે. તેઓ એક સામાન્ય આદિવાસી પૃષ્ઠભૂમિમાંથી આવે છે. પરંતુ હવે તે વિશ્વની સૌથી મોટી લોકશાહીનું નેતૃત્વ કરી રહ્યાં છે અને વિશ્વના બીજા સૌથી મોટા સંરક્ષણ દળના કમાન્ડર-ઈન-ચીફ તરીકે યોગદાન આપી રહ્યાં છે. લોકશાહીની આ જનેતામાં, ભારતીય બંધારણ દ્વારા શરૂઆતથી જ મહિલાઓ સહિત તમામ નાગરિકોને 'મતદાનનો અધિકાર' સમાન રીતે આપવામાં આવ્યો હતો. ચૂંટણી લડવાનો અધિકાર પણ દરેકને સમાન ધોરણે આપવામાં આવ્યો હતો.

મહિલાઓને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા અને તેમને વિકાસમાં સમાન ભાગીદાર બનાવવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય સ્તરે મહિલા સુરક્ષા સંબંધિત ઘણા પ્રયાસો કરવામાં આવ્યા છે. આજે, દેશની પ્રાથમિકતા મહિલાઓના જીવનને વધુ સારું કરવા અને ભારતની વિકાસ યાત્રામાં તેમની સંપૂર્ણ ભાગીદારીમાં રહેલી છે. દીકરા અને દીકરીઓને સમાન માનીને, કેન્દ્ર સરકાર દીકરીઓની લગ્નની ઉંમર વધારીને 21 વર્ષ કરવાનું વિચારી રહી છે. આજે, દેશમાં મહિલાઓ વિરુદ્ધ આચરવામાં આવતા ગુનાઓ સામે આકરા કાયદા છે; દુષ્કર્મ જેવા જઘન્ય કેસોમાં ફાંસીની જોગવાઈ પણ છે. દેશભરમાં મોટી સંખ્યામાં ફાસ્ટ ટ્રેક કોર્ટનું નિર્માણ પણ કરવામાં આવી રહ્યું છે. કાયદાઓનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થાઓમાં પણ સુધારો કરવામાં આવી રહ્યો છે. પોલીસ સ્ટેશનોમાં મહિલા હેલ્પ ડેસ્કની સંખ્યા વધારવાની વાત હોય, 24 કલાક ઉપલબ્ધ હેલ્પલાઈન હોય, સાઈબર ગુનાનો સામનો કરવા માટે પોર્ટલ હોય, આવા અનેક પ્રયાસો મહિલાઓની સુરક્ષા માટે ઢાલ બની રહ્યા છે. વર્તમાન કેન્દ્ર સરકાર મહિલાઓ વિરુદ્ધ આચરવામાં આવતા ગુનાઓ પર 'ઝીરો ટોલરન્સ' નીતિ સાથે કામ કરી રહી છે. કેન્દ્ર સરકારે માત્ર મહિલાઓને માત્ર કાનૂની રક્ષણ આપવા જ નહીં, પરંતુ મહિલાઓના આત્મસન્માન માટે એક અભિયાન પણ શરૂ કર્યું છે. કેન્દ્ર સરકારની મોટાભાગની યોજનાઓ દ્વારા, પરિવારની મહિલાઓને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. એટલું જ નહીં, પહેલાં જમ્મુ અને કાશ્મીરમાં, જો મહિલાઓના બિન-કાશ્મીરી સાથે લગ્ન કરવામાં આવે તો તેમને અને તેમના બાળકોને પૈતૃક મિલકતના અધિકારથી વંચિત રાખવામાં આવતા હતા, પરંતુ કલમ 370 અને 35A નાબૂદ થયા પછી, આ પ્રદેશની મહિલાઓને તેમનો અધિકાર મળ્યો છે. NRI લગ્ન કરે અને પછી પોતાના પ્રિયજનોને છોડી દે છે તેવા કિસ્સાઓમાં પણ કાયદો વધુ કડક બનાવવામાં આવ્યો છે.

મિશન શક્તિ એ સરકારનો અન્ય એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. તેનો ઉદ્દેશ્ય મહિલાઓની સલામતી, સશક્તિકરણ અને કાર્યબળમાં તેમની ભાગીદારી વધારવાનો છે. આ મિશનનો ઉદ્દેશ્ય કૌશલ્ય વિકાસ, ક્ષમતા નિર્માણ, નાણાકીય સાક્ષરતા અને સૂક્ષ્મ ધિરાણની સુલભતા દ્વારા મહિલાઓ પ્રત્યે રાખવામાં આવતા લૈંગિકતા આધારિત પૂર્વગ્રહ, ભેદભાવ અને સંભાળની જવાબદારીનો ઉકેલ લાવવાનો છે. વન-સ્ટોપ સેન્ટર્સ (OSC) દ્વારા એક જ જગ્યાએ પોલીસ, તબીબી અને કાનૂની સહાય, પરામર્શ અને મનો-સામાજિક સહાય જેવી સંકલિત સેવાઓ હિંસાથી પ્રભાવિત મહિલાઓને વ્યાપક રાહત સુનિશ્ચિત કરે છે. ટોલ-ફ્રી મહિલા હેલ્પલાઈન (181) પણ ઈમરજન્સી અને બિન-ઈમરજન્સી સહાય પૂરી પાડે છે. મિશન શક્તિએ મહિલાઓને આગળ આવવા અને સમાજમાં સક્રિયપણે યોગદાન આપવા માટે સક્ષમ વાતાવરણ બનાવ્યું છે.

ચોક્કસપણે મહિલાઓને કલ્યાણના લાભાર્થીઓમાંથી સશક્તિકરણના એજન્ટોમાં પરિવર્તિત કરીને, સરકારે આપણા દેશની મહિલાઓના જીવનમાં વ્યાપક પરિવર્તન લાવવામાં સફળતા મેળવી છે. લૈંગિક ભેદભાવ દૂર કરવાથી લઈને શિક્ષણ, આરોગ્ય, આવાસ, ઉદ્યોગ સાહસિકતા અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા સુધી, હાથ ધરવામાં આવેલી આવી પહેલોએ મહિલાઓના જીવનમાં જબરદસ્ત સુધારો લાવ્યો છે અને દેશની એકંદર પ્રગતિમાં યોગદાન આપ્યું છે. આજે, વાત ફક્ત મહિલાઓના વિકાસ પૂરતી નથી, પરંતુ મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસ વિશે છે. ■



# વિકસિત ભારતની તસવીર
# 'બચત પણ, વિકાસ પણ' મોડલ

બજેટ સત્રના પહેલા દિવસે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરતી વખતે, સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો અને વિકસિત ભારત માટેના રોડમેપનો પણ ઉલ્લેખ કર્યો હતો. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવના સમર્થનમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના આ સંકલ્પની તસવીર સાથે 10 વર્ષના કાર્યકાળના મહત્વપૂર્ણ નિર્ણયોનો ઉલ્લેખ કરીને 'બચત પણ, વિકાસ પણ' મોડલ રજૂ કર્યું હતું...

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અભિભાષણ પર વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા દરેક પ્રશ્નનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખૂબ જ સ્પષ્ટ અંદાજમાં જવાબ આપ્યો. લોકસભામાં લગભગ 95 મિનિટ અને રાજ્યસભામાં લગભગ 92 મિનિટના પોતાના ભાષણમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, રાષ્ટ્રપતિએ ભારતની સિદ્ધિઓ, ભારત પાસેથી વિશ્વ દ્વારા રાખવામાં આવતી અપેક્ષાઓ, ભારતના સામાન્ય માણસનો આત્મવિશ્વાસ, વિકાસિત ભારતનું નિર્માણ કરવાનો સંકલ્પ વગેરે તમામ વિષયો પર વિગતવાર ચર્ચા કરી. સાથે જ, તેમણે દેશને આગળ વધવાની દિશા પણ બતાવી. પીએમ મોદીએ કહ્યું હતું કે, આપણે 2025માં છીએ, એક રીતે જોવામાં આવે તો 21મી સદીનો 25 ટકા સમય વીતી ગયો છે. 20મી સદીમાં સ્વતંત્રતા પછી અને 21મી સદીના પહેલા 25 વર્ષોમાં શું થયું અને તે કેવી રીતે બન્યું તે સમય નક્કી કરશે? પરંતુ રાષ્ટ્રપતિનું ભાષણ આગામી 25 વર્ષ માટે અને વિકસિત ભારત માટે દેશમાં નવો વિશ્વાસ જગાવશે અને વિકસિત ભારત માટેના સંકલ્પને મજબૂતી આપશે. વિકસિત ભારત એ કોઈ સરકારનું સપનું નથી પરંતુ 140 કરોડ દેશવાસીઓનું સપનું છે. 20થી 25 વર્ષના સમયગાળામાં વિશ્વના ઘણા દેશોએ પોતાને વિકસિત બનાવીને પુરવાર કર્યું છે, જ્યારે ભારતમાં તો અપાર સંભાવનાઓ છે. સંસદના બંને ગૃહોમાં પોતાના સંબોધન દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ કયા મુદ્દાઓ પર શું કહ્યું... સંપાદિત અંશો વાંચો...

## વિકસિત ભારતના નિર્માણના સંકલ્પની મજબૂતી અંગે...

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, જ્યાં કનેક્ટિવિટી વધે છે, ત્યાં સંભાવનાઓ પણ વધે છે. દિલ્હી - ઉત્તરપ્રદેશને જોડતી પહેલી નમો રેલ, આવી કનેક્ટિવિટી, આવી માળખાગત સુવિધા ભારતના તમામ મુખ્ય શહેરો સુધી પહોંચવી જોઈએ, એ આપણી જરૂરિયાત છે અને આપણી દિશા છે. મેટ્રો રેલ નેટવર્ક પણ 1,000 કિલોમીટરને પાર કરી ગયું છે અને બીજા 1,000 કિલોમીટર પર કામ ચાલી રહ્યું છે. વિકાસશીલ રાષ્ટ્રથી વિકસિત રાષ્ટ્ર તરફની સફરમાં માળખાગત સુવિધાઓ એક મોટી તાકાત છે. માળખાગત સુવિધાઓમાં તે સમયસર પૂર્ણ થાય તે પણ એટલું જ મહત્વપૂર્ણ છે. કોંગ્રેસના સમયમાં, કામકાજને અટકાવવું, ભટકાવવું લટકાવવું આ બધું તેમની રાજનીતિનો એક ભાગ હતો. પ્રોજેક્ટ પર રાજનીતિનાં ત્રાજવા રહેતાં હતાં. પ્રગતિ નામની એક સિસ્ટમ બનાવી. હું પોતે આ પ્રગતિ પ્લેટફોર્મ દ્વારા નિયમિતપણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું મોનિટરિંગ કરું છું. લગભગ 19 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ એવા હતા જે અટકેલા પડ્યા હતા.

**અટકાવવા, લટકાવવા અને ભટકાવવાની સંસ્કૃતિ ખતમ**



- ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા તે પ્રગતિ પર કરવામાં આવેલો અભ્યાસ સૂચવે છે કે, અન્ય વિકાસશીલ દેશો પણ પ્રગતિના અનુભવોમાંથી શીખીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં ક્રાંતિ લાવવાની મૂલ્યવાન તક ઝડપી શકે છે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના યોગ્ય આયોજન અને સમયસર અમલીકરણ માટે, પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં 1,600 ડેટા સ્તરો છે.
- આ તો અમારો ફક્ત ત્રીજો કાર્યકાળ છે. દેશની જરૂરિયાત મુજબ આધુનિક અને સક્ષમ ભારતનું નિર્માણ કરવા અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે અમે આવનારા ઘણા વર્ષો સુધી સાથે મળીને રહીશું.

## ગરીબોના ઉત્કર્ષ અંગે...

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, અમે ગરીબોને ખોટા નારા નહીં પણ સાચો વિકાસ આપ્યો છે. અમારી સરકારે SC, ST અને OBC સમુદાયના લોકો માટે મહત્તમ તકો ઊભી કરવાનું કામ કર્યું છે. પીએમ મોદીએ કહ્યું હતું કે, ગરીબો ગરીબીને હરાવી શકે તે દિશામાં યોજનાઓ ઘડવામાં આવી છે. અમને તેની ક્ષમતાઓમાં વિશ્વાસ છે. હવે બધા અભ્યાસો વારંવાર કહે છે કે છેલ્લા 10 વર્ષમાં 25 કરોડ દેશવાસીઓ ગરીબીમાંથી બહાર આવી ગયા છે.

**ખોટા વચનો સામે સાચો વિકાસ**

- વરસાદની ઋતુમાં પ્લાસ્ટિકની ચાદરથી બનેલા છાપરા નીચે રહેવું કેટલું મુશ્કેલ હોય છે. દરેક વ્યક્તિ આ પીડાને સમજી શકતી નથી. અત્યાર સુધીમાં ગરીબોને 4 કરોડ ઘર આપવામાં આવ્યા છે.
- સામાન્ય વર્ગના ગરીબોને 10% અનામત આપવામાં આવશે. આખા દેશે આ વાત ખૂબ જ સ્વસ્થ અને શાંતિથી સ્વીકારી છે.
- શિક્ષણ નીતિમાં ફેરફારો કરવામાં આવ્યા છે. માતૃભાષામાં અભ્યાસ અને માતૃભાષામાં પરીક્ષા પર ભાર મૂકવામાં આવે છે. આ પરિવર્તનને કારણે, આજે ગરીબ બાળકો ડૉક્ટર અને એન્જિનિયર બનવાના સપના જોવા લાગ્યા છે.

## ગામ, ખેડૂત અને ખેતી વિશે વાત...

સશક્ત ખેડૂતો અને મજબૂત રાષ્ટ્ર વિશે વાત કરતા, પીએમ મોદીએ કહ્યું હતું કે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કર્યા વિના વિકસિત ભારતનું નિર્માણ કરવું શક્ય નથી. તેથી, ગ્રામીણ અર્થતંત્રના દરેક ક્ષેત્રને સ્પર્શવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે અમારા ઈથેનોલ મિશ્રણના નિર્ણયથી એક લાખ કરોડ રૂપિયાનો ફરક પડ્યો છે અને લગભગ આ બધા જ પૈસા ખેડૂતોના ખિસ્સામાં ગયા છે. વિકસિત ભારતના 4 સ્તંભોમાં ખેડૂતો એક મજબૂત સ્તંભ છે. છેલ્લા દાયકામાં કૃષિ બજેટમાં 10 ગણો વધારો કરવામાં આવ્યો છે.

**સીમાચિહ્નોનો ઉલ્લેખ**

- ખેડૂતોને સસ્તા ભાવે ખાતર મળે તે સુનિશ્ચિત કરવા માટે છેલ્લા 10 વર્ષમાં 12 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પીએમ કિસાન સન્માન નિધિ દ્વારા લગભગ 3.5 લાખ કરોડ રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં પહોંચાડવામાં આવ્યા છે.
- રેકોર્ડ MSP વધારો કરવામાં આવ્યો અને પહેલાંની સરખામણીએ વિતેલા દાયકામાં ત્રણ ગણી વધુ ખરીદી કરવામાં આવી. ખેડૂતોને સરળ અને સસ્તી મળી શકે તે માટે તેની રકમમાં પણ ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો છે. પીએમ પાક વીમા હેઠળ ખેડૂતોને 2 લાખ કરોડ રૂપિયા મળ્યા છે.
- ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રેરણાથી, દાયકાઓથી વિલંબમાં પડેલી 100થી વધુ મોટા સિંચાઈ પ્રોજેક્ટ્સનાં કામ પૂર્ણ કરવા માટે એક અભિયાન શરૂ કરવામાં આવ્યું. નદીઓને જોડવાનું કામ શરૂ કરવામાં આવ્યું.



## નારી સશક્તિકરણ અને ઉત્કર્ષ વિશે વાત...

મહિલાઓના આર્થિક અને સામાજિક સશક્તિકરણ પ્રત્યે સરકારના મજબૂત ઈરાદાઓનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે, છેલ્લા 10 વર્ષમાં 10 કરોડ મહિલાઓ સ્વ-સહાય જૂથોમાં જોડાઈ છે. આ મહિલાઓ ગ્રામીણ પૃષ્ઠભૂમિમાંથી, વંચિત પરિવારોમાંથી આવે છે. સરકારે તેમની સહાય વધારીને 20 લાખ રૂપિયા કરી દીધી છે. જ્યારથી મેં લખપતિ દીદી યોજનાને આગળ ધપાવી છે, ત્યારથી અત્યાર સુધીમાં લગભગ 1.25 કરોડ મહિલાઓ લખપતિ દીદી બની ગઈ છે. ડ્રોન દીદીએ ગામમાં મનોવૈજ્ઞાનિક પરિવર્તન લાવી દીધું છે. મુદ્રા યોજના પણ નારી સશક્તિકરણમાં ઘણી મોટી ભૂમિકા ભજવી રહી છે. તેવી જ રીતે, SC, ST સમુદાય સહિત કોઈપણ સમાજની કોઈપણ મહિલાઓ પોતાનું કામ કરી શકે તે માટે તેમને કોઈપણ ગેરંટી વિના 1 કરોડ રૂપિયાની લોન આપવાનો ઉદ્દેશ્ય ધરાવતી સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના પણ કારગત છે. આ વખતે અમે બજેટમાં તેને બમણી કરી દીધી છે.

**મજબૂત ઈરાદાનો ઉલ્લેખ**

**પરિવર્તનની ગાથા કહેતા આંકડા રજૂ કર્યા**

**પીએમ મોદીએ કહ્યું હતું કે 4 કરોડ પરિવારોને આપવામાં આવેલા ઘરોમાંથી લગભગ**

**75%**

**ઘરો એવા છે જેની માલિકી મહિલાઓના નામે છે.**



**જ્યારે કોઈ મહિલાને ખુલ્લામાં શૌચ કરવા માટે મજબૂર કરવામાં આવે છે ત્યારે તેને શું તકલીફ થતી હતી તે આવા લોકો સમજી શકતા નથી.**

**12** **કરોડથી વધુ શૌચાલયો બનાવીને આપણી બહેનો અને દીકરીઓની મુશ્કેલીઓ દૂર કરી છે.**

- આઝાદીના 75 વર્ષ પછી, દેશમાં 16 કરોડથી પણ વધુ ઘરોમાં નળના પાણીના જોડાણ નહોતા. 5 વર્ષમાં, સરકારે 12 કરોડ પરિવારોને નળ દ્વારા પાણી પૂરું પાડવાનું કામ કર્યું છે.
- મુસ્લિમ મહિલાઓને મુશ્કેલીમાં જીવવા માટે મજબૂર કરવામાં આવી હતી, ટ્રિપલ તલાકની કુપ્રથા નાબૂદ કરીને, મુસ્લિમ દીકરીઓને બંધારણની ભાવના અનુસાર અધિકારો અને સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે.

## અર્થતંત્ર - ઉદ્યોગ ચર્ચા...



આપણા દેશમાં એક નવા અર્થતંત્રનું સમય-સમયે વિસ્તરણ થતું રહ્યું છે. આજે મોટા શહેરોમાં ગિગ ઈકોનોમીનું એક મહત્વપૂર્ણ ક્ષેત્ર વિકસી રહ્યું છે. એવો અંદાજ છે કે આજે દેશમાં લગભગ એક કરોડ ગિગ વર્કર્સ છે અને તે દિશામાં કામ કરી રહ્યા છે.

**અપાર સંભાવનાથી ભરેલા પગલાં**

- આ બજેટમાં એવું કહેવામાં આવ્યું છે કે આવા ગિગ વર્કર્સે ઈ-શ્રમ પોર્ટલ પર પોતાની નોંધણી કરાવવી જોઈએ. ઈ-શ્રમ પોર્ટલ પર આવ્યા પછી તેમને એક ઓળખપત્ર મળે. આયુષ્માન યોજનાનો લાભ પણ આપવામાં આવશે.
- MSME ક્ષેત્રમાં રોજગારની પુષ્કળ તકો રહેલી છે. આ નાના ઉદ્યોગો આત્મનિર્ભર ભારતનું પ્રતીક છે. નીતિ સ્પષ્ટ છે, MSMEને સરળતા, સુવિધા અને સમર્થન મળવું જોઈએ.
- MSME સહિત વિનિર્માણ ક્ષેત્રની સમગ્ર ઈકોસિસ્ટમને મજબૂત બનાવીને આગળ વધી રહ્યાં છીએ. મિશન મેન્યુફેક્ચરિંગ શરૂ કરી રહ્યા છીએ.
- છેલ્લા 10 વર્ષમાં MSME ક્ષેત્રમાં સુધારા માટેના માપદંડોને બે વાર અપગ્રેડ કરવામાં આવ્યા છે. કોઈ ગેરંટી વગર લોન આપવામાં આવે છે. નાના ઉદ્યોગો માટે કસ્ટમાઈઝ્ડ ક્રેડિટ કાર્ડ અને ક્રેડિટ ગેરંટી કવરેજની દિશામાં પગલાં લીધા છે.

## મધ્યમ વર્ગ વિષે કહ્યું...

દેશના મધ્યમ વર્ગની આકાંક્ષાઓ અંગે પીએમ મોદીએ કહ્યું હતું કે, આજે મધ્યમ વર્ગ આત્મવિશ્વાસથી ભરેલો છે. છેલ્લા 10 વર્ષમાં આવકવેરો ઘટાડવામાં આવ્યો હોવાથી મધ્યમ વર્ગની બચતમાં પણ વધારો થયો છે. નીઓ મધ્યમ વર્ગના સામર્થ્યમાં વધારો કરવાનો છે. આ બજેટમાં કરનો ખૂબ મોટો હિસ્સો શૂન્ય કરવામાં આવ્યો છે. 2013માં 2 લાખ રૂપિયા સુધીની આવક પર કરમુક્તિ હતી, આજે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કરમુક્તિ આપવામાં આવી છે.

**આકાંક્ષાઓનો ઉલ્લેખ, સિદ્ધિઓની વાત**

## યુવાનીનાં સપનાં વિશે વાત...

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, દેશના યુવાનો કે જેઓ હાલમાં શાળા અને કોલેજમાં અભ્યાસ કરી રહ્યા છે તેમની વિકસિત ભારતનું નિર્માણ કરવામાં સૌથી મોટી ભૂમિકા છે. તેઓ જ વિકસિત ભારતના સૌથી મોટા લાભાર્થી બનવાના છે. તેઓ જ આપણી તાકાત છે. છેલ્લા 10 વર્ષોમાં, અમે આ વર્ગને મજબૂત બનાવવા માટે સતત વિચારપૂર્વકની વ્યૂહરચના સાથે કામ કરી રહ્યા છીએ. 21મી સદીનું શિક્ષણ કેવું હોવું જોઈએ તેનો પહેલાંના સમયમાં વિચાર પણ નહોતો કરવામાં આવ્યો. લગભગ ત્રણ દાયકા પછી, એક નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાવવામાં આવી છે જેમાં પીએમ શ્રી શાળાઓ બનાવવામાં આવી રહી છે. આદિવાસી બાળકો માટે એકલવ્ય મોડેલ સ્કૂલની સંખ્યા, 10 વર્ષ પહેલાં 150 હતી, તે આજે વધીને 470 સુધી પહોંચી ગઈ છે.

**અપેક્ષાઓ સાથે ન્યાય**

## અમારું મોડલ... બચતથી જન સેવા

પીએમ મોદીએ કહ્યું હતું કે, હું બચતની વાત કરી રહ્યો છું પરંતુ પહેલા અખબારોની હેડલાઈન્સ આટલા લાખનું કૌભાંડ એવી રહેતી હતી. 10 વર્ષ થઈ ગયા છે અને કોઈ કૌભાંડ ન થવાને કારણે દેશના કરોડો રૂપિયાની બચત થઈ છે, જેનો ઉપયોગ જનતા જનાર્દનની સેવામાં થઈ રહ્યો છે. તે પૈસા શીશ મહેલ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવ્યા નથી. સરકારી ખરીદીમાં પારદર્શિતા લાવવાથી, GEM પોર્ટલ દ્વારા કરવામાં આવતી ખરીદી ઓછી કિંમતે કરવામાં આવી છે. આનાથી સરકારના 1.15 લાખ કરોડ રૂપિયાની બચત થઈ છે. બચત થયેલા પૈસાનો ઉપયોગ દેશના નિર્માણ માટે કરવામાં આવ્યો છે. 10 વર્ષ પહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત બજેટ 1 લાખ 80 હજાર કરોડ રૂપિયા હતું, જેને વધારીને 11 લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. યોજનાઓ એવી હોવી જોઈએ કે તેનાથી જનતાના પૈસાની પણ બચત થઈ શકે. આયુષ્માન ભારત યોજનાનો લાભ જે લોકોએ લીધો છે તેના કારણે સામાન્ય જનતાના ખિસ્સાના 1.20 લાખ કરોડ રૂપિયાની બચત થઈ શકી છે. જન ઔષધિ કેન્દ્રમાંથી દવાઓ લેનારા પરિવારોએ દવાના ખર્ચમાં લગભગ 30 હજાર કરોડ રૂપિયાની બચત કરી છે. યુનિસેફનો એવો પણ અંદાજ છે કે જે પરિવારના ઘરમાં શૌચાલય બનેલું છે તેમના ઘરમાં એક વર્ષમાં લગભગ 70,000 રૂપિયાની બચત થઈ છે.

**કૌભાંડો પર કટાક્ષ, સફળતાની વાત**

- પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે WHOના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નળમાંથી પૂરા પાડવામાં આવતા શુદ્ધ પાણીની ઉપલબ્ધતાને કારણે, જે પરિવારો અન્ય રોગો પર ખર્ચ કરી રહ્યા હતા તેમના સરેરાશ 40 હજાર રૂપિયા બચી ગયા છે.
- પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના - જ્યાં પણ આ યોજના લાગુ કરવામાં આવી છે, ત્યાં પરિવારો દર વર્ષે સરેરાશ 25,000 થી 30,000 રૂપિયા વીજળીના બિલમાં બચત કરી રહ્યા છે.
- જે ખેડૂતોએ સોઈલ હેલ્થ કાર્ડનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કર્યો છે તેમણે પ્રતિ એકર 30 હજાર રૂપિયાની બચત કરી છે.
- LEDને પ્રોત્સાહન આપવાની યોજનાને કારણે, વીજળીની બચત થઈ અને વધુ પ્રકાશ ઉપલબ્ધ થયો. આનાથી દેશવાસીઓના 20 હજાર કરોડ રૂપિયાની બચત થઈ છે.

**સ્વચ્છતા સંબંધિત પ્રયાસોને કારણે, સરકારે તાજેતરના વર્ષોમાં સરકારી કચેરીઓમાંથી ભંગાર વેચીને**

**2,300 કરોડ રૂપિયાની કમાણી કરી છે.**

## બંધારણમાં આસ્થા...

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, બંધારણમાં જે ધારાઓ છે, તેની સાથે સાથે બંધારણની એક ભાવના પણ છે અને બંધારણને મજબૂત બનાવવા માટે, બંધારણની ભાવનાને જીવવી પડશે. હું ઉદાહરણો દ્વારા બતાવવા માંગુ છું કે અમે એવા લોકો છીએ જે બંધારણની ભાવના અનુસાર જીવી જાણીએ છીએ. બંધારણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અમને મજબૂત અને જન કલ્યાણકારી નિર્ણયો લેવા માટે પ્રેરણા આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, ગુજરાતની સ્થાપનાના સુવર્ણ જયંતિ નિમિત્તે 50 વર્ષમાં રાજ્યપાલના જેટલા પણ ભાષણો થયા તેને પુસ્તકના રૂપમાં તૈયાર કરવામાં આવ્યા હતા કારણ કે અમે બંધારણની ભાવનાને સમજીએ છીએ અને તેને કેવી રીતે જીવવું તે જાણીએ છીએ. 2014માં જ્યારે અમે કેન્દ્રમાં સત્તા પર આવ્યા, ત્યારે કોઈ માન્યતા પ્રાપ્ત વિપક્ષી પક્ષ નહોતો ત્યારે અમે સૌથી મોટા પક્ષના નેતાને બોલાવવાનું નક્કી કર્યું. આ બંધારણ જીવનનો સ્વભાવ અને લોકશાહીની ભાવના છે.

**લોકશાહી પ્રત્યે આદર**

## વિપક્ષને સ્પષ્ટ કહ્યું

પીએમ મોદીએ કહ્યું હતું કે દિલ્હીમાં એવી ઘણી જગ્યાઓ મળી રહેશે જ્યાં કેટલાક પરિવારોએ પોતાના સંગ્રહાલયો બનાવી રાખ્યા છે. આ કામ જનતાના પૈસાથી થઈ રહ્યું છે. લોકશાહીની ભાવના શું હોય છે, બંધારણ અનુસાર જીવવાનો અર્થ શું હોય છે, પીએમ સંગ્રહાલય બનાવવામાં આવ્યું. અમે રાષ્ટ્રની એકતાને સૌથી વધુ મહત્વ આપીએ છીએ અને તેથી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી"નું નિર્માણ કરીએ છીએ. સાત દાયકાથી, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને બંધારણના અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા. કલમ 370ની દિવાલ તોડી પાડવામાં આવી. તેમણે કહ્યું કે, જે લોકો પોતાના ખિસ્સામાં બંધારણ લઈને જીવે છે તેઓ જાણતા નથી કે તમે મુસ્લિમ મહિલાઓને કેવી મુશ્કેલીઓમાં જીવવા માટે મજબૂર કરી હતી. ટ્રિપલ તલાક નાબૂદ કરીને, મુસ્લિમ દીકરીઓને અધિકાર આપવાનું કામ કર્યું છે. આ કોંગ્રેસે જ સ્વતંત્રતા પછી તરત જ બંધારણ ઘડવૈયાઓની ભાવનાઓને જ કચડી નાખી હતી. એ સમયે દેશમાં કોઈ ચૂંટાયેલી સરકાર નહોતી. ત્યાં બેઠેલા મહાશયોએ બંધારણમાં સુધારો કર્યો. તેમણે વાણી સ્વાતંત્ર્યનો નાશ કર્યો અને ડેમોક્રેટનું ટેગ લગાવીને આખી દુનિયામાં ફરતા રહ્યા. હું ઈમરજન્સીના તે દિવસો ભૂલી શકતો નથી અને કદાચ તે ચિત્રો આજે પણ હાજર છે. ■

## વિકસિત ભારતના સંકલ્પમાં દેશનું ઊર્જા ક્ષેત્ર મહત્વપૂર્ણ

# વિકાસને પ્રોત્સાહન આપવાની સાથે પ્રકૃતિને સમૃદ્ધ બનાવી રહેલું ભારત

**કોઈપણ દેશ માટે વિકાસશીલ રાષ્ટ્રથી વિકસિત રાષ્ટ્ર તરફની સફરમાં ઊર્જા ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજ કારણ છે કે દુનિયા જ્યારે વધી રહેલી વસ્તી અને આબોહવા પરિવર્તનને કારણે અભૂતપૂર્વ ઊર્જા સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યારે આ ક્ષેત્ર ભારત માટે સૌથી મહત્વપૂર્ણ પ્રાથમિકતાઓ પૈકી એક છે જે એક વિકસિત રાષ્ટ્રના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે. દિલ્હીમાં યોજાયેલા ઈન્ડિયા એનર્જી વીકનું ઉદ્ઘાટન કરતી વખતે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આનો ઉલ્લેખ કર્યો અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે તેમજ પ્રકૃતિને સમૃદ્ધ બનાવવા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો....**

ભારતના ઊર્જા ક્ષેત્રમાં છેલ્લા દાયકામાં નોંધપાત્ર સુધારો થયો છે એમ કહેવામાં આવે, તો તેનો શ્રેય કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને જાય છે, જેના પગલે ભારત પેરિસ કરારના લક્ષ્યને પ્રાપ્ત કરનાર G20 દેશોમાં પ્રથમ રાષ્ટ્ર બન્યું છે. ભારતે નવેમ્બર 2021માં જ બિન-અશ્મિભૂત ઈંધણમાંથી 40% સ્થાપિત વીજળી ઉત્પાદન ક્ષમતાનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો છે. આ સાથે જ, વર્ષ 2030 સુધીમાં 500 GW અક્ષય ઊર્જાના નવા લક્ષ્ય હેઠળ 200 GWની ક્ષમતા પણ પ્રાપ્ત કરી લેવામાં આવી છે. પોતાના સંબોધનમાં ભારતની આ સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભારતની ઊર્જા મહત્વાકાંક્ષાઓ પાંચ સ્તંભો પર આધારિત છે. આપણી પાસે સંસાધનો છે, જેનો આપણે જરૂર મુજબ ઉપયોગ કરી રહ્યા છીએ. આપણે આપણા તેજસ્વી દિમાગને આવિષ્કાર કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છીએ. આપણી પાસે આર્થિક મજબૂતી અને રાજકીય સ્થિરતા છે. ભારત પાસે વ્યૂહાત્મક ભૂગોળ છે, જે ઊર્જા વેપારને વધુ આકર્ષક અને સરળ બનાવે છે.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, ભારતના કાંપયુક્ત તટપ્રદેશોમાં





## સિદ્ધિઓ... જેણે આપણી પ્રતિષ્ઠા વધારી

- ભારત પેરિસ G20 લક્ષ્ય પ્રાપ્ત કરનારો પ્રથમ દેશ છે.
- ભારત આજે વિશ્વમાં સૌર ઊર્જાનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.
- છેલ્લા 10 વર્ષમાં ભારતની સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં 32 ગણો વધારો થયો છે.
- પીએમ સૂર્ય ઘર જેવી યોજનાઓ દ્વારા, દેશના સામાન્ય પરિવારો અને ખેડૂતોને ઊર્જાદાતા બનાવવામાં આવ્યા છે. આનાથી સૌર ક્ષેત્રમાં નવા કૌશલ્યનું સર્જન થઈ રહ્યું છે અને એક નવી સર્વિસ ઇકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે.
- હાલમાં ભારતમાં ઈથેનોલ મિશ્રણ દર 19% છે. આનાથી ખેડૂતોની આવકમાં વધારો થયો છે અને વિદેશી હૂંડિયામણની બચત પણ થઈ છે. આ વર્ષે ભારત 20% ઈથેનોલ મિશ્રણ દર હાંસલ કરવા માટે પ્રયત્નશીલ છે.
- ભારતની G20ની અધ્યક્ષતાના સમય દરમિયાન વૈશ્વિક જૈવઈંધણ ગઠબંધનની રચના થઈ હતી અને તે સતત વિકસતું રહ્યુ છે. 28 રાષ્ટ્રો અને 12 આંતરરાષ્ટ્રીય સંગઠનો તેમાં જોડાયા છે. તે વેસ્ટને વેલ્થમાં રૂપાંતરિત કરવાનું કામ કરી રહ્યું છે.

## લક્ષ્ય... જે 5 વર્ષમાં તસવીરને વધુ બદલી નાખશે

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે વિકસિત ભારત માટે આગામી બે દાયકા ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આગામી 5 વર્ષમાં આપણે ઘણા મોટા સીમાચિહ્નો પાર કરવાના છીએ. આપણા ઘણાં ઊર્જા લક્ષ્યો 2030ની સમયમર્યાદા સાથે સુસંગત છે.

- ભારતની કુલ બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત ઊર્જા ક્ષમતા 217.62 GW સુધી પહોંચી ગઈ છે અને દેશ હવે 2030 સુધીમાં 500 GW અક્ષય ઊર્જા ક્ષમતાના મહત્વાકાંક્ષી લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે.
- 2030 સુધીમાં રેલવે માટે શુદ્ધ શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાનું છે.
- વાર્ષિક પાંચ મિલિયન મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવાનું સામેલ છે.
- ભારત હાલમાં વિશ્વનું ચોથું સૌથી મોટું રિફાઈનિંગ હબ છે અને તેની ક્ષમતામાં 20 ટકાનો વધારો કરવા માટે કામ કરી રહ્યું છે.

## ઊર્જા સુરક્ષા માટે લેવામાં આવેલા મહત્વપૂર્ણ પગલાં

- સરકારે EV અને મોબાઈલ ફોન બૅટરીના ઉત્પાદન સાથે સંબંધિત ઘણી વસ્તુઓને મૂળભૂત કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્તિ આપી છે.
- છેલ્લા 10 વર્ષમાં સોલાર PV મોડ્યૂલ ઉત્પાદન ક્ષમતા 2 ગીગાવૉટથી વધીને લગભગ 70 ગીગાવૉટ થઈ ગઈ છે.

**દુનિયાભરના નિષ્ણાતો એ વાત પર ભાર મૂકી રહ્યા છે કે 21મી સદી ભારતની છે. ભારત ફક્ત પોતાના વિકાસને જ નથી આગળ વધી રહ્યું, પરંતુ વિશ્વના વિકાસને પણ આગળ ધપાવી રહ્યું છે, જેમાં ઊર્જા ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## ઊર્જા સંરક્ષણમાં ભારતની શ્રેષ્ઠ કામગીરી

વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારતની ઊર્જા સંરક્ષણ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી રહી છે. આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીના જણાવ્યા અનુસાર, 2010-19 દરમિયાન, વૈશ્વિક ઊર્જા તીવ્રતામાં 2%નો સુધારો થયો, જ્યારે ભારતમાં તે વધારો 2.5% હતો. 2021-24 દરમિયાન વૈશ્વિક ઊર્જા તીવ્રતામાં 1.3%નો સુધારો થયો, જ્યારે ભારતની ઊર્જા તીવ્રતામાં 1.6%નો સુધારો થયો છે.

અસંખ્ય હાઈડ્રોકાર્બન સંસાધનો છે, જેમાંથી કેટલાક પહેલાંથી જ ઓળખી કાઢવામાં આવ્યા છે, જ્યારે અન્યની શોધ ચાલી રહી છે. ભારતના અપસ્ટ્રીમ ક્ષેત્રને વધુ આકર્ષક બનાવવા માટે, સરકારે ઓપન એકરેજ લાઇસન્સિંગ નીતિ રજૂ કરી છે. ઓઈલ ફિલ્ડ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટમાં કરવામાં આવેલા ફેરફારો હવે હિતધારકોને નીતિ સ્થિરતા, વિસ્તૃત લીઝ અને વધુ સારી નાણાકીય શરતો પ્રદાન કરી રહ્યા છે. આ સુધારાઓ દરિયા કિનારાના વિસ્તારમાં તેલ અને ગેસ સંસાધનોની શોધખોળ, ઉત્પાદન વૃદ્ધિ અને વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર જાળવવામાં સુવિધા પૂરી પાડશે. આનાથી નજીકના ભવિષ્યમાં કુદરતી ગેસનો ઉપયોગ વધશે. ■

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નું અમલીકરણ

# સુલભતા અને સમાવેશીતાને પ્રોત્સાહન

**એક વિદ્યાર્થી પોતાના રાષ્ટ્રની કરોડરજ્જૂ સમાન હોય છે, જેના પર તેનું ભવિષ્ય ટકેલું હોય છે. જ્યારે આખું વિશ્વ જ્ઞાનના ક્ષેત્રમાં પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ગોખણપટ્ટીના બદલે કૌશલ્ય સાથે શિક્ષણનું મહત્વ વધી રહ્યું છે. વર્ષ 2020માં, આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને ભારતની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાગુ કરવામાં આવી હતી. આ સાથે જ એક નવો અધ્યાય શરૂ થયો છે જેણે વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતામાં વધારો કરવાની સાથે સાથે તેમનો સર્વાંગી વિકાસ પણ સુનિશ્ચિત કર્યો છે....**

ભારત વિકાસિત થવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે, તેથી આ લક્ષ્ય હાંસલ કરવા માટે, જીવનના દરેક કૌશલ્યથી સજ્જ યુવાનોની સૌથી મોટી જરૂર પડે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ મંત્રને અનુરૂપ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020માં સુદૃઢ મૂળભૂત શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અભિગમનો ઉદ્દેશ્ય અગાઉની ખામીઓમાં સુધારો કરવાનો અને એવું વાતાવરણ તૈયાર કરવાનો છે જ્યાં દરેક બાળકનો સંપૂર્ણ વિકાસ થઈ શકે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉદ્દેશ્ય શૈક્ષણિક અસમાનતાના ચક્રને તોડવાનો છે. ખાસ કરીને વંચિત વિદ્યાર્થીઓ માટે આ ચક્ર તોડવું જરૂરી છે. NEPના અમલીકરણથી, અત્યાર સુધીમાં તેના ખૂબ જ સુખદ પરિણામો પ્રાપ્ત થયા છે. આનું પરિણામ એ આવ્યું છે કે ઝડપથી બદલાઈ રહેલી વૈશ્વિક અર્થવ્યવસ્થા વચ્ચે, ભારત આજે શિક્ષણ સાથે કૌશલ્યને જોડીને એક કૌશલ્યવાન



## ખાનગી શાળાઓ કરતાં સરકારી શાળાઓ મૂળભૂત કૌશલ્યોમાં ઝડપી પ્રગતિ

- 6 થી 14 વર્ષની વય જૂથના બાળકોની નોંધણી 2024માં 98.1 ટકા હતી જે છેલ્લા 20 વર્ષમાં સૌથી વધુ છે.
- 2024માં ધોરણ-1માં ઓછી ઉંમરના બાળકોની સંખ્યા રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ 16.7 ટકાના સૌથી નીચા સ્તરે છે.



***શિક્ષણ ક્ષેત્રમાં આવેલા આ પરિવર્તનને વેગ આપવામાં નિપુણ ભારત મિશને પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ અંતર્ગત લેવામાં આવેલા પગલાંના ઉત્તમ પરિણામો પ્રાપ્ત થયા છે. પરિવર્તનની સફર કયા લક્ષ્યો સાથે શરૂ થઈ તે જાણો...***

**સ્પષ્ટ લક્ષ્ય: વિશિષ્ટ મૂળભૂત કૌશલ્ય પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.**


**નવીન શિક્ષણશાસ્ત્ર: શિક્ષણમાં રસ પેદા કરવા માટે રમકડાંનો ઉપયોગ કરીને વ્યવહારુ અને પ્રાયોગિક શિક્ષણને પ્રોત્સાહન આપવું.**

**ગ્રામીણ અસરકારકતા: શિક્ષણના પરંપરાગત સાધનોના અભાવને દૂર કરવો.**

**શિક્ષક તાલીમ: શિક્ષકોને સંદર્ભ વિશિષ્ટ, અસરકારક શિક્ષણ વ્યૂહનીતિઓથી સજ્જ કરવા માટે સઘન તાલીમ કાર્યક્રમો પૂરા પાડવા.**

## દરેક ડગલે વધુ સારા પરિણામો મળ્યા

### પ્રી-પ્રાઈમરી નોંધણીમાં સતત વધારો




સ્ત્રોત: શિક્ષણની વાર્ષિક સ્થિતિ રિપોર્ટ (ગ્રામીણ) 2024

**70%** કરતાં વધુ પહોંચી ગઈ છે 3 થી 5 વર્ષની વય જૂથના બાળકોમાં પ્રી-સ્કૂલ સ્તરે નોંધણી, આ એક મહત્વપૂર્ણ સુધારો છે.

- આ સુનિશ્ચિત કરે છે કે કોઈને કોઈ સ્વરૂપમાં પ્રારંભિક શિક્ષણ સૌના માટે સુલભ હોય જે એક મહત્વપૂર્ણ વલણ છે.
- મહામારી પછી નોંધણી દરમાં સ્થિરતા આવી છે અને 2018 થી 2024 વચ્ચે 3 થી 5 વર્ષની વય જૂથના શાળાએ ન જઈ રહેલા બાળકોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે.



અને મજબૂત રાષ્ટ્ર તરીકે પોતાને ઘડી રહ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સફળતાનું મૂલ્યાંકન સારી નોંધણી અને જ્ઞાન ક્ષમતા ધરાવતા કૌશલ્યવાન કાર્યબળના આધારે કરી શકાય છે. વાર્ષિક શિક્ષણ સ્થિતિ રિપોર્ટ (ASER) સર્વેનાં પરિણામોમાં પણ આ વાત પ્રકાશમાં આવી છે. દેશવ્યાપી સ્તરે પરિવારોમાં હાથ ધરવામાં આવેલું આ સર્વેક્ષણ ગ્રામીણ ભારતમાં બાળકોની નોંધણી અને અભ્યાસના પરિણામો રજૂ કરે છે.


### પાયાના કૌશલ્યમાં વધારો

વાર્ષિક શિક્ષણ સ્થિતિ રિપોર્ટ 2024માં કોવિડ પહેલાં અને પછીની પરિસ્થિતિનું ખૂબ વિગતવાર વર્ણન રજૂ કરવામાં આવ્યું છે. આ મુજબ, આપણા પ્રાથમિક અને માધ્યમિક વર્ગોના વિદ્યાર્થીઓ કોવિડ સમયગાળા પહેલાંની સરખામણીએ આ સમયગાળામાંથી સ્વસ્થ થયા પછી મૂળભૂત કૌશલ્યોની દૃષ્ટિએ ઘણા સારા સાબિત થયા છે.

## સારા બાળપણ તરફ

### આંગણવાડીનું નેતૃત્વ પ્રાથમિક શિક્ષણનો આધાર

નોંધણીની પેટર્ન




સ્ત્રોતઃ શિક્ષણની વાર્ષિક સ્થિતિ રિપોર્ટ (ગ્રામીણ) 2024

માતાપિતા માટે, આંગણવાડી એ તેમના બાળકના આવશ્યક વિકાસ તરફનું પ્રથમ અને પ્રત્યક્ષ પગલું હોય છે. બાળકોને અહીં પોષણ અને રસીકરણની સુવિધાઓ પણ પ્રાપ્ત થાય છે. NEP હેઠળ, વધુ આંગણવાડીઓ ધરાવતા રાજ્યોમાં વધુ નોંધણી જોવા મળી છે, જેનાથી પ્રારંભિક બાળ વિકાસને મજબૂતી મળી છે.

## સ્માર્ટ અને સુરક્ષિત શિક્ષણ

### હવે ડિજિટલ સાક્ષરતાને કિશોરો અપનાવી રહ્યા છે

14-16 વર્ષ સુધીના કિશોરો


**પહોંચ**

**90%** છોકરા-છોકરીઓના ઘરમાં સ્માર્ટફોન છે

**ડિજિટલ સુરક્ષા**

**55%** કરતાં વધારે લોકો સુરક્ષાના પાસાઓ અંગે સારી રીતે જાણે છે

**76%** સોશિયલ મીડિયા ગતિવિધીઓ માટે આનો ઉપયોગ કરવામાં આવે છે




સ્ત્રોતઃ શિક્ષણની વાર્ષિક સ્થિતિ રિપોર્ટ (ગ્રામીણ) 2024

- **તેઓ શિક્ષણ સંબંધિત માહિતી ઑનલાઇન માહિતી શોધવામાં સહજ છે અને સુરક્ષા સુવિધાઓથી અવગત છે.**

## મજબૂત બનેલી શાળાઓ

### ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારામાં પ્રગતિ

- મહામારી પછી શાળાઓમાં સાફ-સફાઈ અને સ્વચ્છતામાં સુધારો.
- શાળાઓમાં સારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા અને અપગ્રેડ કરેલા વર્ગખંડોને કારણે વિદ્યાર્થીઓની હાજરીમાં નોંધપાત્ર સુધારો થયો છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વધુ સારા જોડાણને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આનાથી શીખવાના પરિણામોમાં પણ સુધારો જોવા મળ્યો છે.

## ડબલ એન્જિન રાજ્યોમાં

### ઉલ્લેખનીય કામગીરી



- ઉત્તરપ્રદેશમાં છેલ્લા 20 વર્ષમાં સાક્ષરતા અને વાંચન-લેખનના કૌશલ્યમાં ખૂબ જ સારો સુધારો જોવા મળ્યો છે.
- મધ્યપ્રદેશમાં 2024 સુધીમાં શાળાઓમાં વીજળીની પહોંચ લગભગ 90% સુધી વધી ગઈ છે જેથી સાક્ષરતા અને સંખ્યામાં પણ નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે.
- ગુજરાતે મૂળભૂત સ્તરે શિક્ષણમાં ખૂબ જ સારી કામગીરી બતાવી છે.

શિક્ષણ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલા આ પરિણામોએ ભારતને પ્રગતિના માર્ગ પર ઝડપથી આગળ વધવા સક્ષમ બનાવ્યું છે. આગામી 5 વર્ષમાં વંચિત બાળકોને આપવામાં આવતી આ સહાય આગામી 25 વર્ષ માટે દેશની દિશા નક્કી કરશે. મહામારી પછી શાળાઓ ફરી શરૂ થવાથી તમામ રાજ્યોમાં શૈક્ષણિક સ્તરે અવિરત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, જેના કારણે બાળકો સુધી શિક્ષણ પહોંચાડવા, સમાવેશીતામાં અને મૂળભૂત શિક્ષણની સુલભતામાં સકારાત્મક પરિણામો સામે આવ્યા છે.

પડકારજનક સમય દરમિયાન બાળકોને શાળામાં રાખવાનો મક્કમ નિર્ધાર અસરકારક સરકારી નીતિઓને રેખાંકિત કરે છે. આ દર્શાવે છે કે સ્કીલ ઈન્ડિયા મિશનને મુખ્ય ઘટક તરીકે રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માત્ર એક યોજના નથી, પરંતુ શિક્ષણના અંતરાયને દૂર કરવા અને 2047 સુધીમાં વિકસિત ભારત માટે ભારતની માનવ સંસાધન મૂડી સ્પર્ધાત્મકતાને સુરક્ષિત કરવા માટે એક વ્યૂહાત્મક રોકાણ છે. ■

અમેરિકા-ફ્રાન્સ પ્રવાસ

# મેક ઈન્ડિયા ગ્રેટ અગેઈન

વ્હાઈટ હાઉસની ઓવલ ઓફિસમાં 13 ફેબ્રુઆરીના રોજ જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત થઈ ત્યારે આખી દુનિયાની નજર તેમના પર હતી. અમેરિકાના સંખ્યાબંધ નિર્ણયોને કારણે જે સમયમાં ઘણા દેશો ભારે ઉથલપાથલનો સામનો કરી રહ્યા હતા, તેવા સમયમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેક અમેરિકા ગ્રેટ અગેઈન સાથે મેક ઈન્ડિયા ગ્રેટ અગેઈનને જોડીને નેશન ફર્સ્ટને સૌથી આગળ રાખ્યું હતું તેમજ પરસ્પર વાતચીતના મુદ્દાઓથી લઈને સંયુક્ત નિવેદન સુધી દરેક તબક્કે બંને દેશો વચ્ચેના સંબંધોની હૂંફ પણ સ્પષ્ટ જોવા મળી રહી હતી...



ભારત તેની યથાર્થવાદની એ નીતિ પર ચાલી રહ્યું છે, જ્યાં કોઈપણ પ્રાદેશિક અથવા વૈશ્વિક લક્ષ્ય માટે ફક્ત હિતોના આધારે સંબંધો બનાવવાને બદલે, તે તેના હિત સાથે જોડાયેલા મૂલ્યોના આધારે તે સંતુલિત હોય છે. ખાસ કરીને એવાં મૂલ્યો કે જે એક ઉભરતી શક્તિ સાથે સંબંધિત હોય, જેના ઈરાદા વિસ્તરણવાદીને બદલે સમાનતાની ભાવના સાથે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે તેની ભૂમિકાને વધારતા હોય. દુનિયામાં ભારતની આ બદલાયેલી ભૂમિકાને કારણે, સમય જતાં અમેરિકા સાથેના તેના સંબંધો વધુ મજબૂત બન્યા છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વ્યૂહાત્મક ભાગીદારીથી લઈને વેપાર, ટેકનોલોજી, આતંકવાદ વિરોધી વલણ, ઊર્જા જેવા દ્વિપક્ષીય મુદ્દાઓ પર બંને દેશો વચ્ચેની નિકટતા વિશ્વની સમક્ષ છે. સંબંધોમાં આ મજબૂતી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત દરમિયાન પણ જોવા મળી હતી, જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે, 'મને તમારી ખૂબ યાદ આવી.' રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને 'એક મહાન મિત્ર' અને 'એક અદ્ભુત વ્યક્તિ' પણ ગણાવ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન ભારત-અમેરિકા વચ્ચેના સંબંધોના વધી રહેલા વ્યાપને પણ યાદ કર્યો હતો અને તેમના બીજા કાર્યકાળ માટે તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમેરિકાના લોકો રાષ્ટ્રપતિ ટ્રમ્પના મેક અમેરિકા ગ્રેટ અગેઈન (MAGA)થી પરિચિત છે. ભારતના લોકો પણ વારસા અને વિકાસના માર્ગ પર વિકસિત ભારત 2047 તરફ આગળ વધી રહ્યા છે. વિકસિત ભારતનો અર્થ છે મેક ઈન્ડિયા ગ્રેટ અગેઈન એટલે કે MIGA. જ્યારે ભારત અને અમેરિકા સાથે મળીને કામ કરે છે, ત્યારે MAGA + MIGA બની જાય છે એટલે કે MEGA ભાગીદારી બની જાય છે. મેગા પાર્ટનરશીપ ફોર પ્રોસ્પરેટી અને આ જ મેગા સ્પિરિટ આપણા લક્ષ્યોને નવી વ્યાપકતા અને અવકાશ આપે છે. બેઠકમાં બહુપક્ષીય સહયોગ અને ગેરકાયદેસર પ્રવાસી નાગરિકો સહિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પે 'યુએસ - ઈન્ડિયા કોમ્પેક્ટ'ની શરૂઆત પણ કરી હતી, જેનો હેતુ સૈન્ય ભાગીદારી, ઝડપી વાણિજ્ય અને ટેકનોલોજી માટે તકોને વેગ આપવાનો છે.

## ઊર્જા સુરક્ષા તરફ મહત્વપૂર્ણ પગલું

અમેરિકાએ ભારતને આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીમાં પૂર્ણ સભ્ય તરીકે સામેલ કરવા માટે પોતાનું મજબૂત સમર્થન આપ્યું હતું. અમેરિકાએ ભારતને ઊર્જા વેપાર વધારવા અને ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ક્રૂડ ઓઈલ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને કુદરતી ગેસના મુખ્ય પુરવઠાકાર તરીકે સ્થાપિત કરવા માટે સમર્થન આપ્યું હતું. ભારત અને અમેરિકાએ 123 નાગરિક પરમાણુ કરારના સંપૂર્ણ અમલીકરણની જાહેરાત કરી હતી.

- અમેરિકા ભારતનો મુખ્ય તેલ અને ગેસ પુરવઠાકાર બનશે.
- ભારતમાં અમેરિકી પરમાણુ ઉદ્યોગને મોટો વેગ મળશે.
- ભારતમાં અમેરિકી પરમાણુ ટેકનોલોજીનું સ્વાગત કરવા માટે કાયદાઓમાં સુધારો.



## વેપાર અને રોકાણમાં સહયોગ વધશે

ભારત અને અમેરિકાએ દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવા માટે એક સાહસિક નિર્ણય લીધો છે. 'મિશન 500' હેઠળ, 2030 સુધીમાં કુલ દ્વિપક્ષીય વેપારને બમણા કરતાં વધુ કરીને 500 અબજ ડૉલર સુધી લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. અમેરિકાએ ભારતના કૃષિ ઉત્પાદનો માટે બજાર પહોંચ વધારવાના નિર્ણયનું સ્વાગત કર્યું છે, તેમજ બોર્બોન, મોટરસાયકલ, ICT ઉત્પાદનો અને ધાતુઓના ક્ષેત્રોમાં અમેરિકન ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવાનો નિર્ણય પણ લીધો છે. ભારતે કેરી અને દાડમની નિકાસ વધારવા માટે અમેરિકા દ્વારા લેવામાં આવેલા પગલાંની પ્રશંસા કરી છે.

## સંરક્ષણ સંબંધો માટે 10 વર્ષનું માળખું

- સંરક્ષણ સંબંધોને વધુ આગળના સ્તરે લઈ જવા માટે અને આ વર્ષે 21મી સદીમાં યુએસ-ભારત મુખ્ય સંરક્ષણ ભાગીદારી માટે 10 વર્ષના નવા માળખાની જાહેરાત કરવામાં આવી છે.
- ભારતની સંરક્ષણ જરૂરિયાતોને ઝડપથી પૂર્ણ કરવા માટે એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ જેવલિન અને ઈન્ફેન્ટ્રી કોમ્બેટ વ્હીકલ સ્ટ્રાઈકરના સહ-ઉત્પાદન પર કામ કરવામાં આવશે.
- હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ભારતના દરિયાઈ દેખરેખને ટેકો આપવા માટે છ વધારાના P-8I સમુદ્રી પેટ્રોલિંગ એરક્રાફ્ટ ખરીદવામાં આવશે.

**ભારત માટે F-35 સ્ટીલ્થ ફાઈટર મેળવવાનો માર્ગ મોકળો થયો છે.**

**અમેરિકા ભારતને અબજો ડૉલરનો સૈન્ય પુરવઠો પૂરો પાડશે.**



## દુનિયાના સૌથી મોટા વેપાર માર્ગ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ કોરિડોર પર પણ ચર્ચા

- ભારત અને અમેરિકા સાથે મળીને આ ઐતિહાસિક વેપાર માર્ગનું નિર્માણ કરશે.
- આ માર્ગ ભારત, ઇઝરાયલ, ઇટાલી અને અમેરિકાને જોડશે.
- રોડ, રેલ અને દરિયાઈ કેબલ્સને એકીકૃત કરવામાં આવશે.
- આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદારીને મોટો વેગ મળશે.

### ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ પર સાથે મળીને કામ કરીશું

ભારત અમેરિકામાં ગેરકાયદે રીતે વસતા ચકાસણી કરવામાં આવેલા ભારતીય નાગરિકોને પાછા લેવા માટે તૈયાર છે. પીએમ મોદીએ કહ્યું હતું કે ભારતમાંથી ગેરકાયદે રીતે અમેરિકા આવેલા લોકો સામાન્ય પરિવારના છે. આ માનવ તસ્કરીનો કેસ પણ છે. તેથી, ભારત અને અમેરિકાએ સાથે મળીને કામ કરવું પડશે અને તેની સમગ્ર ઇકોસિસ્ટમનો નાશ કરવો પડશે.

### અમેરિકા-ભારત સંબંધો વધુ મજબૂત બન્યા

- લોસ એન્જલસ અને બોસ્ટનમાં ટૂંક સમયમાં નવા ભારતીય વાણિજ્ય દૂતાવાસ ખુલશે.
- અમેરિકી યુનિવર્સિટીઓને ભારતમાં ઓફશોર કેમ્પસ સ્થાપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું.
- લોકો વચ્ચે પરસ્પર સંબંધોને પ્રોત્સાહન આપવામાં આવશે.

> *અવકાશના ક્ષેત્રમાં અમેરિકા સાથે આપણો ગાઢ સહયોગ રહ્યો છે. ઇસરો અને નાસાના પારસ્પરિક સહયોગથી બનેલ NISAR ઉપગ્રહ ટૂંક સમયમાં ભારતીય પ્રક્ષેપણ વાહન પર અવકાશમાં ઉડાન ભરશે.*





### ઇનોવેશન અને ટેકનોલોજી પર મજબૂત ભાગીદારી

બંને દેશોએ યુએસ-ઇન્ડિયા ટ્રાન્સફોર્મિંગ ધ રિલેશનશીપ યુટિલાઇઝિંગ સ્ટ્રેટેજીક ટેકનોલોજી (ટ્રસ્ટ), AI ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટેનો રોડમેપ અને ઇન્ડસ ઇનોવેશન જેવી નવી પહેલોની જાહેરાત કરી હતી. આ પહેલો બંને દેશો વચ્ચે સંરક્ષણ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર, ક્વૉન્ટમ, બાયોટેકનોલોજી, ઊર્જા અને અવકાશ જેવા ક્ષેત્રોમાં અદ્યતન તકનીકોના વિકાસ અને સલામત ઉપયોગને સુનિશ્ચિત કરવા માટે સરકારી, શૈક્ષણિક અને ખાનગી ક્ષેત્રના સહયોગને મજબૂત બનાવશે.

### આતંકવાદ સામે કડક કાર્યવાહી... તહવ્વુર રાણાના પ્રત્યાર્પણને મંજૂરી



બંને દેશોએ વિશ્વના દરેક ખૂણામાંથી આતંકવાદીઓના સુરક્ષિત આશ્રયસ્થાનોને નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો છે. મુંબઈના 26/11 હુમલા અને 26 ઓગસ્ટ, 2021ના રોજ અફઘાનિસ્તાનમાં એબી ગેટ બોમ્બ વિસ્ફોટ જેવા જઘન્ય કૃત્યોને રોકવા માટે અલ કાયદા, ISIS, જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા સહિતના આતંકવાદી જૂથો સામે સહયોગ મજબૂત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમેરિકાએ જાહેરાત કરી હતી કે તેણે તહવ્વુર રાણાને ભારતમાં પ્રત્યાર્પિત કરવાની મંજૂરી આપી દીધી છે.




### રાષ્ટ્રપતિ ટ્રમ્પે પુસ્તક ભેટમાં આપ્યું, લખ્યું...

## મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર, યુ આર ગ્રેટ

***પ્રધાનમંત્રી મોદી તેમની યુએસ મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ ટ્રમ્પની સાથે સાથે ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વોલ્ટ્ઝ, રાષ્ટ્રીય ગુપ્તચર નિર્દેશક તુલસી ગાબાર્ડ અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીના વડા તેમજ ટેસ્લાના CEO એલોન મસ્કને મળ્યા હતા.***

- રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને 'અવર જર્ની ટુગેધર' પુસ્તક ભેટમાં આપ્યું હતું. 320 પાનાના આ પુસ્તકમાં 2019માં યોજાયેલા 'હાઉડી મોદી' કાર્યક્રમ અને 2020માં યોજાયેલા 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમના ચિત્રો છે. ટ્રમ્પે આ પુસ્તક પર એક સંદેશ લખ્યો હતો - મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર, યુ આર ગ્રેટ.
- પીએમ મોદીએ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના પુત્ર ઈવાનને મધુબની લોક ચિત્રકળા વાળો એક કોયડો, તેમના બીજા પુત્ર વિવેકને લાકડામાંથી બનાવેલી રેલવેના રમકડાનો સેટ અને પુત્રી મીરાબેલ રોઝ વાન્સને લાકડાના મૂળાક્ષરો ભેટમાં આપ્યા હતા.
- એલોન મસ્કે પીએમ મોદીને સ્પેસએક્સના સ્ટારશિપ ફ્લાઈટ ટેસ્ટ 5ના હીટ શિલ્ડથી બનેલો મોમેન્ટો આપ્યો હતો. આ કવચ અવકાશયાનને અતિશય તાપમાનથી રક્ષણ આપે છે. બીજી તરફ, પીએમ મોદીએ મસ્કના બાળકોને રવિન્દ્રનાથ ટાગોરની "ધ ક્રેસન્ટ મૂન", "ધ ગ્રેટ આર.કે. નારાયણ કલેક્શન" અને વિષ્ણુ શર્માનું "પંચતંત્ર" પુસ્તક ભેટમાં આપ્યું હતું.






# ભારત-ફ્રાન્સ વચ્ચે મજબૂત બનતો વ્યૂહાત્મક સહયોગ

ભારત અને ફ્રાન્સ વચ્ચે લાંબા સમયથી સાંસ્કૃતિક, વ્યાપારિક અને આર્થિક સંબંધો છે. બંને દેશો વચ્ચેના સંબંધોના મૂળમાં સંરક્ષણ ભાગીદારી છે. 26 જાન્યુઆરી, 2025ના રોજ, ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીને 27 વર્ષ પૂર્ણ થયા છે. બંને દેશો વચ્ચેના સંબંધો અને સહયોગને મજબૂત બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છઠ્ઠી વખત ફ્રાન્સની મુલાકાતે ગયા હતા. ત્યાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય સંબંધો, મુખ્ય વૈશ્વિક પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી તેમજ સંરક્ષણ, નાગરિક પરમાણુ ઊર્જા અને અવકાશ જેવા વ્યૂહાત્મક સહયોગની સમીક્ષા કરવામાં આવી હતી.

ભારત-ફ્રાન્સ વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોના મુખ્ય આધારસ્તંભ સંરક્ષણ, સુરક્ષા, નાગરિક પરમાણુ બાબતો અને અવકાશ સહયોગ છે. તેમાં હવે એક મજબૂત ઈન્ડો-પેસિફિક ઘટકનો પણ સમાવેશ થયો છે. તાજેતરના વર્ષોમાં ભાગીદારીમાં દરિયાઈ સુરક્ષા, ડિજિટલાઈઝેશન, સાઈબર સુરક્ષા અને અદ્યતન કમ્પ્યૂટિંગ, આતંકવાદનો સામનો, આબોહવા પરિવર્તન, અક્ષય ઊર્જા - ટકાઉક્ષમ વિકાસ અને વૃદ્ધિનો પણ સમાવેશ થયો છે. આને શૃંખલાને આગળ ધપાવતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પારસ્પરિક ચર્ચા કર્યા પછી આરોગ્ય, સંસ્કૃતિ, પર્યટન, શિક્ષણ અને લોકો વચ્ચેના પરસ્પર સંબંધો પર સંતોષ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત, ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર, વૈશ્વિક મંચો અને પહેલોમાં પરસ્પર જોડાણને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બંને દેશો વચ્ચેના પારસ્પરિક સંબંધોના ક્ષેત્રમાં પણ ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોને અંતિમ રૂપ આપવામાં આવ્યું છે.

બંને નેતાઓએ કહ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાની તાત્કાલિક જરૂર છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ સહિત બહુપક્ષીય મંચો પર નજીકથી સંકલન કરવા માટે બંને દેશો સંમત થયા છે. ફ્રાન્સે ફરી એકવાર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદનો પુનરોચ્ચાર કર્યો હતો. બંને દેશો માર્ચ 2026માં નવી દિલ્હીમાં ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષની ઉજવણી કરશે. બંને દેશોએ સરહદ પારના આતંકવાદ સહિત તમામ સ્વરૂપોના આતંકવાદની સ્પષ્ટપણે નિંદા કરી હતી. આતંકવાદીઓ

> નોકરી ગુમાવવી એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું સૌથી ભયાનક પાસું છે પરંતુ, ઈતિહાસ દર્શાવે છે કે ટેકનોલોજીના કારણે નોકરીઓ ખતમ થતી નથી. તેની પ્રકૃતિ બદલાય છે અને નવા પ્રકારની નોકરીઓનું સર્જન થાય છે. આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંચાલિત ભવિષ્ય માટે આપણા લોકોને કૌશલ્ય અને પુનઃકૌશલ્ય પૂરું પાડવામાં રોકાણ કરવાની જરૂર છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**





## ફ્રેન્ચ કંપનીઓને પ્રધાનમંત્રીનું આમંત્રણ

પ્રધાનમંત્રી મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનએ પેરિસમાં યોજાયેલી 14મી ભારત-ફ્રાન્સ CEO ફોરમમાં સંયુક્ત રીતે સંબોધન આપ્યું હતું. પ્રધાનમંત્રીએ ફોરમમાં આવેલા ફ્રેન્ચ કંપનીઓના CEOને ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું અને સંખ્યાબંધ ઉભરતા ક્ષેત્રોમાં ઉપલબ્ધ તકોનો ઉલ્લેખ કરીને ફ્રેન્ચ કંપનીઓને ભારત સાથે ભાગીદારી કરવાનું આહ્વાન કર્યું હતું.

## ભારત આગામી AI શિખર સંમેલનનું આયોજન કરશે

ભારત આગામી AI શિખર સંમેલનનું આયોજન કરશે. ફ્રાન્સના પેરિસમાં યોજાયેલા AI શિખર સંમેલનના સહ-અધ્યક્ષપદે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઓફર કરી હતી અને તેને સ્વીકારવામાં આવી હતી. AI શિખર સંમેલનના સહ-અધ્યક્ષપદેથી, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે AI એક એવી ટેકનોલોજી છે જે રાજનીતિ, અર્થતંત્ર, સુરક્ષા, શિક્ષણ, કૃષિ, આરોગ્ય અને સમાજ સહિત અનેક ક્ષેત્રોમાં સુધારો કરીને લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, ભારત તેની વિવિધતાને ધ્યાનમાં રાખીને AI માટે પોતાનું વિશાળ ભાષા મોડલ તૈયાર કરી રહ્યું છે.

ભંડોળ પૂરું પાડનારા નેટવર્ક અને તેમના માટે સલામત આશ્રયસ્થાનોને તોડી પાડવા અંગે સંમતિ સાધવામાં આવી હતી. એ બાબતે પણ સંમતિ સાધવામાં આવી હતી કે કોઈપણ દેશે આતંકવાદી કૃત્યોને નાણાં પૂરા પાડનારા, સમર્થન આપનારા અથવા આચરનારાઓને સુરક્ષિત આશ્રય આપવો જોઈએ નહીં. જૈતાપુર પરમાણુ ઊર્જા પ્લાન્ટ પ્રોજેક્ટ અંગે નાગરિક પરમાણુ સંબંધો અને પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગ પર ભારત-ફ્રાન્સ સંમત થયા છે. બંને નેતાઓએ નાણાકીય સમાવેશીતા અને નારી સશક્તિકરણના ક્ષેત્રોમાં 13 મિલિયન યુરો ઈક્વિટી ભાગીદારીને આવકારી હતી. દ્વિપક્ષીય બેઠકમાં, ભારત અને ફ્રાન્સ વચ્ચે 1966માં થયેલા પ્રથમ સાંસ્કૃતિક કરારની 60મી વર્ષગાંઠની ઉજવણી માટે 2026માં અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવા પર પણ સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે જ, 2030 સુધીમાં ફ્રાન્સમાં 30 હજાર ભારતીય વિદ્યાર્થીઓના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વધુ સારું વાતાવરણ બનાવવામાં આવશે. આ સંખ્યા 2025માં 10,000 સુધી પહોંચી જશે તેવી આશા છે. ■




**ભારત ટેક્સ**

# વિકસિત ભારતની સંભાવનાઓનું દર્શન

***પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી, ભારતમાં પરંપરાગત પોશાકની એક વિશાળ શ્રેણી છે જે ભારતની સાંસ્કૃતિક વિવિધતા બતાવે છે. આજે, ભારત 3 લાખ કરોડ રૂપિયાના કાપડ અને વસ્ત્રોનો છઠ્ઠો સૌથી મોટો નિકાસકાર દેશ બની ગયો છે અને હવે 2030 સુધીમાં તેને વધારીને 9 લાખ કરોડ રૂપિયા સુધી લઈ જવાનું લક્ષ્ય છે. 14 થી 17 ફેબ્રુઆરી દરમિયાન દેશની રાજધાનીમાં આવેલા ભારત મંડપમ ખાતે યોજાયેલા ભારત ટેક્સ-2025 જેવા વૈશ્વિક કાર્યક્રમો દ્વારા આને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે, જેમાં 120થી વધુ દેશોએ ભાગ લીધો હતો...***

ભારતના કુલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં કાપડ ક્ષેત્ર 2% કરતાં વધુ યોગદાન આપે છે અને કૃષિ ક્ષેત્ર પછી બીજા ક્રમનું સૌથી મોટું એવું ક્ષેત્ર છે જે 4.5 કરોડ કર્મચારીઓને રોજગારી પૂરી પાડે છે. ભારત હાલમાં વિશ્વ કાપડ અને વસ્ત્ર બજારમાં 4.5 ટકા હિસ્સો ધરાવે છે અને તેની નિકાસનો આંકડો 37 અબજ ડૉલર છે. સફળતાના આ આંકડા પાછળ, એક દાયકાની સખત મહેનત અને નીતિઓ કારણભૂત છે જેના દ્વારા ભારતીય કાપડ ક્ષેત્ર આટલી ઊંચાઈ સુધી પહોંચી શક્યું છે. 'ભારત ટેક્સ 2025'માં સંબોધન આપતી વખતે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક દાયકાની આ સફરનો ઉલ્લેખ કરવાની સાથે સાથે નવી વિચારસરણી અને નવા વચન સાથે આ ક્ષેત્રને આગળ લઈ જવાના તેમના સંકલ્પનો પુનરોચ્ચાર પણ કર્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે છેલ્લા દાયકામાં આપણા કાપડ ક્ષેત્રમાં વિદેશી રોકાણ વધીને બમણું થઈ ગયું છે. દેશના સૌથી મોટા રોજગાર ઉત્પન્ન કરતા ઉદ્યોગોમાં કાપડ ઉદ્યોગ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. જ્યારે આ ક્ષેત્રમાં રોકાણ આવી રહ્યું છે અને વિકાસ થઈ રહ્યો છે, ત્યારે કાપડ ક્ષેત્રમાં કામ કરી રહેલા લાખો લોકોને પણ તેનો લાભ મળી પ્રાપ્ત થઈ રહ્યો છે. આ ક્ષેત્ર ભારતના વિનિર્માણમાં 11 ટકા યોગદાન આપી રહ્યું છે. આ જ કારણ છે કે સરકારે આ વર્ષના બજેટમાં મિશન મેન્યુફેક્ચરિંગ પર ભાર મૂક્યો છે.

### 5F થી વિકાસના નવા માર્ગ સુધી

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે ગયા વર્ષે ભારત ટેક્સમાં, મેં કાપડ ઉદ્યોગમાં ફાર્મ, ફાઈબર, ફેબ્રિક, ફેશન અને ફોરેન જેવા 5F પરિબળો વિશે વાત કરી હતી. આ વિઝન હવે ભારત માટે એક મિશન બની રહ્યું છે. આ મિશન ખેડૂતો, વણકરો, ડિઝાઈનરો અને વેપારીઓ માટે વિકાસના નવા માર્ગો ખોલી રહ્યું છે.



## ભારતના કાપડ ઉદ્યોગ માટે સૌથી મોટું પ્લેટફોર્મ

દેશના કાપડ ક્ષેત્રના સૌથી મોટા વૈશ્વિક કાર્યક્રમ તરીકે ગયા વર્ષથી દર વર્ષે ભારત ટેક્સનું આયોજન કરવામાં આવે છે. આ વખતે આ કાર્યક્રમ 14 થી 17 ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા, કાચા માલથી લઈને તૈયાર ઉત્પાદનો સુધીની સમગ્ર કાપડ મૂલ્ય શૃંખલાને એક જ જગ્યાએ, એક જ પ્લેટફોર્મ પર એકસાથે લાવવામાં આવી હતી. ભારત ટેક્સ પ્લેટફોર્મ એ કાપડ ઉદ્યોગનો સૌથી મોટો અને સૌથી વ્યાપક કાર્યક્રમ છે, જેમાં બે સ્થળોએ ફેલાયેલો મેગા એક્સ્પોનો સમાવેશ થાય છે. સમગ્ર કાપડ ઈકોસિસ્ટમને પ્રદર્શિત કરવામાં આવે છે. ઈન્ડિયા ટેક્સ 2025માં નીતિ નિર્માતાઓ અને વૈશ્વિક CEO ઉપરાંત 5000 કરતાં વધુ પ્રદર્શકો, 120થી વધુ દેશોના 6,000 આંતરરાષ્ટ્રીય ખરીદદારો હાજર રહ્યા હતા.

## ટેકનોલોજી સાથે લોકોને કૌશલ્ય

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે કોઈપણ ક્ષેત્ર ત્યારે જ પ્રગતિ કરે છે જ્યારે તેના માટે કૌશલ્યવાન શ્રમબળ ઉપલબ્ધ હોય. કાપડ ઉદ્યોગમાં, સૌથી મોટી ભૂમિકા કૌશલ્યની હોય છે. એટલા માટે અમે કાપડ ઉદ્યોગ માટે કૌશલ્યવાન પ્રતિભાઓનો સમૂહ બનાવવા માટે પણ કામ કરી રહ્યા છીએ. અમારો એ પણ પ્રયાસ છે કે ટેકનોલોજીના આ યુગમાં, હાથસાળની વિશ્વસનીયતા અને હાથની કૌશલ્યને પણ સમાન મહત્વ મળે. હાથશાળ કારીગરોનું કૌશલ્ય વૈશ્વિક બજારો સુધી પહોંચવું જોઈએ, તેમની ક્ષમતાઓ વધવી જોઈએ અને તેમને નવી તકો મળવી જોઈએ. અમે પણ આ દિશામાં કામ કરી રહ્યા છીએ. છેલ્લાં 10 વર્ષમાં, હેન્ડલૂમને પ્રોત્સાહન આપવા માટે 2,400થી વધુ મોટા માર્કેટિંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. હેન્ડલૂમ ઉત્પાદનોના ઑનલાઈન માર્કેટિંગને પ્રોત્સાહન આપવા માટે India-hand-made નામનું એક ઈ-કોમર્સ પ્લેટફોર્મ પણ બનાવવામાં આવ્યું છે.

### દૂરંદેશી દષ્ટિકોણ પર વિશેષ ભાર

કાપડ ક્ષેત્રની સમસ્યાઓના ઉકેલ અને સંભાવનાઓનું સર્જન કરવાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, આના માટે અમે એક દૂરંદેશી અને લાંબા ગાળાના દષ્ટિકોણ સાથે કામ કરી રહ્યા છીએ. દુનિયાના કપાસ બજારમાં ભારતનો હિસ્સો મજબૂત કરવા અને તેને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે, કપાસ ઉત્પાદકતા મિશનની જાહેરાત કરવામાં આવી છે.

### ઉભરતા ક્ષેત્રો પર ખાસ ફોકસ

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે અમારું ધ્યાન ટેકનિકલ ટેક્સટાઈલ જેવા કાપડ ક્ષેત્રના ઉભરતા ક્ષેત્રો પર કેન્દ્રિત છે. તેમણે કહ્યું હતું કે જ્યારે હું ગુજરાતનો મુખ્યમંત્રી હતો, ત્યારે હું કાપડના ઉદ્યોગપતિઓ સાથે મુલાકાતો કરતો હતો. તે સમયે જ્યારે હું તેમની સાથે ટેકનિકલ ટેક્સટાઈલ વિશે વાત કરતો હતો, ત્યારે તેઓ મને પૂછતા હતા કે, તમને શું જોઈએ છે, આજે મને એ વાતનો આનંદ છે કે ભારત આમાં પોતાની ઓળખ ઉભી કરી રહ્યું છે. આપણે સ્વદેશી કાર્બન ફાઈબર અને તેમાંથી બનેલા ઉત્પાદનોને પ્રોત્સાહન આપી રહ્યા છીએ. ભારત પણ ઉચ્ચ-કક્ષાના કાર્બન ફાઈબરના ઉત્પાદન તરફ આગળ વધી રહ્યું છે. આ પ્રયાસોની સાથે જ, અમે કાપડ ક્ષેત્ર માટે જરૂરી નીતિગત નિર્ણયો પણ લઈ રહ્યા છીએ.

### ખાદી ફોર નેશનથી ખાદી ફોર ફેશન સુધી

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે પહેલાંના સમયમાં દુનિયાના અન્ય દેશો અમને કહેતા હતા કે કાળા રંગના કપડા પહેરો, અમે પહેરીએ છીએ. હવે આપણે દુનિયાને કહીશું કે શું પહેરવું. એટલા માટે આજે એક તરફ, પરંપરાગત ખાદીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, અને બીજી તરફ, ફેશનના ટ્રેન્ડ્સનું પણ AI દ્વારા વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. આજે ખાદી જે રીતે પ્રગતિ કરી રહી છે અને વિશ્વના લોકો માટે આકર્ષણનું કારણ બની રહી છે ત્યારે આપણે આનો વધુ પ્રચાર કરવો જોઈએ. પહેલાં જ્યારે સ્વતંત્રતા ચળવળ ચાલી રહી હતી, ત્યારે ખાદી ફોર નેશન હતી, જ્યારે હવે ખાદી ફોર ફેશન હોવી જોઈએ.

પીએમ મોદીએ કહ્યું હતું કે, સેંકડો વર્ષ પહેલાં જ્યારે ભારત સમૃદ્ધિના શિખર પર હતું, ત્યારે કાપડ ઉદ્યોગે તે સમૃદ્ધિમાં મોટી ભૂમિકા ભજવી હતી. આજે, જ્યારે આપણે વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છીએ, ત્યારે ફરી એકવાર કાપડ ક્ષેત્ર તેમાં મોટું યોગદાન આપવા જઈ રહ્યું છે. ભારત ટેક્સ જેવા કાર્યક્રમોનું આયોજન આ ક્ષેત્રમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવી રહી છે. મને વિશ્વાસ છે કે આ આયોજન દર વર્ષે સફળતાના નવા કિર્તીમાન સ્થાપિત કરશે અને નવી ઊંચાઈઓને સ્પર્શશે. ■

ET નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું

# વિકસિત ભારતનો અસલ પાયો છે વિશ્વાસ

બ્રિટિશ શાસનના યુગની માનસિકતામાંથી લોકોને મુક્તિ અપાવીને ન્યાય વિતરણ પ્રણાલીને ઝડપી બનાવવાની વાત હોય કે પછી ગામડાઓમાં મિલકતના વિવાદોને દૂર કરીને પરસ્પર વિશ્વાસ વધારવાની વાત હોય, પ્રગતિના માર્ગમાં પાછળ રહી ગયેલા મહત્વાકાંક્ષી જિલ્લાઓ માટે વિશેષ કાર્યક્રમો હાથ ધરવાના હોય કે બેંકિંગ પ્રણાલીમાં સુધારો કરીને ગામડાઓમાં ગરીબો સુધી પહોંચવાની વાત હોય. 'ફીઅર ઓફ બિઝનેસ'ના વિચારને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'માં પરિવર્તિત કરવાનો હોય કે પછી દેશને ઔદ્યોગિક ક્રાંતિ 4.0 માટે તૈયાર કરવાનો હોય અને વિકસિત ભારત તરફની સફરમાં ખાનગી ક્ષેત્રને ભાગીદાર બનાવવાનું હોય. એક દાયકાની કામગીરી દ્વારા, કેન્દ્ર સરકારે નાગરિકો, સરકાર અને વ્યવસાયિકો સૌના માટે 'વિશ્વાસ'ને આવશ્યક બનાવ્યો છે...




ભારત આજે વૈશ્વિક મંચ પર પહેલાં કરતાં વધુ મજબૂત અને આત્મવિશ્વાસથી છલકાતું દેખાય છે અને તેની પાછળ સુધારાના રૂપમાં એવા પગલાં જવાબદાર છે, જેણે સુધારાઓની નવી ક્રાંતિને જન્મ આપ્યો છે. સતત ત્રીજી વખત સરકાર બનાવવામાં જનતાનો વિશ્વાસ એક મહત્વપૂર્ણ પરિબળ રહ્યો છે. ET નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટ 2025માં બોલતી વખતે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા દાયકામાં થયેલી પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, જરા વિચાર કરી જુઓ કે, જો આ સુધારાઓ ન કરવામાં આવ્યા હોત, તો શું આટલા બધા ફેરફારો શક્ય બન્યા હોત? પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે કોંગ્રેસના સમયમાં પણ દેશ તો ચાલી જ રહ્યો હતો, પરંતુ તે સમયે વિકાસની ગતિ અને ભ્રષ્ટાચારની ગતિ કેટલી હતી એ દેશે જોયું જ હતું. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે જો આવી સ્થિતિ જ ચાલુ રહી હોત તો દેશનો એક મહત્વપૂર્ણ સમયગાળો નાશ પામ્યો હોત.

દેશના અર્થતંત્ર અને આર્થિક વિકાસની દિશા અને સ્થિતિ વિશે વાત કરતી વખતે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ અને એક દાયકાની તેમની સફરના પરિણામોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે 2014માં તો કોંગ્રેસની સરકાર એવું લક્ષ્ય નક્કી કરીને ચાલી રહી હતી કે આપણે 2044 સુધીમાં ભારતને વિશ્વની 11મી સૌથી મોટી અર્થવ્યવસ્થામાંથી આગળ વધારીને ત્રીજા ક્રમની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવીશું. 30 વર્ષનો સમયગાળો... તે વખતે વિકાસની ગતિ આટલી હતી. હવે આપણે જોઈ શકીએ છીએ કે માત્ર એક દાયકામાં ભારત વિશ્વની ટોચની પાંચમી અર્થવ્યવસ્થા બની ગયું છે. તેમણે કહ્યું હતું, "હું સંપૂર્ણ જવાબદારી સાથે કહી રહ્યો છું કે આગામી થોડા વર્ષોમાં તમે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનતા જોશો."

# NPAને પાછળ છોડીને, આજે બેંક સવા લાખ કરોડના નફામાં છે

બેંકિંગ ક્ષેત્રમાં કરવામાં આવેલા સુધારાઓની રૂપરેખા રજૂ કરતી વખતે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, 10 વર્ષ પહેલાં એવી દલીલ કરવામાં આવતી હતી કે દેશમાં કોઈ બેંક શાખાઓ નથી, તો નાણાકીય સમાવેશ કેવી રીતે થશે? આજે, દેશના લગભગ દરેક ગામની 5 કિલોમીટરની ત્રિજ્યામાં બેંક શાખા અથવા બેંકિંગ કોરસપોન્ડન્ટ ઉપલબ્ધ છે. આજે MSME માટે લોન મેળવવી ખૂબ જ સરળ બની ગઈ છે. આજે, શેરી વિક્રેતાઓને પણ સરળ લોન સાથે જોડી દેવામાં આવ્યા છે. ખેડૂતોને આપવામાં આવતી લોનની રકમ પણ બમણી કરતાં વધારે થઈ ગઈ છે. 10 વર્ષ પહેલાં સુધી, બેંકોના રેકોર્ડ કૌભાંડો અને NPAના સમાચારો અખબારોમાં છપાતા હતા. આજે, એપ્રિલથી ડિસેમ્બર સુધીમાં, સરકારી બેંકોએ 1.25 લાખ કરોડ રૂપિયાથી વધુનો વિક્રમી નફો નોંધાવ્યો છે.

## 'ફીઅર ઓફ બિઝનેસ'ના સ્થાને હવે 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ'

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે છેલ્લા દાયકામાં, 'ફીઅર ઓફ બિઝનેસ'ના સ્થાને હવે 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' આવી ગયું છે. GSTના કારણે, દેશમાં જે એક બજારની વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે તેનો પણ ઉદ્યોગોને મોટો ફાયદો થઈ રહ્યો છે. છેલ્લા દાયકામાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત સુવિધાઓમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. આના કારણે, દેશમાં લોજિસ્ટિક્સ ખર્ચ ઘટી રહ્યો છે અને ક્ષમતા વધી રહી છે. જન વિશ્વાસ 2.0 સાથે સેંકડો અનુપાલન દૂર કરવામાં આવ્યા અને હવે હજુ પણ અનુપાલનમાં ઘટાડો કરી રહ્યા છીએ. મારું દઢપણે એવું માનવું છે કે સમાજમાં સરકારની દખલગીરી ઓછી થવી જોઈએ અને આ હેતુ માટે સરકાર એક પંચનું ગઠન કરવાની પણ તૈયારી કરી રહી છે.

## અત્યારે કામગીરી આધારિત રાજનીતિનો સમય છે

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, આજે આપણી રાજનીતિ કામગીરી આધારિત બની ગઈ છે. હવે, ભારતના લોકોએ સ્પષ્ટપણે કહી દીધું છે કે ફક્ત તે લોકો જ ટકી શકશે જેઓ પાયાથી જોડાયેલા રહેશે અને પાયાના સ્તરેથી પરિણામો લાવી બતાવશે. તેથી, સરકાર માટે લોકોની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ રહેવું ખૂબ જ જરૂરી છે.




## સુધારાનો ઉલ્લેખ

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે પહેલાંના સમયમાં એવા સુધારા કરવામાં આવતા હતા કે જેને કરવા અનિવાર્ય હોય. આજે સુધારાઓ મજબૂત વિશ્વાસ સાથે કરવામાં આવી રહ્યા છે. આપણે ઘણા સમયથી સાંભળી રહ્યા છીએ કે ન્યાયમાં વિલંબ એ ન્યાયનો ઇનકાર છે, પરંતુ આને કેવી રીતે ઠીક કરવું તે અંગે કોઈ ચર્ચા થઈ નથી. જૂના કાયદાઓનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે થોડા સમય પહેલાં સુધી જે દંડ સંહિતા અમલમાં હતી તે 1860માં બનાવવામાં આવી હતી. આપણે ગુલામીની માનસિકતા સાથે જીવવા ટેવાયેલા હતા. જે વ્યવસ્થાના મૂળમાં જ સજા હોય ત્યાં ન્યાય કેવી રીતે મળી શકવાનો હતો? તેથી, આ વ્યવસ્થાને કારણે ન્યાય મેળવવામાં ઘણા વર્ષો લાગી જતા હતા. અમે તેના બદલે ભારતીય ન્યાયિક સંહિતા અમલમાં લાવ્યા છીએ. આની પાછળ સખત મહેનત કરવામાં આવી છે.

પીએમ મોદીએ કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રના એક અભ્યાસમાં, કોઈ દેશના લોકો પાસે મિલકતના અધિકારો ન હોવા તેને એક મોટો પડકાર માનવામાં આવ્યો છે. ભારતમાં પણ આવી જ સ્થિતિ હતી, પણ આટલી માથાકૂટ કોણ સહન કરે? આના માટે સ્વામિત્વ યોજના શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત દેશના 3 લાખથી વધુ ગામડાઓનો ડ્રોન દ્વારા સર્વે કરવામાં આવ્યો છે. 2.25 કરોડથી વધુ લોકોને પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવ્યા છે. પીએમ મોદીએ કહ્યું હતું કે જે જિલ્લાઓને પછાત માનીને બાકાત રાખવામાં આવ્યા હતા તેમને અમે મહત્વાકાંક્ષી જિલ્લાઓ તરીકે ગણ્યા. આવા 100 જિલ્લાઓના 500 તાલુકાઓને મહત્વાકાંક્ષી જાહેર કરવામાં આવ્યા હતા અને ત્યાં પાયાના સ્તરેથી પરિવર્તન લાવવામાં સફળ રહ્યા છીએ.

સંમેલનમાં હાજર રહેલા તમામ ઉદ્યોગપતિઓને અપીલ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે વિકસિત ભારતનો વાસ્તવિક પાયો વિશ્વાસ પર ટકેલો છે. દરેક દેશવાસી, દરેક સરકાર, દરેક બિઝનેસ લીડરમાં આ તત્વ હોવું ખૂબ જ જરૂરી છે. સરકાર પોતાના તરફથી દેશવાસીઓમાં આત્મવિશ્વાસ વધારવા માટે પોતાની બધી તાકાતથી કામ કરી રહી છે. વ્યવસાયથી લઈને નવા ઉદ્યોગસાહસિકોના હિત સુધી, સરકાર પોતાના તરફથી આ દિશામાં કામ કરી રહી છે. ■

# કૌશલ્ય ભારત કાર્યક્રમ બે વર્ષ સુધી લંબાવાયો



***દુનિયાભરમાં માંગ વધી રહી છે, ત્યારે કૌશલ્યવાન શ્રમબળ એ એક પૂર્વશરત છે. આજ કારણ છે કે, 2014માં પહેલીવાર, દેશના યુવાનોને કૌશલ્યવાન બનાવવા માટે કોઈ સરકારે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા માટે એક અલગ મંત્રાલયની રચના કરી હતી. અત્યાર સુધીમાં 2.27 કરોડથી વધુ યુવાનોએ કૌશલ્ય ભારત કાર્યક્રમનો લાભ લીધો છે. હવે કેન્દ્ર સરકારે તેની મુદત 2026 સુધી લંબાવવાની મંજૂરી આપી છે...***

**નિર્ણય: કૌશલ્ય ભારત કાર્યક્રમનું પુનર્ગઠન.**

**અસર:** કેન્દ્રીય મંત્રીમંડળે 2026 સુધી સ્કીલ ઈન્ડિયા એટલે કે કૌશલ્ય વિકાસ કાર્યક્રમ ચાલુ રાખવાની મંજૂરી આપી છે. તેના પુનર્ગઠન માટે 8,800 કરોડ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે હવે 'કૌશલ્ય ભારત કાર્યક્રમ'ની એકંદર કેન્દ્રીય ક્ષેત્ર યોજના હેઠળ પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના 4.0, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ પ્રોત્સાહન યોજના અને જન શિક્ષણ સંસ્થાન યોજનાનું વિલિનીકરણ કરી દીધું છે. આનાથી સમગ્ર દેશમાં કૌશલ્યવાન, માંગ આધારિત અને ટેકનોલોજીની દષ્ટિએ સક્ષમ ઉદ્યોગો માટે ભવિષ્ય માટે સુસજ્જ કાર્યબળ તૈયાર કરવામાં મદદ મળશે.

**નિર્ણય: રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગનો કાર્યકાળ હવે 31 માર્ચ 2028 સુધી લંબાવાયો.**

**અસર:** કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગનો કાર્યકાળ 31 માર્ચ, 2028 સુધી ત્રણ વર્ષ માટે લંબાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આનાથી સફાઈ કામદારોના સામાજિક-આર્થિક ઉત્કર્ષને સરળ બનાવવામાં, સફાઈ ક્ષેત્રમાં કામ કરવાની પરિસ્થિતિઓમાં સુધારો કરવામાં અને જોખમી સફાઈ કાર્યો કરતી વખતે શૂન્ય મૃત્યુ દરના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ મળશે. આ માટે લગભગ 50.91 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ અધિનિયમ, 1993નો અમલ સપ્ટેમ્બર, 1993માં કરવામાં આવ્યો હતો. સફાઈ કર્મચારીઓ માટે એક વૈધાનિક રાષ્ટ્રીય આયોગની રચના સૌપ્રથમ ઓગસ્ટ, 1994માં કરવામાં આવી હતી.

**નિર્ણય: વિશાખાપટ્ટનમમાં પ્રસ્તાવિત સાઉથ કોસ્ટ રેલવે ઝોનની રચના માટેના પ્રસ્તાવને મંજૂરી.**

**અસર:** આ ઝોનમાં વાલ્ટેર ડિવિઝનને નાનું કરીને સામેલ કરવામાં આવ્યું છે. આ રેલવેનો 18મો ઝોન હશે. રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાની દિશામાં આ એક મોટું પગલું છે. આ નિર્ણય આંધ્રપ્રદેશ પુનર્ગઠન અધિનિયમ હેઠળ લેવામાં આવ્યો છે. આ સંસદ દ્વારા કરવામાં આવેલી પ્રતિબદ્ધતાને પણ પૂર્ણ કરે છે. આ ઝોન દ્વારા રેલવેની કામગીરીમાં સુધારો થશે. સેવાઓમાં સુધારો થશે અને પ્રાદેશિક જોડાણ મજબૂત થશે. ■



PMO India
@PMOIndia

Our Government has worked to create maximum opportunities for people from SC, ST and OBC Communities.



रक्षा मंत्री कार्यालय/ RMO India
@DefenceMinIndia

Aero India 2025 का समापन हो रहा है। परन्तु मैं समझता हूँ, कि Aero India जैसे Exhibitions का Physically भले ही समापन हो जाए, लेकिन इसका Impact कभी खत्म नहीं होता। यह समारोह भले ही समाप्त हो रहा है, लेकिन यह जिस तरह से देश-विदेश के Participants को एक साथ जोड़ रहा है, जिस तरह से Public-private Sector के Collaboration को Ensure कर रहा है, जिस तरह से नई Generations को Inspire कर रहा है, मुझे लगता है, इसका Impact बहुत लंबे समय तक रहेगा: रक्षा मंत्री



Amit Shah
@AmitShah

नक्सल मुक्त भारत बनाने की दिशा में सुरक्षा बलों ने छत्तीसगढ़ के बीजापुर में बड़ी सफलता हासिल की है। इस ऑपरेशन में 31 नक्सलियों को ढेर करने के साथ ही भारी मात्रा में हथियार और विस्फोटक सामग्री भी बरामद की गयी है।



Nitin Gadkari
@nitin_gadkari

Triumph for India! 🏏🏆

Heartiest congratulations to the Indian Women's Cricket Team for their phenomenal T20 #U19WorldCup victory! 🇮🇳

An inspiring showcase of grit, unity, and relentless spirit. The entire nation beams with pride! 👏



Shandilya Giriraj Singh
@girirajsinghbjp

BharatTex2025 जहाँ फैब्रिक से फ्यूचर तक, ट्रेड, ट्रेडिशन और टेक्नोलॉजी का महासंगम होगा! मेक इन इंडिया की ताकत, वोकल फॉर लोकल का संकल्प और सस्टेनेबिलिटी की नई लहर के साथ पूरी टेक्सटाइल वैल्यू चेन मिलकर आत्मनिर्भर भारत के सपने को साकार करेगी! 14 से 17 फरवरी तक आयोजित भारत के सबसे बड़े ग्लोबल टेक्सटाइल महाकुंभ का हिस्सा बनें और टेक्सटाइल उद्योग की नई उड़ान के साक्षी बनें!



Jyotiraditya M. Scindia
@JM_Scindia

प्रधानमंत्री श्री @narendramodi जी के नेतृत्व में पहली बार ऐसी सरकार आई है जिसने आदिवासी समाज के केवल गांव नहीं बल्कि घर-घर के समावेशी विकास की भी योजना बनायी है।



द्विपक्षीय संबंध: अमरीका पहुंचे पीएम मोदी, टैरिफ पर दुनिया की नजर

**राष्ट्रपति ट्रंप से पहले पीएम मोदी की मस्क और रामास्वामी से अहम बैठक**

तुलसी गबार्ड से कई पहलुओं पर चर्चा

इसलिए अहम है मोदी की यात्रा

वार्ता के केंद्र में टैरिफ पर चर्चा

मोदी-मैक्रों ने संबंधों को और मजबूत करने पर जोर

**एआई, ऊर्जा क्षेत्र में सहयोग पर सहमति**

प्रधानमंत्री ने भारत में निवेश का न्योता दिया

**भारत-फ्रांस संबंधों में एक नया अध्याय शुरू करेगा मार्सिले का वाणिज्य दूतावास : मोदी**

भारत में स्कॉर्पीन पनडुब्बियों के निर्माण की समीक्षा, रक्षा सहयोग की भी हुई समीक्षा

मोदी ने मार्जग्स युद्ध कब्रिस्तान में सावरकर समेत भारतीय बलिदानियों को दी श्रद्धांजलि

भारतीय प्रवासियों ने गर्मजोशी से किया स्वागत

**मिलकर परमाणु पेशेवरों को प्रशिक्षण देंगे भारत और फ्रांस**

परीक्षा पे चर्चा 2025

**बाहरी दिखावे से नहीं बन सकते सच्चे लीडर खुद के व्यवहार को बदलना जरूरी : मोदी**


बच्चों के दिल को छू गईं पीएम की बातें

**पीएम मोदी का निवेशकों को न्योता, कहा-ऊर्जा क्षेत्र में अनेक संभावनाएं**

इंडिया एनर्जी वीक : पीएम बोले-हमारा लक्ष्य 2030 तक सालाना 5 एमएमटी हरित हाइड्रोजन का उत्पादन करना

# વિશ્વ વન્યજીવ દિવસ | વિવિધતાનો ઉત્સવ

3 માર્ચ




**106** રાષ્ટ્રીય ઉદ્યાન | **573** અભ્યારણ્ય

- 343 સંરક્ષિત અને કમ્યુનિટી રિઝર્વ
- 1,78,640.69 ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ

- 22 લુપ્તપ્રાય પ્રજાતિઓનું સંરક્ષણ અને પુનર્વસન
- હમ્પબેક વ્હેલ ▪ સ્નો લેપર્ડ ▪ હંગુલ ▪ સાંગાઈ હરણ ▪ દરિયાઈ કાચબા ▪ બસ્ટર્ડ ▪ લાલ પાંડા ▪ નિકોબાર મેગાપોડ ▪ જેડર્ન કોરસર ▪ કારાકલ સહિત તેમાં 22 જીવો છે.

"*વિશ્વ વન્યજીવ દિવસ નિમિત્તે તમામ પ્રાણી પ્રેમીઓને અભિનંદન. આજનો દિવસ આપણી ધરતી પરના જીવનની અદ્ભુત વિવિધતાની ઉજવણી કરવાનો અને તેમના રક્ષણ માટેની આપણી પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરવાનો અવસર છે. હું એવા તમામ લોકોની પણ પ્રશંસા કરું છું કે જેઓ વન્યજીવોના સંરક્ષણ માટેના નિરંતર પ્રયાસોમાં સૌથી આગળ રહે છે અને સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*"




ન્યૂ ઈન્ડિયા **સમાચાર** પાક્ષિક

**RNI No. : DELGUJ/2020/78810 March 1-15, 2025**

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2023-25, WPP NO U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 26-28 advance Fortnightly (Publishing February 18, 2025, Pages - 48)

**Editor in Chief**
**Dhirendra Ojha**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Yogesh Kumar Baweja,**
Director General, on behalf of
**Central Bureau Of Communication**

**Published from:**
**Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at**
Chandu Press, 469, Patparganj Industrial Estate, Delhi 110 092

Gujarati